આઈપીએલ આજની મેચ
કોલકતા નાઈટરાઈડર્સ VS સનરાઈઝ હૈદાબાદ
સાંજે ૭:30 કલાકે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૩-૪-૨૦૨૫, ગુરૂવાર
વર્ષ: ૧૪, અંક : ૨૧

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

માણસો જોઈએ છે
હેલ્પર, વેલ્ડર, વાયરમેન,
પટાવાળા મજુર ટેકેદાર ડ્રાઈવર
હાજરી ૫૦૦ રહેવાની સગવડ
બેસન મીલ જુનો મોરબી રોડ
રાજેશ પંકજ બારદાનવાડી જુનુ
સીટી સ્ટેશન પાસે રાજકોટ.
દયાલદાલ - રાજકોટ

# મોદીની 'દોસ્તી' રંગ લાવી: ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફમાં ૨૬% 'ડિસ્કાઉન્ટ' જાહેર કર્યું

## ભારત ૫૨% ટેરિફ લગાવતું હોય સામે અમેરિકા તેનાથી અડધું ૨૬% ટેરિફ લગાવશે તેવી ટ્રમ્પની જાહેરાત

## યુએસ ટેરિફની અસર ભારતના ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઈલ, કૃષિ અને કાપડ ઉદ્યોગો પર વધુ થવાની સંભાવના

**અબતક, નવી દિલ્હી**

ઘણા અઠવાડિયા રાહ જોયા પછી, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આખરે ટેરિફની જાહેરાત કરી. હવે ભારતથી અમેરિકા જતા માલ પર ૨૬ ટકા ટેરિફ લાદવામાં આવશે. આ સાથે, ટ્રમ્પે અન્ય દેશો માટે નવા ટેરિફ દરો પણ જાહેર કર્યા. ટ્રમ્પે તેમની ''ફેર એન્ડ રિસિપ્રોકલ ટેરિફ'' નીતિ હેઠળ ભારત સહિત અનેક દેશો પર કહેવાતા ''ડિસ્કાઉન્ટેડ'' ટેરિફની જાહેરાત કરી. તેમણે ૨ એપ્રિલને મુક્તિ દિવસ તરીકે જાહેર કર્યો.

રોઝ ગાર્ડન ખાતે 'મેક અમેરિકન વેલ્થી અગેઈન' કાર્યક્રમમાં ટેરિફની જાહેરાત કરતી વખતે, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હું હમણાં જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યો છું, જે મારા ખૂબ સારા મિત્ર છે. તેઓ અમારી પાસેથી ૫૨% ચાર્જ લે છે અને અમે તેમની પાસેથી લગભગ કંઈ જ લેતા નથી.


અમેરિકાએ ભારત પર ૨૬% ટેરિફ લાદ્યો છે, જેને ટ્રમ્પે ''ડિસ્કાઉન્ટેડ'' ગણાવ્યો છે કારણ કે તે ભારત દ્વારા અમેરિકન માલ પર લાદવામાં આવતા સરેરાશ ૫૨% ટેરિફ કરતાં અડધો છે. આ ટેરિફ ૯ એપ્રિલ, ૨૦૨૫ થી અમલમાં આવશે, જ્યારે ૫ એપ્રિલથી બધા દેશો પર ૧૦% બેઝલાઈન ટેરિફ શરૂ થશે.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે ભારત મોટરસાયકલ જેવા અમેરિકન માલ પર ૫૨% અને ઓટોમોબાઈલ પર

(અનુ. આઠમા પાને)

### મેક્સિકો અને કેનેડા ટેરિફની યાદીમાંથી ગાયબ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની ''અમેરિકા ફર્સ્ટ ટ્રેડ પોલિસી'' હેઠળ નવા પ્રતિશોધાત્મક ટેરિફની જાહેરાત કરી છે. આ ટેરિફ આજથી અમલમાં આવ્યા છે. ટ્રમ્પની આ નીતિનો ઉદ્દેશ્ય અમેરિકન ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો અને વિદેશી વેપાર અસંતુલનને સુધારવાનો છે. જોકે, આ યાદીમાં અમેરિકાના બે સૌથી નજીકના વેપારી ભાગીદારો, કેનેડા અને મેક્સિકોનો સમાવેશ થતો નથી, જેનાથી ઘણા લોકો આશ્ચર્યચકિત થયા છે. અગાઉ ટ્રમ્પે આ બન્ને દેશોની આકરી ઝાટકણી કાઢી હતી પણ ટેરીફની યાદીમાં આ બન્ને દેશો ગાયબ છે.




### ક્યાં દેશ ઉપર કેટલો ટેરિફ ઝીંકાયો

- ચીન પર ૩૪% ટેરિફ, પહેલાથી જ અસ્તિત્વમાં રહેલા ૨૦% ટેરિફ ઉપરાંત વધારાનો ટેરીફ નિકાસ અટકાવશે.
- વિયેતનામ પર ૪૬% ટેરિફ લાદવાથી નિકાસ (જીડીપીના ૨૫%) પર ભારે અસર પડશે.
- સૌથી વધુ ટેરિફ ધરાવતો દેશ કંબોડિયા પર ૪૯% ટેરિફ લાદવામાં આવશે, જે નાના અર્થતંત્ર માટે મોટો ફટકો હશે.
- શ્રીલંકા ઉપર ૪૪% ટેરીફ, હવે કાપડ અને કૃષિ નિકાસ પર અસર પડશે.
- તાઈવાન પર ૩૨% ટેરિફ, તેની અસર ટેકનોલોજી ક્ષેત્ર પર વધુ પડશે.
- ઈન્ડોનેશિયા પર ૩૨% ટેરિફ, ઓટોમોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર પ્રભાવિત થશે.
- થાઈલેન્ડમાં ૩૬% ટેરિફ, મોટરસાયકલ પર ૬૦% ટેરિફ હોવાથી ઓટો સેક્ટર પર દબાણ આવશે.
- દક્ષિણ કોરિયા પર ૨૫% ટેરિફ, ઓટોમોબાઈલ નિકાસ ઘટી શકે છે.
- જાપાન પર ૨૪% ટેરિફ, ઓટો અને ઈલેક્ટ્રોનિક્સ પર અસર
- યુનાઈટેડ કિંગડમ પર ૧૦% ટેરિફ, મર્યાદિત અસર
- બ્રાઝિલ પર ૧૦% ટેરિફ, કૃષિ અને સ્ટીલને અસર કરશે.
- દક્ષિણ આફ્રિકા પર ૩૦% ટેરિફ, ખાણકામ ક્ષેત્રને અસર
- સ્વિટ્ઝર્લેન્ડ પર ૩૧% ટેરિફ, ફાર્માસ્યુટિકલ અને ઘડિયાળ ઉદ્યોગોને અસર કરશે
- સિંગાપોર પર ૧૦% ટેરિફ, ટેકનોલોજી નિકાસ પર થોડી અસર

# બહુ થયું હવે વક્ફમાં ''પારદર્શિતા'' નક્કી: લોકસભાએ ૨૮૮-૨૩૨ મતથી બીલ પાસ કર્યું

## લોકસભામાં બિલ પાસ થતાં હવે તેને રાજ્યસભામાં રજૂ કરાયુ, બિલ પસાર થયા બાદ રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુને મોકલવામાં આવશે તેની મંજૂરી મળતા જ વક્ફ બિલ ૨૦૨૫ કાયદો બની જશે: ટીડીપી, જેડીયુ, એલજેપી સહિતના પક્ષોના સમર્થનથી બિલનો માર્ગ મોકળો થયો

### રાજ્યસભામાં વક્ફ બિલ પર ચર્ચા

રાજ્યસભામાં વક્ફ બિલ પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. કર્ણાટકના કોંગ્રેસના સાંસદ ડો. સૈયદ નાસીર હુસૈન દ્વારા ચર્ચા શરૂ કરવામાં આવી છે. ૧૯૯૫ના બિલ અને ૨૦૧૩ના સુધારા અંગે લોકસભામાં ગૃહમંત્રીના નિવેદનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, 'હું તેમને પૂછવા માંગુ છું કે તમે ત્યારે આ બિલને કેમ સમર્થન આપ્યું. ૨૦૧૩ના સુધારાને શા માટે સમર્થન આપવામાં આવ્યું? ૨૦૦૯ની ચૂંટણીમાં, ભાજપે પોતે જ પોતાના મેનિફેસ્ટોમાં કહ્યું હતું કે તે રહેમાન ખાન સમિતિના અહેવાલની તપાસ કરશે. આ સમિતિ અને સચ્ચર સમિતિના અહેવાલના આધારે ૨૦૧૩નું બિલ રજૂ કરવામાં આવ્યું હતું. જો આ કોઈ સમુદાયને ખુશ કરવા માટેનું બિલ હતું તો તમે તેને કેમ ટેકો આપ્યો?



**અબતક, નવી દિલ્હી**

હવે વક્ફમાં ''પારદર્શિતા'' નક્કી જ છે કેમ કે વકફ સંશોધન બિલ લોકસભામાં પસાર થઈ ગયું છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મોડી રાત્રે ૧.૫૬ વાગ્યે આ જાહેરાત કરી હતી. બિલના પક્ષમાં ૨૮૮ મત પડ્યા, જ્યારે તેની વિરુદ્ધમાં ૨૩૨ મત પડ્યા હતા. હવે તેને રાજ્યસભામાં મોકલવામાં આવશે. ભાજપના ગઠબંધન સાથી પક્ષોએ આ બિલને ખુલ્લેઆમ ટેકો આપ્યો હતો. જોકે, વિપક્ષે આ બિલનો વિરોધ કર્યો હતો. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે લઘુમતીઓ માટે ભારતથી વધુ સુરક્ષિત જગ્યા દુનિયામાં કોઈ નથી અને તેઓ

(અનુ. આઠમા પાને)

### વક્ફ બીલનો વિરોધ કરવા મુસ્લિમ પર્સનલ બોર્ડ મેદાને!!!

ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના બેનર હેઠળ વક્ફ (સંશોધન) બિલ સામે વિરોધમાં અલગ-અલગ મુસ્લિમ સંગઠનોના પ્રમુખ અને રાજકીય પાર્ટીના સાંસદ અને વરિષ્ઠ નેતાઓ મેદાને આવ્યા છે અને વિરોધ કરી રહ્યા છે જેમાં પ્રસ્તાવિત સુધારા લાગુ કરવાથી વક્ફ બોર્ડના કામકાજમાં સરકારની દખલગીરી વધશે, જેને લીધે મુસ્લિમોની ધાર્મિક બાબતો પ્રભાવિત થશે તેમજ મુસ્લિમ સમુદાયની સ્વતંત્રતા પર પણ અસર થશે અને તેમના અધિકારો નબળા પડશે. પોતાની સંપત્તિ સ્વેચ્છાએ વક્ફને દાન કરવાના મુસ્લિમ વ્યક્તિના હક પર પ્રતિકૂળ અસર પડશે.હિન્દુ મંદિરો અને ટ્રસ્ટોના બોર્ડમાં બિન-હિંદુઓને સ્થાન નથી મળતું, તો પછી વક્ફમાં બિન-મુસ્લિમોને પ્રવેશ આપવાનો આગ્રહ કેમ? - એવો પ્રશ્ન મુસ્લિમો કરી રહ્યા છે.

# કેન્દ્રની સાથે રાજ્યની તિજોરી પણ છલોછલ!!! રૂ.૭૩,૨૮૧ કરોડની આવક સાથે રાજ્યની તિજોરીમાં ગત વર્ષ કરતાં ૧૪% વધુ કરમ

## પાછલા નાણાકીય વર્ષની રૂ.૬૪,૧૩૩ કરોડની આવક આ વર્ષે રૂ.૭૩,૨૮૧ કરોડે પહોંચી

**અબતક, રાજકોટ**

જીએસટી કરમાંથી દેશને સારી આવક મળી છે, આ સાથે જ રાજ્યની તિજોરી પણ છલોછલ થઈ છે. રાષ્ટ્રીય સ્તરે ૯.૪% તો ગુજરાતની ૨૦૨૪-૨૫ આવકમાં ૧૪% નો ઉછાળો થયો છે. રાજ્યના વાણિજ્યિક કર વિભાગે જાહેરાત કરી હતી કે રાજ્યએ જીએસટી હેઠળ રૂ. ૭૩,૨૮૧ કરોડની વસૂલાત કરી છે, જે પાછલા નાણાકીય વર્ષમાં રૂ. ૬૪,૧૩૩ કરોડથી નોંધપાત્ર વધારો છે.

માર્ચ ૨૦૨૫માં જ ગુજરાતનો મહેસૂલ સંગ્રહ ૧૦,૩૩૫ કરોડ રૂપિયા રહ્યો હતો, જેમાં જીએસટીમાંથી ૬,૧૯૩ કરોડ રૂપિયા, મૂલ્યવર્ધિત કરમાંથી ૨,૭૯૩ કરોડ રૂપિયા, વીજળી બિલમાંથી ૧,૩૨૫ કરોડ રૂપિયા અને વ્યવસાય કરમાંથી ૨૪ કરોડ રૂપિયા માંથી આવક નોંધાવી હતી.

જીએસટી ઉપરાંત, ગુજરાતે મૂલ્યવર્ધિત કરમાંથી રૂ. ૩૩,૮૯૬ કરોડ, વીજળી બિલમાંથી રૂ. ૧૧,૭૪૧ કરોડ અને વ્યવસાય કરમાંથી રૂ. ૨૬૧ કરોડની આવક પણ કરી, જેનાથી રાજ્યની કુલ

(અનુ. આઠમા પાને)

# સ્તન કેન્સર શા માટે જીવલેણ?? ૪૫+ની ૧૦૦ એ ૧ જ મહિલા મેમોગ્રાફી ટેસ્ટ કરાવે છે!!!

## ૪૦ કે તેથી વધુ ઉંમરની સ્ત્રીઓએ ઓછામાં ઓછા બે વર્ષમાં એક વાર સ્ક્રીનીંગ કરાવવું જરૂરી!!

**અબતક, રાજકોટ**

જીવલેણ બીમારી કેન્સરનું નામ સાંભળતા જ બીક લાગે. ખાસ કરીને મહિલાઓમાં સ્તન કેન્સરનું પ્રમાણ વધ્યું છે. જેની પાછળનું એક કારણ એ પણ છે કે લોકોમાં જાગૃતિનો અભાવ છે સ્તન કેન્સર અંગેની તપાસ કરાવવાની નિષ્ફળતાને કારણે આ રોગ અંગે મોડી જાણ થતા તેની સારવાર કરવી વધુ કઠિન બની જાય છે. પરંતુ જો અગાઉ તપાસ કરવામાં આવે તો પહેલા, બીજા સ્ટેજ પર જ યોગ્ય નિદાન શક્ય છે. પરંતુ ૪૫ થી વધુ ઉંમરની ૧૦૦ મહિલાએ માત્ર એક જ સ્તન કેન્સર અંગે તપાસ કરાવે છે.

નિયમિત આરોગ્ય તપાસ જીવન બચાવી શકે છે, જેમ કે ૪૬ વર્ષીય શીતલ ઠાકુરના પ્રારંભિક નિદાન થયેલા સ્તન કેન્સરની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી હતી. આવા ફાયદા હોવા

(અનુ. આઠમા પાને)

# ''હરિદ્વાર નગરી'' કસાઈ ખાના અને માસની દુકાનોથી મુક્ત!!!

## કસાઈની તેમજ માંસ-મટનની દુકાનોને ટૂંક સમયમાં મ્યુનિસિપલ હદની બહાર ખસેડવામાં આવશે: હાલ ૧૦૦ થી વધુ દુકાનો કાર્યરત

**અબતક, રાજકોટ**

હિમાલયની તળેટીમાં વસેલું હરિદ્વાર, એક પવિત્ર શહેર છે. જ્યાં હિન્દુઓની આસ્થા સૌથી વધુ જોડાયેલી છે. હિન્દુ ધર્મના સાત સૌથી પવિત્ર શહેરોમાંના એક તરીકે, હરિદ્વાર દર વર્ષે લાખો ભક્તો અને યાત્રાળુઓને આકર્ષે છે, એમાં પણ પવિત્ર ગંગા નદી લોકોની આસ્થા સાથે જોડાયેલું સૌથી મોટું સ્થળ છે. જીવનમાં એક વખત લોકોની ઈચ્છા હોય છે કે પવિત્ર ગંગા નદીમાં સ્નાન કરવું. ત્યારે હરિદ્વાર શહેર સીમાની અંદર કસાઈ ખાના અને માસની દુકાનોથી લોકોની લાગણીઓ દુભાતી હોય છે ત્યારે તે અંગે હરિદ્વાર નગરપાલિકા દ્વારા લોકોની લાગણીને ધ્યાનમાં રાખી એક સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે.

હરિદ્વાર મ્યુનિસિપલ વિસ્તારમાં કાર્યરત તમામ કસાઈની દુકાનો તેમજ માંસ-મટનની દુકાનોને ટૂંક સમયમાં મ્યુનિસિપલ હદની બહાર ખસેડવામાં આવશે, કારણ કે અધિકારીઓ ગયા વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પસાર કરાયેલા ઠરાવનો અમલ શરૂ કરશે. હાલમાં, હરિદ્વાર મ્યુનિસિપલ વિસ્તારમાં, મુખ્યત્વે જ્વાલાપુર અને જગજીતપુરમાં, લગભગ ૧૦૦ કસાઈની દુકાનો કાર્યરત છે, જેમાં ફક્ત થોડા જ લોકો માન્ય લાઈસન્સ ધરાવે છે. હરિદ્વાર શહેરનો બાકીનો ભાગ નિયુક્ત

(અનુ. આઠમા પાને)

# લગ્નનું 'વચન ભંગ' બળાત્કારમાં પરિવર્તિત થાય નહિ!!!

## જો આ પ્રકારના કિસ્સાને દુષ્કર્મ ગણવામાં આવે તો યુવક-યુવતીઓ વચ્ચેના સંબંધ સજાપાત્ર બની જશે: સુપ્રીમ કોર્ટ

**અબતક, રાજકોટ**

લાંબા સમય સુધી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી સ્ત્રી તેના લિવ-ઈન પાર્ટનર પર લગ્નનું ખોટુ વચન આપી શારીરિક સંબંધ બાંધવા મામલે બળાત્કારનો આરોપ લગાવી શકતી નથી તેવો અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. અદાલતે બુધવારે લગ્નના ખોટા વચનનો ઉલ્લેખ કરીને બળાત્કારના કેસ દાખલ કરવાના વધતા વલણનો મુદ્દો ઉઠાવ્યો હતો.



એક પુરુષે સગાઈ કરેલી સ્ત્રી દ્વારા તેના પર લગાવવામાં આવેલા બળાત્કારના આરોપોને રદ કરવાની માંગ કરતી અરજીની સુનાવણી કરતી વખતે ન્યાયાધીશ એમ એમ સુંદરેશ અને રાજેશ બિંદલની બેન્ચે આ મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું હતું કે, સંબંધ તોડવાથી બળાત્કારના કેસ ન થવા જોઈએ. મહિલાએ દલીલ કરી કે લગ્નના ખોટા બહાને તેણી સાથે શારીરિક સંબંધ બાંધવામાં આવ્યો હતો.

જો તમે એટલા ભોળા હોત, તો તમે અમારી સામે ન હોત. તમે પુખ્ત વયના હતા, એવું ન હોઈ શકે કે તમને એવું માનીને છેતરવામાં આવ્યા હોય કે તમે લગ્ન કરી શકશો. આ ટિપ્પણી સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવી હતી. વધુમાં બેંચે કહ્યું હતું કે, આજે નૈતિકતા, સદ્ગુણોનો ખ્યાલ યુવાન લોકો સાથે અલગ છે. જો અમે તમારી સાથે સંમત થઈએ તો કોલેજમાં છોકરા

(અનુ. આઠમા પાને)

# બેદરકારી કે બેવકૂફીની પણ ''હદ'' વટાવી!!! રિલાયન્સ ''જીઓ''ને ૧૦ વર્ષ સુધી બિલ ન મોકલતા બીએસએનએલને અધધ...રૂ.૧૭૫૭ કરોડની નુકશાની!!!

## ભારત સંચાર નિગમ લિમિટેડને ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઈડર્સને ચૂકવવામાં આવતા મહેસૂલ હિસ્સાની ફીનો એક ભાગ કાપવામાં નિષ્ફળ જવાથી અન્ય રૂ.૩૮.૩૬ કરોડનું પણ નુકસાન ભોગવવું પડયું

**અબતક, નવી દિલ્હી**

રિલાયન્સ ''જીઓ''ને ૧૦ વર્ષ સુધી બિલ ન મોકલતા બીએસએનએલને અધધ...૧૭૫૭ કરોડની નુકશાની વેઠવી પડી છે.૧૦ વર્ષ સુધી બિલ ન મોકલતા હવે આને બેદરકારી કે બેવકૂફી નહિ તેની પણ ''હદ'' વટાવી છે કેમકે બીએસએનએલ પહેલીથી જ નુકશાનીમાં ચાલી રહ્યું છે.કેગના રિપોર્ટ મુજબ બીએસએનએલએ રિલાયન્સ જીઓ સાથે ટાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેર કરવા પર ૧૦ વર્ષ સુધી કોઈ વસૂલાત કરી નથી, જેના કારણે સરકારને ૧,૭૫૭.૫૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

કેગએ વધુમાં જણાવ્યું હતુ કે, ભારત સંચાર નિગમ લિમિટેડ ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઈડર્સને ચૂકવવામાં આવતા મહેસૂલ હિસ્સામાંથી લાઈસન્સ ફીનો એક ભાગ કાપવામાં નિષ્ફળ ગઈ જેના કારણે સરકારી કંપનીને ૩૮.૩૬

(અનુ. આઠમા પાને)

# સ્પોટેડ ડિયર "ચિત્તળ": હરણ કુળનું સૌથી રૂપકડું પ્રાણી

## પર્વતાળ-ડુંગરાળ અને ખડકાળ વિસ્તાર સાથે વૃક્ષાચ્છાદિત વિસ્તાર તેમનું નિવાસ સ્થાન છે: હરણ સૌથી શરમાળ અને નાજુક હોવાની સાથે ખૂબ જ ઝડપી દોડી શકે છે: હિંસક પ્રાણીથી તેમને સતત ખતરો રહેતો હોવાથી તે હંમેશા સજાગ રહે છે: આજે વિશ્વમાં હરણની ૧૦૦ થી વધુ પ્રજાતિઓ જોવા મળે છે



ઘર આંગણના પશુ-પંખી સાથે આપણને જંગલ વિસ્તારોમાં વિવિધ પ્રજાતિના પ્રાણીઓ જોવા મળે છે. સિંહ, વાઘ, દિપડા, ચિત્તા સાથે વિવિધ જાતના હરણ જંગલની શાન હોય છે. તે જોવાની બહુ જ મજા આવે છે. દોડતાને કુંદતા હરણના ટોળા જોવા એ કુદરતનો ભવ્ય નજારો છે. પાતળા પગને નાનકડી પૂંછડી સાથે માથે શિંગડાથી સુંદર દેખાવ હરણનો હોય છે.

હરણ પ્રજાતિમાં ચિત્તળ-સ્પોટેડ ડિયર એ હરણ કુળનું સૌથી સુંદર પ્રાણી છે. ચાર શિંગડાવાળા સાબર કે ચોશિંગા હરણ જયારે હવે આપણાં ગુજરાતમાં લુપ્ત થવાના આરે ઉભા છે. તેનો પીઠનો ભાગ લાલાશ પડતા ભુખરા રંગનો અને પીઠ નીચે સફેદ કલર જોવા મળે છે. આ કુળના હરણમાં નરને શિંગડા હોય છે.

માદા કે જેને આપણે હરણી કહીએ છીએ તેને શિંગડા હોતા નથી.

માદા ચોસિંગા આમેય સાબરથી અલગ પડતા જોવા મળે છે. હરણ-સાબર કાળિયાર ગૃપનું સૌથી શરમાળ અને નાજુક પ્રાણી છે. હરણ હંમેશા પાંચ કે છ ના જૂથમાં જોવા મળે છે. હિંસક પ્રાણીથી તેમને ખતરો હોવાથી તે હંમેશા સજાગ રહે છે. તેની ઝડપ શિકારી પ્રાણી કરતાં વધારે હોય છે, પણ શિકારી પ્રાણી જૂથમાં હોવાથી તે ગમે તે એકને ટાર્ગેટ કરીને આ ભોળા હરણને સપડાવી દે છે. હરણ પર્વતાળ-ડુંગરાળ અને ખડકાળ વિસ્તારો સાથે વૃક્ષાચ્છાદીત વિસ્તારમાં વધુ જોવા મળે છે.

ચિત્તળ હરણ સોનેરી ભુખરા રંગનું હોય અને આખા શરીર ઉપર સફેદ રંગના ટપકાં જોવા મળે છે. ૬૦ થી ૯૦ કિલો વજન ધરાવતા આ હરણની ઊંચાઇ ૬૫ થી ૯૦ સેમી. જેટલી જોવા મળે છે નર ને રક્ષણ માટે આપેલા આ શિંગડા ઘણી ઝાડી, ઝાંખરામાં ભરાઇ જવાથી તેને ઘણીવાર મુશ્કેલી ઉભી કરે છે. હરણના શિંગડા દર વર્ષે ખરી જાય છે ને નવા ઉગતા શિંગડા ખૂબ જ કઠણ થતા જાય છે. સામાન્ય રીતે આ હરણ ૧૦ થી ૩૦ ના ટોળામાં જોવા મળે છે. હરણ સવાર અને સાંજે ચારો ચરવા જંગલ આસપાસના ખેતરોમાં વધુ જોવા મળે છે. હરણ જંગલના અન્ય પ્રાણીઓ જેવા કે વાંદરા વિગેરે સાથે હળી મળીને રહેતું સસ્તનધારી-તુણભક્ષી પ્રાણી છે. તે દેખાવે ખૂબ જ આકર્ષક લાગે છે. આપણા પૌરાણિક ગ્રંથમાં ઋષીઓના આશ્રમમાં તે અવશ્ય જોવા મળે છે. હરણ રાત્રે વિશાળ જૂથમાં આરામ કરતું વધુ જોવા મળે છે. તે બિલાડી કુળના મોટા પ્રાણીઓ સિંહ, દિપડાં કે ચિત્તાનો મુખ્ય ખોરાક છે. તેમની સાબર પ્રજાતિનું વજન ૨૨૫ થી ૩૦૦ કિલો જેટલું હોય છે.



પાંચ ફૂટની ઉંચાઇ ધરાવતું સાબર હરણનો રંગ આછો પીળો ભૂખરો સાથે નીચેનો ભાગ આછો ભૂખરો જોવા મળે છે. સાબરના શિંગડાને વિવિધ પ્રશાખાઓ હોય છે. તે આછા જંગલો સાથે પાનખર જંગલોનું રહેવાસી પ્રાણી છે. આપણે ત્યાં ડાંગ, સાસણ-ગીર તેમજ શુલપાણેશ્વરના જંગલોમાં વધુ જોવા મળે છે. તેમનો મુખ્ય આહાર ઘાસ, પાંદડાઓ સાથે વિવિધ જાતનાં જંગલી ફળો છે. તે ખૂબ જ સારૂ તરી શકે છે. પાણીમાં તરતી વખતે માથુ અને પીઠ પાણીની બહાર દેખાય તેવી રીતે તરંતુ જોવા મળે છે. તે સાંતાકલોસનું પ્રિય પ્રાણી છે. તેના દરેક ચિત્ર-વાતોમાં હરણ આવે જ સાથે આપણી મોટાભાગની બાળવાર્તામાં ભોળા હરણોની વાત આવે જ છે. આજે વિશ્વમાં ૧૦૦ થી વધુ હરણની જાતો જોવા મળે છે. વનસ્પતિ આહારી જંગલી પ્રાણીઓમાં નિર્દોષ અને રૂપકડું સુંદર પ્રાણી હરણ છે. આપણા દેશમાં મૃગ-કાળિયાર-ચિંકારા-સાબર જેવા વિવિધ હરણો જાણીતા છે.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

## દુનિયાનું સૌથી મોટું હરણ 'આફ્રિકન બોંગો'

વિશ્વભરમાં હરણની સો થી વધુ પ્રજાતિઓ જોવા મળે છે. તે ખૂબ જ બિકણ પ્રાણી છે, પણ ચબરાક ઘણું હોવાથી તે ઘણીવાર શિકારી પ્રાણીના હાથમાંથી છટકી જાય છે. દુનિયાનું સૌથી મોટું હરણ આફ્રિકાના ઘાસના મેદાનોમાં જોવા મળતુ 'બોંગો' છે. એકથી દોઢ મીટરના ઉંચા અને બે થી ત્રણ મીટર લાંબા જોવા મળે છે. તે ઘાસના મેદાન અને ઝાડીઓમાં છુપાઇને રહેવા ઉપરાંત તેની રૂંવાટી કેસરી કલરની હોય છે. શરીર ઉપર તેમને ૧૦ થી ૧૫ સફેદ પટ્ટા ઝિબ્રા જેવા હોય છે. આને કારણે તે જંગલમાં સહેલાયથી છુપાય જાય છે. બોંગોના કાન અને જીભ બહુ લાંબા હોવા ઉપરાંત તેનું શરીર ખૂબ જ કદાવર હોય છે. તે ઘણો ખોરાક ખાય છે. જેના પાચન માટે કુદરતે તેને ચાર હોજરી આપી છે. આ હરણ જરાક ભય લાગે એટલે ઝડપથી કૂદકો મારીને દોડવા લાગે છે.

# રિલાયન્સ ભારતમાં ઈ-સ્પોટર્સ બિઝનેસ માટે બ્લાસ્ટ સાથે ભાગીદારી કરશે

## સંયુકત સાહસની મહત્વા કાંક્ષા ભવિષ્યમાં ટોચના સ્તરના ટાઈટલ અને ઈવેન્ટસ આકર્ષીત કરવાની છે

**અબતક, રાજકોટ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (રિલાયન્સ)ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની રાઇઝ વર્લ્ડવાઇડ લિમિટેડ અને બ્લાસ્ટ એપીએસની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બ્લાસ્ટ ઇ-સ્પોર્ટ્સ લિમિટેડે (બ્લાસ્ટ)આજે ભારતમાં ઇ-સ્પોર્ટ્સ બિઝનેસના સંચાલન માટે એક સંયુકતસાહસની રચના કરવાના કરાર કર્યાની જાહેરાત છે.

ભારત સૌથી ઝડપથી વિકસતું ગેમિંગ માર્કેટ છે જેમાં ૬૦૦ મિલિયનથી વધુ (વૈશ્વિક સ્તરે કુલ ગેમર્સના ૧૮%)નો વિશાળ ગેમર બેઝ છે. ભારતનું ગેમિંગ માર્કેટ ૧૯%ના સીએજીઆરથી વધીને ૨૦૨૯ સુધીમાં ૯.૨ અબજ યુએસ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે જે ૨૦૨૪માં ૩.૮ અબજ યુએસ ડોલર હતું.વૈશ્વિક ઈ-સ્પોર્ટ્સ બજાર ૨૦૨૪માં ૨.૮ બિલિયન યુએસ ડોલરથી વધીને ૨૦૩૩ સુધીમાં ૧૬.૭ બિલિયન યુએસ ડોલર થવાની ધારણા છે, જે ૨૨%નો સીએજીઆર દર્શાવે છે. ભારતનું ઈ-સ્પોર્ટ્સ બજાર પ્રારંભિક તબક્કામાં છે અને તેની ઉચ્ચ વૃદ્ધિ ધરાવતું બજાર બનવાની અપેક્ષા છે. ભારત સરકારે દેશમાં ઈ-સ્પોર્ટ્સને ''મલ્ટી-સ્પોર્ટ્સ ઈવેન્ટ'' શ્રેણીના હિસ્સા તરીકે જાહેર કરીને તેને સત્તાવાર રીતે માન્યતા આપી છે.

આ વ્યૂહાત્મક ભાગીદારી બ્લાસ્ટની વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ઈ-સ્પોર્ટ્સ પ્રોપર્ટીઝ અને પ્રોડક્શન ટેક્નિક્સને ભારતમાં લાવીને આ વૃદ્ધિને વેગ આપવામાં મદદ કરશે, જ્યારે ઝડપથી વિકસતા ગેમિંગ બજારને અનુરૂપ નવી ટુર્નામેન્ટ આઈપીનં સહ-નિર્માણ કરશે.

બ્લાસ્ટ યુરોપ સ્થિત ઈ-સ્પોર્ટ્સ એન્ટરટેઈનમેન્ટ કંપની છે અને વિશ્વના સૌથી મોટા ટુર્નામેન્ટ આયોજકોમાંની એક છે. તેમની પ્રોપર્ટીઝને વિશ્વ-સ્તરીય ઈ-સ્પોર્ટ્સ અનુભવોમાં પરિવર્તિત કરવા માટે બ્લાસ્ટ વિશ્વના શ્રેષ્ઠ ગેમ પબ્લિશર્સ અને બ્રાન્ડ્સ સાથે કામ કરે છે. આ ઈવેન્ટ્સ ટોચની ટીમો અને રમતના સૌથી મોટા સ્ટાર્સને એક મંચ પર લાવે છે કારણ કે તેઓ પ્રસિદ્ધિ અને કરોડો ડોલરના ઈનામો માટે સ્પર્ધા કરે છે, જેમાં ૨૦૨૫માં લંડન, સિંગાપોર, ઓસ્ટિન અને રિયો જેવા વાઇબ્રન્ટ શહેરો માટે એરેના સ્ટોપનું આયોજન કરવામાં આવ્યું છે.બ્લાસ્ટ તેની અજોડ ઉત્પાદન ગુણવત્તા અને રમતના ચાહકોને પ્રાથમિકતા આપતી એકદમ નવીન પદ્ધતિઓ માટે જાણીતી છે. ૨૦૨૫માં બ્લાસ્ટ ઈવેન્ટ્સને બે અબજ વ્યૂઝ મળવાની, ૧૫૦ થી વધુ દેશોમા વૈશ્વિક પ્રેક્ષકો સુધી પહોંચવાની અને ૩૦ થી વધુ ભાષાઓમાં પ્રસારિતથવાની અપેક્ષા છે.

# રાણપુર ખાતે પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર દ્વારા શનિવારે મહાયજ્ઞ

**અબતક, રાજકોટ**

સમગ્ર પાંઉ, પૌરાણા, ખેતાણી પરીવારના કુળદેવી ભવાની માતાજીનો ટ્રસ્ટ દ્વારા આયોજીત ૧૭ (સતર)મો વાર્ષિક હવન શનિવાર, તા.૦૫/૦૪/ના રોજ પૂ. માતાજી તથા પૂ. ડુંગરબાપા, પુ.ગોરધનદાદાના દેવસ્થાને રાણપુર (નવાગામ) મુકામે યોજવાનું નક્કી કરેલ છે. પૂ.માતાજીના આ હવનમાં સર્વે કુટુંબી ભાઈઓ સહપરિવાર હાજરી આપીને પૂ. માતાજીના તથા પૂ. ડુંગરબાપાના તથા પૂ.ગોરધનદાદા દર્શન, પૂજનઅર્ચન તથા પ્રસાદનો લાભ લેવા પધારે એવું જાહેર આમંત્રણ ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે. હવનનો પ્રારંભ દેહશુધ્ધિ સવારે ૦૫-૩૦ કલાકે, પૂજનવિધી સવારે ૦૮-૧૦ કલાકે, બિડુ હોમવાનોસમય બપોરે ૧૨-૩૦ કલાકે (ચલ ચોઘડીયે), હવન પુર્ણાહુતિ ૦૧-૦૦ કલાકે હવન પુરા થયા બાદ પાંઉ, પૌરાણા, ખેતાણી પરીવાર ટ્રસ્ટ તથા આમંત્રીત મહેમાનો તથા સર્વે કુટુંબીજનો માટે ભોજન-પ્રસાદ આયોજન બપોરે ૦૧-૦૦ કલાકે કરવામાં આવ્યું છે.

આ યજ્ઞ (હવન)ની વધુ માહિતી માટે અમરભાઈ પાઉં (મો.૯૦૮૧૦ ૮૨૮૦૦) પર સંપર્ક સાધવા વિનંતી.

# નેશનલ સ્કુલ ઓફ ઈન્ટીરીયર ડીઝાઈનના વિદ્યાર્થીઓએ લીધી ભુજની મુલાકાત

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય શાળા સ્થિત ઈન્ટીરીયર ડિઝાઈનના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ભૂજની મુલાકાત લીધેલ. આ દરમ્યાન તેઓએ પ્રાગમહેલ, છત્તરડી, વંદેમાતરમ મેમોરિયલ, એલએલડીસી મ્યુઝિયમ, હુન્નરશાળા તથા સ્મૃતિવન વગેરે સ્થળોની મુલાકાત લીધેલ.



વિદ્યાર્થીઓએ ભૂજનું સ્થાપત્ય, માર્કેટ તથા ભૂજના સામાજીક અભ્યાસ કર્યો હતો.

# આવતીકાલનું રાશિફળ

## તા.૪.૪.૨૦૨૫, શુક્રવાર, સંવંત ૨૦૮૧, ચૈત્ર સુદ સાતમ, આર્દ્રા નક્ષત્ર, શોભન યોગ, ગર કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે

**મેષ (અ,લ,ઈ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** આર્થિક બાબતોમાં સારું રહે, અચાનક લાભ થવાના સંકેત છે, અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યસિદ્ધિ આપતો દિવસ, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, સામાજિક રીતે તમારા અભિપ્રાયનું મૂલ્ય વધે.

**કર્ક (ડ,હ) :** આજના દિવસે વાદ વિવાદથી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું, સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.

**સિંહ (મ,ટ) :** આજના દિવસે આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નોકરિયાતવર્ગને સારું રહે, વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

**તુલા (ર,ત) :** આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** અગાઉની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય, કાર્યને પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોક્ચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ) :** આજના દિવસે તબિયતની કાળજી લેવી, બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

**કુંભ (ગ,સ,શ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

## આજે વિશ્વ જલચર પ્રાણી દિવસ

# માછીમારીના બદલે શાકાહારી જીવનશૈલી અપનાવો

## જલચર જીવના શોષણ સામે અવાજ ઉઠાવો

**અબતક, રાજકોટ**

વિશ્વભરમાં દર વર્ષે ૩ એપ્રિલે વિશ્વ જલચર પ્રાણી દિવસ મનાવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ પાણીમાં વસવાટ કરતા પ્રાણીઓના રક્ષણ માટે જાગૃતિ ફેલાવવાનો છે. સમુદ્રો, નદીઓ અને તળાવો આજ પ્રદૂષણ અને માછીમારીના ઘાટા અસર હેઠળ છે. પ્લાસ્ટિક વેસ્ટ, ઓઈલ સ્પિલ અને ઉદ્યોગો દ્વારા છૂટતા કેમિકલના કારણે પાણીમાં રહેનારા જીવનું જીવન જોખમમાં છે. વ્હેલ, ડોલ્ફિન, સમુદ્રી કાચબાં, માછલીઓ અને અન્ય જલચર પ્રાણીઓ વિલુપ્તિ તરફ આગળ વધી રહ્યા છે. જળચર પ્રાણી એ કોઈપણ પ્રાણી છે, પછી ભલે તે કરોડ અસ્થિધારી હોય કે અપૃષ્ઠવંશી, જે તેના સમગ્ર અથવા મોટાભાગના જીવનકાળ માટે પાણીના શરીરમાં રહે છે. જળચર પ્રાણીઓ સામાન્ય રીતે ગિલ્સ નામના વિશિષ્ટ શ્વસન અંગો દ્વારા, ત્વચા દ્વારા અથવા આંતરડાના મ્યુકોસા દ્વારા ઓગળેલા ઓક્સિજનને કાઢીને પાણીમાં ગેસ વિનિમય કરે છે, જો કે કેટલાક પાર્થિવ પૂર્વજોમાંથી વિકસિત થયા છે. જળચર પ્રાણીઓ એક વૈવિધ્યસભર પોલીફાઈલેટિક જૂથ છે જે ફક્ત તેમના કુદરતી વાતાવરણ પર આધારિત છે, અને તેમની વચ્ચે ઘણી મોર્ફોલોજિકલ અને વર્તણૂકીય સમાનતાઓ સંકલિત ઉત્ક્રાંતિનું પરિણામ છે. તેઓ પાર્થિવ અને અર્ધ-જળચર પ્રાણીઓથી અલગ છે, જે પાણીના સ્ત્રોતોથી દૂર રહી શકે છે, જ્યારે જળચર પ્રાણીઓ ઘણીવાર ગિલ નિષ્ફળતા અથવા તેમના પોતાના શરીરના વજન દ્વારા સંકુચિત ગૂંગળામણને કારણે પાણીમાંથી લાંબા સમય સુધી દૂર થયા પછી ડિહાઈડ્રેશન અથવા હાયપોક્સિયાથી મૃત્યુ પામે છે. જળચર છોડ, શેવાળ અને સૂક્ષ્મજીવાણુઓ સાથે જળચર પ્રાણીઓ વિવિધ દરિયાઈ, ખારા અને મીઠા પાણીના જળચર ઈકોસિસ્ટમના ખોરાકના જાળા બનાવે છે. વિશ્વ જલચર પ્રાણી દિવસ પર આપણે સંકલ્પ લઈએ કે પાણીમાં વસવાટ કરતા આ નિર્દોષ જીવોની રક્ષા માટે પ્રતિબદ્ધ થઈશું. પ્રકૃતિનું સંતુલન જાળવવા માટે તેમની હાજરી અત્યંત આવશ્યક છે.




## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૩-૦૪-૨૦૨૫ ગુરુવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૪:૦૦ સ્પે.સ્ટોરી (ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ)
૦૪:૦૦ થી ૦૮:૦૦ શ્રીમદ ભાગવત કથા (પૂ.જીગ્નેશ દાદા) લાઈવ.(રાજકોટ)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૪-૦૪-૨૦૨૫ શુક્રવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૪-૪-૨૦૨૫ શુક્રવાર

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિ: | ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ | | |
| તિથી | ચૈત્રશુદ સાતમ | | |
| નક્ષત્ર | આર્દ્રા | | |
| યોગ | શૌભન | કરણ: | ગર |
| સુર્યોદય | ૬.૩૮ | સુર્યાસ્ત: | ૭.૦૨ |
| ચંદ્ર રાશી | મિથુન | | |
| રાશિ અક્ષર | ક.છ.ઘ | | |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ | | |
| રાહુકાળ | સવારે ૧૦.૩૦ થી ૧૨ | | |
| દિવસનાચોઘડીયા | ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ | | |
| રાત્રીનાચોઘડીયા | રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૭ થી ૧.૧૬ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | ૧ | ૯ | ૪ | ૬ | |
| | ૬ | | | | | ૩ | | ૭ |
| | | | | | ૬ | ૮ | | ૫ |
| | | ૩ | | | | | | |
| ૭ | | | ૧ | | | | | |
| ૨ | | ૬ | | ૮ | ૭ | ૯ | ૫ | ૪ |
| ૫ | | ૮ | | | | ૭ | ૩ | |
| | | ૨ | | ૭ | | ૫ | | ૧ |
| | ૭ | ૧ | ૫ | | ૩ | | ૨ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૨૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૧ | ૭ | ૪ | ૯ | ૩ | ૮ | ૬ |
| ૯ | ૮ | ૬ | ૫ | ૧ | ૫ | ૪ | ૭ | ૨ |
| ૪ | ૩ | ૭ | ૬ | ૨ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૧ | ૫ | ૨ | ૯ | ૩ | ૭ | ૮ | ૬ | ૪ |
| ૬ | ૪ | ૮ | ૧ | ૫ | ૨ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૭ | ૯ | ૪ | ૫ | ૮ | ૨ | ૧ | ૫ |
| ૭ | ૧ | ૫ | ૨ | ૯ | ૩ | ૬ | ૪ | ૮ |
| ૨ | ૬ | ૪ | ૫ | ૮ | ૧ | ૯ | ૩ | ૭ |
| ૮ | ૯ | ૩ | ૬ | ૭ | ૪ | ૫ | ૨ | ૧ |

# ધન રાશિને નાની પનોતી લોખંડના પાયે શરૂ થઈ છે

ધન રાશિને ૨૯ માર્ચથી શનિ મીનમાં આવવા સાથે નાની પનોતી લોખંડના પાયે શરુ થઈ છે જે વધુ મહેનતે પરિણામ આપતી જોવા મળે. ધન રાશિ જ્ઞાનમાર્ગની રાશિ છે અને વિદ્યા માટે હંમેશા તેનો ઝુકાવ રહે છે તથા જીવનમાં સતત સંઘર્ષ સાથે તેઓ નવું કૈક શીખતાં હોય છે ગુરુના ઘરની આ રાશિને લોજીક વિનાની વાતમાં કંટાળો આવે છે અને ધર્મ વિષે તેમના વિચારો નવા હોય છે તથા અધ્યાત્મ વિષે તેમની અલગ વ્યાખ્યા હોય છે ચોથેથી ગ્રહણ પસાર થયું તે તેમને પોતાના એશોઆરામ મૂકીને આગળ વધવાની પ્રેરણા આપે છે અને સુખનો ત્યાગ કરી તેઓ નવી સફર તરફ પ્રયાણ કરતા જોવા મળશે. પનોતીના સમયમાં તેમને ઘણા પડકારોનો સામનો કરવો પડશે ખાસ કરીને જમીન મકાન વાહનને લગતા પ્રશ્નો અને માતાની તબિયત અંગે ચિંતા રખાવે તો જીવનમાં ક્યાંક બધું હોવા છતાં સુખનો અભાવ હોય તેવું લાગે. ધન રાશિના જીવન અને વ્યક્તિ પ્રત્યે અભિપ્રાયો નિશ્ચિત હોય છે બહુ ઝડપથી તેમાં તેઓ ફેરફાર કરતા નથી અને કરવા દેતા નથી. અન્યને સલાહ આપે છે સાચી સલાહ આપે છે પરંતુ બીજાની સલાહ માનવ કરતા તેઓ પોતે વિચારેલી વધુ અમલમાં મુકતા જોવા મળે છે. આગામી સમયમાં તેઓ પોતાની સ્કિલ વિકસાવવા વધુ પ્રયત્ન કરશે અને પોતાની જગ્યા છોડીને પણ આગળ વધવા પ્રયત્ન કરશે જે ધન રાશિના મિત્રો વિદેશ જવા ઈચ્છતા હશે તેમના માટે પણ રસ્તા ખુલતા જોવા મળશે અને યાત્રા પ્રવાસથી તેમનો દ્રષ્ટિકોણ બદલાતો જોવા મળશે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# પ્રદ્યુમન પાર્ક ઝુમાં સફેદ વાઘણ ''કાવેરી'' એ બે બાળ વાઘને જન્મ આપ્યો

## બે સફેદ વાઘનો જન્મ થતાં ઝુમાં સફેદ વાઘની સંખ્યા ૧૦ થઈ: માતા અને બચ્ચા પર સીસીટીવી કેમેરા દ્વારા સતત નજર: ઝૂ પરિવારમાં આનંદની લાગણી





**અબતક, રાજકોટ**

પ્રદ્યુમન પાર્ક ઝુમાં સફેદ વાઘપણ કાવેરીએ બે તંદુરસ્ત વાઘ બાળને જન્મ આપ્યો છે. હાલ ઝુમાં સફેદ વાઘની સંખ્યા ૧૦ થવા પામી છે.

રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે સફેદ વાઘણએ ૦૨(બે) બાળ વાઘને જન્મ આપ્યો

આ અંગે વધુ માહિતી આપતા મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને બાગ બગીચા ઝૂ સમિતિના ચેરમેન સોનલબેન સેલારાએ જણાવ્યુંહતું કે, પ્રદ્યુમન પાર્ક ઝૂમાં બે બાળ વાઘને જન્મ આપ્યો છે.

સફેદ વાઘ નર દિવાકર તથા માદા વાઘણ કાવેરીના સંવનનથી ૧૦૫ દિવસના ગર્ભાવસ્થીને અંતે ૩૦ માર્ચે સાંજના સમયે ૨(બે) બાળ વાઘનો જન્મ આપ્યો છે. માતા કાવેરી દ્વારા બચ્ચાંકઓની પૂરતી કાળજી રાખવામાં આવે છે. હાલ માતા તથા બચ્ચા બન્ને તંદુરસ્ત છે. ઝૂ વેટરનરી ઓફિસર તથા ટીમ દ્વારા માતા તથા બચ્ચાંવઓનું સીસી ટીવીદ્વારા રાઉન્ડબ ધ કલોક મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ ઝૂ ખાતે અગાઉ સફેદ વાઘમાં સફળ બ્રીડીંગ થયું છે.

નર વાઘ દિવાકર તથા માદા વાઘણ યશોધરાના સંવનનથી ૬ મે ૨૦૧૫ના રોજ સફેદ બાળ વાઘ ૦૧ માદાનો જન્મ થયો હતો. નર વાઘ દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી તા.૧૬ મે ૨૦૧૫ના રોજ સફેદ બાળ વાઘ ૦૪ માદાનો જન્મા આપ્યો હતો. નર વાઘ દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી તા. ૨ એપ્રિલ ૨૦૧૯ના રોજ સફેદ બાળ વાઘ ૦૪ (નર-૦૨ માદા-૦૨)નો જન્મં થયો છે. નર વાઘ દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી તા.૧૮ મે ૨૦૨૨ના રોજ સફેદ બાળ વાઘ ૦૨ (બે) નરનો જન્મ થયો છે. નર વાઘ દિવાકર તથા માદા વાઘણ કાવેરીના સંવનનથી ૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ સફેદ બાળ વાઘ ૦૨ (બે) નરને જન્મ આપ્યો હતા. નર વાઘ દિવાકર તથા

(અનુ. આઠમા પાને)

### રાજકોટ ઝૂ દ્વારા અન્ય ઝૂને આપેલા સફેદ વાઘની વિગત

| ક્રમ | ઝૂની વિગત | વર્ષ | સફેદ વાઘની સંખ્યા |
|---|---|---|---|
| ૦૧ | કાંકરીયા ઝૂ, અમદાવાદ | ૨૦૧૭-૧૮ | સફેદ વાઘ માદા-૦૧ |
| ૦૨ | છતબીર ઝૂ, પંજાબ | ૨૦૧૯-૨૦ | સફેદ વાઘ માદા-૦૧ |
| ૦૩ | રાજીવ ગાંધી ઝૂલોજીકલ પાર્ક, પૂના | ૨૦૨૦-૨૧ | સફેદ વાઘ માદા-૦૧ |
| ૦૪ | ઈન્દ્રોઘડા નેચર પાર્ક, ગાંધીનગર | ૨૦૨૦-૨૧ | સફેદ વાઘ નર-૦૧, માદા-૦૧ |
| ૦૫ | ડો.શ્યા-માપ્રસાદ ઝૂલોજીકલ ગાર્ડન, સુરત | ૨૦૨૧-૨૨ | સફેદ વાઘ નર-૦૧, માદા-૦૧ |
| ૦૬ | સક્કરબાગ ઝૂલોજીકલ પાર્ક, જુનાગઢ | ૨૦૨૪-૨૫ | સફેદ વાઘ નર-૦૧, માદા-૦૧ |

# બધા સદગુણોનો સમન્વય એટલે ભાગવત શાસ્ત્ર: જીજ્ઞેશ દાદા

## ભાગવત સપ્તાહના ચોથા દિવસે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ તેમના ધર્મપત્ની અંજલીબેન રૂપાણીએ કથા શ્રવણનો લીધો લાભ








તસવીર: જયમીન માવાણી

''અબતક''ને જીજ્ઞેશદાદાના મળ્યા આશિર્વાદ

**અબતક, રાજકોટ**

રાજકોટ લોહાણા મહાજન દ્વારા રેસકોર્સ મેદાન ખાતે ૫ એપ્રિલ સુધી જીજ્ઞેશ દાદાની ભાગવત સપ્તાહ નું આયોજન કરવામાં આવ્યું છે રેસકોર્સ મેદાનમા યોજાનારી કથામાં રોજના ૧૫,૦૦૦ લોકો કથાનો લાભ લે છે

રાજકોટ લોહાણા મહાજન દ્વારા પ્રમુખ રાજુ પોબારુ અને નિશાંત ચોટાઈના માર્ગદર્શન હેઠળ ૧૦૮ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસપીઠ ઉપરથી જીજ્ઞેશ દાદા કથાનું રસપાન

(અનુ. આઠમા પાને)

### પરશુરામ યુવા સંસ્થાનના આદ્યસ્થાપક સ્વ.અભયભાઈ ભારદ્વાજના જન્મદિવસ નિમિત્તે

# સમાજમાં યોગદાન આપનાર પાંચ બ્રહ્મરત્નોને બિરદાવાયાં

## પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, શિવકથાકાર ડો.લંકેશબાપુ, ઘનશ્યામજી મહારાજ, પરમાત્માનંદ સરસ્વતીજી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને ડો.દર્શિતાબેન શાહ રહ્યા ઉપસ્થિત

**રિપોર્ટર: જયદીપ ત્રિવેદી**
**કેમેરામેન: દર્શન વાડોલીયા**
**અબતક, રાજકોટ**

પરશુરામ યુવા સંસ્થાનના આદ્ય સ્થાપક અભયભાઈ ભારદ્વાજના જન્મદિવસ નિમિત્તે પરશુરામ યુવા સંસ્થાન દ્વારા પાંચ બ્રહ્મ રત્નો ને પરશુરામ એવોર્ડ અર્પણ કાર્યક્રમ કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયો

પરશુરામ યુવા સંસ્થાન રાજકોટ દ્વારા




બ્રહ્મપ્રતિભાઓ કે જેમનું સામાજ પ્રત્યે મુઠીભર યોગદાન હોય તેવા બ્રહ્મ કર્મયોગીઓને પરશુરામ એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવાની પરંપરા અભયભાઈ દ્વારા શરૂ કરવામાં આવી હતી. અભયભાઈ દ્વારા સન ૧૯૯૪ થી સન ૨૦૨૦ સુધી પરશુરામ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. અભયભાઈના કૈલાશગમન બાદ પણ પરશુરામ યુવા સંસ્થાન દ્વારા આ પરંપરાને અવિરત પણે શરૂ રાખી દર વર્ષે પાંચ બ્રહ્મ રત્નોને પોતાના







સંસ્થાનના સ્થાપક, રાજ્યસભાના સાંસદ, પ્રખર ધારાશાસ્ત્રી, પરશુરામ શોભાયાત્રાના પ્રણેતા, બ્રહ્મસમાજની અડીખમ સેવાના ભેખ ધારી, રાષ્ટ્ર અને સમાજ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર, ઉમદા કાનૂનવિદ, કર્મઠ નેતા અભયભાઈ ભારદ્વાજ દ્વારા સન ૧૯૮૯માં સંસ્થાનની રચના કરી, બ્રાહ્મણોને એક તાંતણે બાંધવાનું ભગીરથ કાર્ય શરૂ કર્યું હતું. સાથે જ અભયભાઈએ સમાજ શકિત જાગૃત થાય, સમાજના સજ્જન લોકો આગળ આવે તેવા વિચારથી







ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન અને સેવાકિય કામ બદલ અભયભાઈના જન્મદિન નિમિત્તે પરશુરામ એવોર્ડ આપી સન્માનિત કરી પ્રોત્સાહિત કરવાનું કામ સંસ્થાન દ્વારા કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષ પણ તા.૨/૪/૨૦૨૫ ના અભયભાઈના જન્મદિવસ નિમિત્તે પરશુરામ યુવા સંસ્થાન રાજકોટ દ્વારા પાંચ બ્રહ્મરત્નોને પરશુરામ એવોર્ડ અર્પણ કરાયું. પાંચ બ્રહ્મપ્રતિભા કે જેમણે સમાજ માટે અને પોતાના વિવિધ-વિવિધ ક્ષેત્રે

(અનુ. આઠમા પાને)

### સંસ્કૃતિ, વેદો, શાસ્ત્ર તેમજ ધર્મની રક્ષા માટે પાઠશાળા શરૂ કરી હતી: પુષ્કરરાય જાની




પરશુરામ એવોર્ડ પુરસ્કૃ તેમજ કર્મકાંડી બ્રાહ્મણોને તૈયાર કરનાર પુષ્કરબાઈ જાનીએ અબ તક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે બ્રાહ્મણ એ સમાજનો મુખ્ય અંગ છે જેમ મકાન બનાવવા માટે પાયો મજબૂત જોઈ તેમ મંત્ર ની ઉર્જા શક્તિ છે . ઉચ્ચાર સુધી પૂર્વક મંત્રોચ્ચાર કરવા માં આવે તો તેનું ફળ આજે પણ મળે છે. સંસ્કૃતિની રક્ષા , વેદોની રક્ષા , શાસ્ત્રની રક્ષા , તેમજ ધર્મની રક્ષા માટે પાઠશાળાની શરૂઆત કરી હતી. જેમાં વેદ , ભાગવત , જ્યોતિષ , સ્ત્રી સહિત બ્રાહ્મણ યુવાનોને શીખવાડવામાં આવે છે જેથી આપણી સંસ્કૃતિ અને વારસાને જાળવી શકાય. અભય ભાઈ ના જન્મદિવસ નિમિત્તે પરશુરામ એવોર્ડ એનાયત નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં પરશુરામ દાદા ની દયાથી મને પણ એવોર્ડ એનાયત થવાનો છે. શાસ્ત્રોની રક્ષા માટે એવોર્ડ આપવામાં આવ્યો હતો જેથી હું તેમનો આભારી છું.

### વ્યસન મુક્તિના સંદેશ સાથે કાર્યક્રમ યોજાયો: અંશ ભારદ્વાજ




બ્રહ્મ સમાજના આગેવાન અને મારા પિતાજી સ્વર્ગસ્થ અભયભાઈ ભારદ્વાજના જન્મદિવસ નિમિત્તે પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે આ વર્ષે પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહના આયોજનમાં પાંચ બ્રહ્મ રત્નોને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સાથે જ બ્રહ્મ એકતા નો સંદેશ આપ્યો હતો. પાંચ બ્રહ્મરતનો કે જેમને વિવિધ ક્ષેત્ર માં યોગદાન આપેલું છે તેવા વૈજ્ઞાનિક ડોક્ટર જે જે રાવલ , નાટ્ય ક્ષેત્રમાં ભરતભાઈ યાજ્ઞિક , હાસ્ય કલાકાર પદ્મશ્રી જગદીશભાઈ ત્રિવેદી , ઉદ્યોગ ક્ષેત્રમાં રાજેન્દ્ર રાવલ તેમજ કર્મકાંડી બ્રાહ્મણ તૈયાર કરનાર પુષ્કરભાઈ જાની ને પરશુરામ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ત્યારે બ્રહ્મ સમાજના લોકો તેમજ રાજકીય ક્ષેત્રના લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ વ્યસનમુક્તિના સંદેશ આપતી થીમ પર કાર્યક્રમ યોજાયો હતો.

### બ્રહ્મ સમાજના લોકોના વિશિષ્ટ કામને બિરદાવવા પરશુરામ એવોર્ડ એનાયત કરાયા: વિજયભાઈ રૂપાણી



અભયભાઈ ભારદ્વાજ એટલે રાજકોટનું ગૌરવ છે જે વકીલ , રાજ્યસભાના સભ્ય, ભારતીય જનતા પાર્ટીના આગેવાન એવા અભયભાઈ ભારદ્વાજ ના જન્મદિવસ નિમિત્તે અભય ભાઈ દ્વારા શરૂ કરાયેલી પ્રણાલીકા કે બ્રહ્મ સમાજમાં જે લોકોએ વિશિષ્ટ કામ કર્યું હોય સમાજ કે રાષ્ટ્ર માટે તેમને પરશુરામ એવોર્ડ આપવો તે સંદર્ભે આજે પાંચ લોકોને પરશુરામ એવોર્ડ આપવામાં આવ્યો છે ત્યારે સમગ્ર બ્રહ્મ સમાજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો સાથે અનેક સંતો પણ કાર્યક્રમમાં આવીને આશીર્વાદ આપ્યા હતા. હંસ ભારદ્વાજ તેમજ નીતિનભાઈ ભારદ્વાજ દ્વારા પરશુરામ એવોર્ડનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



# રવિપુષ્યામૃત યોગ સાથે રવિવારે રામનવમી

## સોના ચાંદી તેમજ જમીન, મકાન, વાહન ખરીદી કરવા માટે સમય ઉત્તમ

**અબતક, રાજકોટ**

ચૈત્ર શુદ નોમને રવિવાર તા ૬ એપ્રિલના દિવસે રામ નવમી અને સહજાનંદસ્વામી જયંતિ પણ છે. આ વર્ષે રવિપુષ્યામૃત યોગમાં રામ નવમી હોવાથી આ વર્ષ ની રામનવમી ખાસ રહેશે

રામ નવમીના દિવસે રવિવારે રવિપુષ્યામૃત યોગ દિવસ તથા રાત્રી રહેશે આ દિવસે ખાસ કરીને રામ ચરિત્ર માનસમાંથી સુંદરકાંડના પાઠ કરવા હનુમાન ચાલીસાના પાઠ કરવા કુળદેવી અથવા તો

**શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)**

માતાજીની ઉપાસના કરવી ઉત્તમ ફળ આપનાર બનશે

આ દિવસે સોના ચાંદીની ખરીદી કરવી પૂજાના સામાનની ખરીદી કરવી તે ઉપરાંત જમીન મકાન વાહનની ખરીદી કરવી જીવન જરૂરી સામાનની ખરીદી કરવી શુભ અને ઉત્તમ ફળ આપનાર બનશે.

શ્રી રામ નામનુ મહત્વ શ્રી રામ શબ્દમાં ત્રણ અક્ષર છે. ૨ અમ..૨ એટલે અગ્નિનું બીજ જે અશુભ કર્મને બાળે છે. 'અ' એટલે સુર્યનું બીજ તે અહંકાર નાશ કરે છે અને જ્ઞાન ની પ્રાપ્તિ કરાવે છે મ એટલે ચંદ્ર નુ બીજ આધી વ્યાધી અને ઉપાધી હરી લે છે. રામ નામ ૐ કાર સમાન છે. બીજા બધા મંત્ર જાપ બોલવામાં નીતિ નિયમ છે. ફક્ત રામ નામના મંત્ર જ એવો છે કે જે કોઈપણ જગ્યા એ કોઈપણ સમયે બોલી શકાય છે. ઘર પૂજા મંદિર અને સ્મશાનમાં પણ બોલી શકાય છે. રામનવમીના દિવસે ઉપવાસ અથવા એકટાણું-કરવું. રામ નામનું લેખન કરવું. શ્રીરામના ૭ સૌથી સરળ મંત્રોમાં છે. દરેક મુશ્કેલી દૂર કરે છે રામનવમી ના દિવસે શ્રી રામના ૭ મંત્ર તમારી મુસિબતો દૂર કરશે. રામ નવમી ના દિવસે આ મંત્રના જપ પણ કરવા પણ ઉત્તમ છે.

કોઈપણ વ્યક્તિ બધા જ આ મંત્ર જપી શકે છે. રામનવમીના દિવસે રામચંદ્ર ભગવાનનું સ્થાપન કરી પૂજન કરી અને આ મંત્ર જપનું અનુષ્ઠાન કરવું ઉત્તમ ફળદાય છે. તે ઉપરાંત દરરોજ પણ આ મંત્ર જપનુ અનુષ્ઠાન કરી શકાય છે સાથે રામનવમીના દિવસે રામરક્ષા સ્તોત્રનો પાઠ કરવો પણ ઉત્તમ છે.

શ્રી રામ ભગવાનનું પૂજનઃ- રામ નવમીના દિવસે બપોરે ૧૨ વાગ્યે શ્રીરામચંદ્ર ભગવાનનું પુજન કરવું ઉત્તમ છે.

(અનુ. આઠમા પાને)

### રામનવમી રવિ રવીપુષ્યામૃત યોગના દિવસે શુભ સમયની યાદી

| દિવસના શુભ ચોઘડિયા | રાત્રિના શુભ ચોઘડિયા |
|---|---|
| ચલ ૮.૦૯ થી ૯.૪૩ | શુભ ૭.૦૩ થી ૮.૨૯ |
| લાભ ૯.૪૩ થી ૧૧.૧૬ | અમૃત ૮.૨૯ થી ૯.૫૬ |
| અમૃત ૧૧.૧૬ થી ૧૨.૪૯ | ચલ ૯.૫૬ થી ૧૧.૨૨ |
| શુભ ૨.૨૩ થી ૩.૫૬ | અભિજીત મુહૂર્ત બપોરે ૧૨.૨૪ થી ૧.૧૪ |
| | રાત્રે પ્રદોષકાળનું શુભ મુહૂર્ત ૭.૦૩થી ૯.૨૧ |

### રામનું મંત્ર મુસિબતો કરશે દુર

(૧) 'રામ' આ મંત્ર કોઈપણ જગ્યાએ બોલી શકાય છે કોઈપણ સમયે બોલી શકાય છે મહામંત્ર છે જીવનની મુસીબત દૂર કરે છે અને શાંતિ આપે છે.
(૨) 'રાં રામાય નમઃ આ મંત્રના જપ કરવાથી આર્થિક સંકટ દૂર થાય છે.
(૩) રામચંદ્રાય નમઃ આ મંત્રના જપથી જીવનના કલેશ દૂર થાય છે.
(૪) ૐ રામભદ્રાય નમ' કાર્યની સિધ્ધિ માટે પ્રભાવી મંત્ર છે.
(૫) 'ૐ નમો ભગવતે રામચંદ્રાય' આ મંત્ર આપત્તિના નિવારણ છે.
(૬) 'શ્રી રામ જય રામ જપ- જય રામ આ મંત્ર શુભ મનોકામના માટે
(૭) 'શ્રીરામ ગાયત્રી મંત્ર- 'ૐ દશરથાય વિમહે સીતા વલ્લભાપ ધીમહિ તત્રો રામ પ્રયોધ્યાત....સર્વ કાર્ય સિદ્ધ આપે છે.

# ગાર્ડી વિદ્યાપીઠ આયોજિત વાર્ષિકોત્સવમાં ૧૦૦ વિદ્યાર્થીઓનું જોશ સાથે કલા પ્રદર્શન

## કૃષ્ણલીલા, હનુમાન ચાલીસા પર નૃત્ય, વિદ્યાર્થીઓની લાગણીને પ્રદર્શિત કરતો 'આવાઝ' ડાન્સ ઉપરાંત માઈકલ જેક્સન અને રાજ કપૂરને સ્મરણાંજલિ આપતી કૃતિઓ રજૂ કરાઈ





**અબતક, રાજકોટ**

શૈક્ષણિક સંસ્થા ગારડી વિદ્યાપીઠ સાથે સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રતિવર્ષ જોશ શિર્ષક હેઠળ એક મેગા એન્યુઅલ કલ્ચરલ સેલિબ્રેશન કરવામાં આવે છે. જેના થકી વિદ્યાર્થીઓમાં રહેલી ઈત્તર પ્રવૃત્તિઓનું ટેલેન્ટ તેમજ સ્પોર્ટ્સ અને કલ્ચરલ ક્ષેત્રમાં આગળ વધી રહેલ પ્રતિભાઓને મંચ આપવાનો હેતુ સાર્થક થાય છે. આ વર્ષના આયોજનમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. આયોજનમાં એન્જિનિયરિંગ, હોમિયોપેથી, એમબીએ આયુર્વેદ તથા નર્સિંગ કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થી સહાયકોની ૨૫ દિવસની અથાગ મહેનત કરાઈ હતી.

આ એન્યુઅલ ફંકશનમાં વિદ્યાર્થીઓને ડાન્સ, ડ્રામા તેમજ મ્યુઝિક અંગે પ્રોફેશનલ કોરિયોગ્રાફર દ્વારા તાલીમ આપી વિવિધ પરફોર્મન્સ તૈયાર કરવામાં આવેલા કુલ ૧૪ જેટલા પર્ફોર્મન્સમાં વિદ્યાર્થીઓએ કલાસિકલ ડાન્સ, ફ્યુઝન, હિપહોપ, કન્ટેમ્પરરી, બ્લાઈન્ડફોલ્ડ, રેટ્રો ટુ મેટ્રો તેમજ

(અનુ. આઠમા પાને)

# કિશાન ગૌ શાળાની મુલાકાત લેતા મંત્રી કુંવરજી બાવળિયા: ગૌ માતાને ગોળ ખવડાવી ધન્યતા અનુભવી

## રાજ્ય સરકાર દ્વારા ગૌમાતાને દૈનિક કાયમી સબસીડી રૂ. ૩૦ થી વધારી રૂ.૧૦૦ કરવા તેમજ ગૌમાતાને રાજ્યમાતા જાહેર કરવા મંત્રીને અપીલ કરાય




**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ 'કિશાન ગૌશાળા' નીગુજરાત સરકારના કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ મુલાકાત લીધી હતી. કુંવરજીભાઈ બાવળિયાએ કિશાન ગૌશાળાની મુલાકાત દરમ્યાન ગૌ માતાને લીલુઘાસ તેમજ ગોળ અર્પણ કરેલ અને ગૌમાતાની પૂજા કરી સર્વસુખ પ્રદાન કરનારી ગાય માતાની અને સનાતન સંસ્કૃતિમાં પૂજ્ય ગાય માતા કે જેમાં ૩૩ કરોડ દેવી - દેવતાઓનો વાસ છે, એવી વિશ્વ ગૌમાતાના આશીર્વાદ પ્રાપ્ત કરી સકારાત્મક શક્તિ અને ધન્યતા અનુભવી હતી. તેમજ કિશાન ગૌ શાળાના પ્રમુખ ચંદ્રેશભાઈ પટેલ તથા કિશાન ગૌશાળા ગૌ સેવકો દ્વારા કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનું ગૌમાતાની પ્રતિમા અર્પણ કરી અભિવાદન કર્યું હતું. કિશાન ગૌશાળાનાં ચંદ્રેશભાઈ પટેલ દ્વારા કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને ગુજરાતમાં ગૌમાતાની સંરક્ષણ અને સિદ્ધાંતોને મજબૂત બનાવવા માટે ગાય માતાને ''રાજ્ય માતા'' નો દરજ્જો આપવામાં આવે, ગૌમાતા પોષણ યોજના અંતર્ગત સબસીડી પ્રતિ પશુ પ્રતિ દિવસની હાલની રુ. ૩૦ આપવામાં આવે છે તેની જગ્યાએ વધતી જતી મોંઘવારી અને ઘાસચારાના ખર્ચને ધ્યાને રાખી તે રુ. ૧૦૦ પ્રતિ પશુદીઠ, દૈનિક આપવા અંગે તેમજ અલગ ગૌ મંત્રાલય અને પશુ કલ્યાણ મંત્રાલયની રચના પશુઓના સંરક્ષણ અને ગૌશાળાઓના વિકાસ માટે અલગ મંત્રાલય બનાવવા માટે વિનંતી કરવામાં આવી હતી.

# ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા સતત ૧૩માં વર્ષે ઉનાળામાં છાશ વિતરણ કેન્દ્રનો શુભારંભ

## નબળા-પછાત વિસ્તારોમાં દૈનિક ૩૫૦થી ૪૦૦ લીટર છાશનું વિતરણ કરવામાં આવશે



**અબતક, રાજકોટ**

રાજકોટ ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી ધોમધખતા તાપ અને ઓગાળી નાખતી ગરમીમાં નબળા- પછાત વિસ્તારોમાં રહેતા અને ટાંચી સગડ ધરાવતા પરિવારોનો કોઠો ઠારે એ માટે દૈનિક ધોરણે ૩૫૦ થી ૪૦૦ લીટર ઠંડી છાશનું વિતરણ (ઉનાળાના બે મહિના સુધી) કરવામાં આવશે તે અંતર્ગત આ અનોખો સેવાયજ્ઞ ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ દ્વારા સતત ૧૩ માં વર્ષે અરવિંદભાઈ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ ના મુખ્ય સહયોગ અને અન્ય નામી અનામી દાતાઓ ના સહયોગ થી ચૈત્રી નવરાત્રીમાં છાશ માટેના વિતરણ કેન્દ્રનો શુભારંભ થયો આ પ્રસંગે અરવિંદભાઈ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટના જયંતભાઈ ધોળકિયા, જ્હાનવીબેન લાખાણી, હસુભાઈ, સામાજીક અગ્રણી વિનુભાઈ ઝીંઝુવાડીયા, જાણીતા એડવોકેટ પંકજભાઈ દેસાઈ, મોઢ વણિક અગ્રણી જયેન્દ્રભાઈ મહેતા સહિતના મહાનુભાવો સવિશેષ ઉપસ્થિત રહી આ સેવાકાર્ય ને બિરદાવેલ હતું,છાશ વિતરણનો દૈનિક ખર્ચ રુ. ૨૫૦૦ આવે છે તો આપનું એક દિવસ કે વધુ દિવસોનું અનુદાન મદદરૂપ થશે. ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ ના ઉનાળુ છાસ વિતરણ કેન્દ્ર ના શુભારંભ પ્રસંગ ને સફળ બનાવવા સંસ્થાપક ભાગ્યેશ વોરા,મનોજ ડોડીયા, પ્રવીણ ચાવડા, સંજય પારેખ, રસિક મોરધરા, નીતિન ઝરીયા, રીતેશ ચોકસી, રાજુભાઈ માસ્તર સહિતનાઓ એ જહેમત ઉઠાવી હતી.આર્થિક સહયોગ આપવા સંસ્થા ના પ્રમુખ પ્રવિણભાઈ ચાવડા ( મો.૯૭૨૩૦૩૩૨૫૦) પર સંપર્ક કરવા જણાવેલ છે

# મારવાડી યુનિ. ખાતે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી મેન્સ ચેસ ટુર્નામેન્ટનો પ્રારંભ

## ચાર ઝોનની ૧૬ ટીમોના ૭૫ ખેલાડીઓ ટાઈટલ પોતાના નામે કરવા કરશે મગજની મથામણ



**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગે ઓલ ઈન્ડિયા ઈન્ટર-યુનિવર્સિટી મેન્સ ચેસ ટુર્નામેન્ટમાં સ્પર્ધકો અને ચેસ ઉત્સાહીઓનું સ્વાગત કર્યું. આ ટુર્નામેન્ટ ભારતના કેટલાક શ્રેષ્ઠ યુવા ચેસ ખેલાડીઓને રાષ્ટ્રીય મંચ પર તેમની કુશળતા, વ્યૂહાત્મક તેજસ્વીતા અને ખેલદિલી દર્શાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે.

આ ભવ્ય ઉદઘાટન સમારોહમાં સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના મહાસચિવ મનિન્દર પાલ સિંહ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડી, પ્રોવોસ્ટ ડો. આર.બી.જાડેજા, એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર નરેશ જાડેજા, રજિસ્ટ્રાર પિંટો મામ્મેન અને ડિરેક્ટર ઓફ સ્પોર્ટ્સ અને ઓર્ગેનાઈજિંગ ચાઈર ડો. જહાનવી ઈચ્છાપોરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ટુર્નામેન્ટમાં રેડ એફ.એમ. ના આર.જે. જય અને આ કાર્યક્રમના સ્પોન્સર ભીમાભાઈ પણ હાજર રહ્યા હતા.

આ ટુર્નામેન્ટમાં ચાર ઝોનની કુલ ૧૬ ટીમો ભાગ લઈ રહી છે, જેમાં ૭૫ ખેલાડીઓ છે, જેમાં ૬૯ ફાઈડ નોંધાયેલા ખેલાડીઓ અને ૧૭ ટાઈટલ ધરાવતા ખેલાડીઓનો સમાવેશ થાય છે. ટાઈટલ ધરાવતા ખેલાડીઓની યાદીમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ ૩ ગ્રાન્ડમાસ્ટર્સ, ૮ ઈન્ટરનેશનલ માસ્ટર્સ , ૫ ફાઈડ માસ્ટર્સ , ૧ કેન્ડીડેટ માસ્ટરનો સમાવેશ થાય છે.

કાર્યક્રમમાં વિવિધ વક્તાઓએ સર્વગ્રાહી વિદ્યાર્થી વિકાસના યુનિવર્સિટીના વિઝનનો પુનરોચ્ચાર કર્યો. મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટીઓએ તમામ વિદ્યાર્થીઓ માટે વિશ્વ-કક્ષાના માળખાકીય

(અનુ. આઠમા પાને)

## શિક્ષણ, મનોરંજન સાથે સંસ્કૃતિનો સમન્વય

# સરગમ પરિવાર અબ કી બાર ૧૩ હજાર કે પાર !

## નાટક શો, ટ્રેનીંગ કલાસ, પિકનીક, ફિલ્મ શો તેમજ યુરોપના પ્રવાસના ભાવિ આયોજન અંગે માહિતી આપતા ગુણવંતભાઈ ડેલાવાળા

**અબતક, રાજકોટ**

શિક્ષણ, તબીબી, સંસ્કૃતિક અને મનોરંજન સહિતના ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરતી સામાજિક સંસ્થા સરગમ કલબના નવા વર્ષના સભ્યની નોંધણીમાં ખુબ જ સારો રિસ્પોન્સ છે અને હજુ કોઈ સરગમ પરિવારમાં જોડાવા ઈચ્છતા હોય તો તેઓ જોડાઈ શકે છે તેમ સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યુ છે. તેમણે કહ્યુ છે કે, આ વખતે ૧૩ હજારથી વધુ સભ્યો નોંધાઈ ગયા છે અને હજુ નવા સભ્યો બની રહ્યા છે. તેમણે જેન્ટ્સ કલબની વાર્ષિક સાધારણ સભા, લેડીઝ કલબ, કપલ કલબ, જેન્ટ્સ કલબ અને સિનીયર સિટીઝન કલબના સભ્યો માટે નાટ્ય શો, બહેનો માટે સમર ટ્રેઈનીંગ ક્લાસ, બાળકો માટે વોટર પાર્કની પીકનીક અને ફિલ્મશો તથા ઈવનિંગ પોસ્ટના સભ્યો માટે યુરોપના પ્રવાસ સહિતના કાર્યક્રમોની જાહેરાત પણ કરી છે.

સરગમ પરિવારમાં ટોક નફી લઈને વર્ષ દરમિયાન સરેરાશ ૧૦ શ્રેષ્ઠ કાર્યક્રમો આપવામાં આવે છે.

જેમના ફોર્મ ભરાઈ ગયા છે તેમને તા. ૧૮ એપ્રિલ આસપાસ કુરિયરથી આઈકાર્ડ અને સર્ક્યુલર મળી જશે. તેમણે કહ્યું છે કે, એપ્રિલ માસમાં કાર્યક્રમ યોજાઈ ગયા પછી મે માસમાં કોઈ કાર્યક્રમ નહી યોજાય. જુન માસમાં તમામ સભ્યો માટે જાદુગર મંગલનો શો યોજાશે.


સરગમ જેન્ટ્સ કલબની વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૧૩/૪/૨૫ને રવિવારે સાંજે ૭ વાગ્યે હેમુ ગઢવી હોલમાં યોજાશે અને તેમા ભાવી કાર્યક્રમો તથા હિસાબ - કિતાબને બહાલી આપવામાં આવશે.

સરગમ પરિવારના સભ્યો માટે કમલેશભાઈ ઓઝા દિગ્દર્શિત અને અભિનીત મુંબઈના શ્રેષ્ઠ નાટક જીજ્ઞેશભાઈ જોરદારનો શો રાખવામાં આવ્યો છે.

સરગમ સીનીયર સીટીઝન કલબના સભ્ય સંખ્યા નંબર ૧ થી ૧૩૫૦ માટે આ નાટક તા. ૨૦/૪/૨૫ને રવિવાર સાંજે૫/૩૦ વાગ્યે રાખવામાં આવ્યો છે.

સરગમ લેડીઝ કલબના સભ્ય નંબર ૧ થી ૧૦૦૦ માટે આ નાટક તા. ૧૯/૪/૨૫ ને શનિવાર રોજ બપોરે ૩/૩૦ વાગ્યે અને સભ્ય નંબર ૧૦૦૧ થી ૨૦૦૦માટે તા. ૨૧/૪/૨૫ ને સોમવાર રોજ બપોરે ૩/૩૦ વાગ્યે યોજાશે.

સરગમ કપલ કલબના સભ્ય સંખ્યા નંબર ૧ થી ૧૦૦૦ માટે અ ા નાટક તા. ૧૯/૪/૨૫ને શનિવાર રાત્રે૧૦/૦૦ વાગ્યે યોજાશે. આજ રીતે સભ્ય નંબર ૧૦૦૧ થી ૨૦૦૦ માટે તા. ૨૦/૪/૨૫ને રવિવાર રોજ રાત્રે ૧૦/૦૦ વાગ્યે, સભ્ય નંબર ૨૦૦૧ થી ૩૦૦૦ માટે તા. ૨૧/૪/૨૫ને સોમવાર રોજ રાત્રે ૧૦/૦ ૦ વાગ્યે અને સભ્ય નંબર ૩૦૦૧ થી ૪૦૦૦ માટે તા. ૨૨/૪/૨૫ ને મંગળવાર રોજ રાત્રે ૧૦/૦૦ વાગ્યે યોજાશે.




સરગમ જેન્ટ્સ કલબના સભ્યો માટે તા. ૨૦/૦૪/૨૫ ને રવિવાર ના રોજ સવારે ૧૦/૦૦ થી ૧૨/૩૦ સુધી હેમુ ગઢવી નાટ્ય ગૃહમાં હસાયરાનો કાર્યક્રમ યોજાશે. કલાકારો સાઈરામભાઈ દવે, ગુણવંતભાઈ ચુડાસમા તેમજ સાથે કલાકારો સભ્ય માટે અને આમંત્રીતો / અધિકારીઓએ અને ડોનર માટે નાટકનો શો તા. ૨૩/૪/૨૫ ને બુધવારે રાત્રે ૧૦/૦૦ વાગ્યે રાખવામાં આવ્યો છે.

સરગમ સીનીયર સીટીઝન ઈવનિંગ પોસ્ટના સભ્યો માટે તા. ૨૦/૪/૨૫ ને રવિવારે સવારે ૧૦ થી૧૨/૩૦ દરમ્યાન હસાયરો રાખવમાં આવ્યો છે. આહસાયરામાં સાંઈરામ દવે અને ગુણવંત ચુડાસમા હાસ્ય રસ પીરસશે.

સરગમ ચિલ્ડ્રન કલબના સભ્યો માટે ક્રિષ્ના વોટર પાર્કની પીકનીક રાખવામાં આવી છે. પહેલા ૧૦૦૦ બાળકો માટે આ પીકનીક તા. ૨/૫/૨૫ ને શુક્રવારે સવારે ૭-૪૫ થી ૧૧/૦૦ વચ્ચે રાખવામાં આવી છે. બીજા ૧૦૦૦ બાળકો માટે તા. ૩/૫/૨૫ને શનિવારે આ પીકનીક આજ સમયે રાખવામાં આવી છે.

(અનુ. આઠમા પાને)



### રાજ્યમાં મોટા પાયે દારૂનો જથ્થો ઘુસાડનાર

# કુખ્યાત અનિલ જાટ ગેંગના સભ્ય તૌફીક નજીર ખાનની ધરપકડ


## દુબઈ નાસી ગયેલા આરોપી વિરૂદ્ધ લુક આઉટ અને ઈન્ટરપોલ રેડ નોટીસ ઈસ્યુ કરાઈ'તી: યુએઈએ ડિપોર્ટ કરતાની સાથે જ કોચી એરપોર્ટ પરથી અટકાયતમાં લેવાયો

**અબતક,રાજકોટ**

સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કુખ્યાત બુટલેગર અનિલ જાટ ગેંગના સભ્ય તૌફીક નઝિર ખાનની ધરપકડ કરવામાં આવી છે. દુબઈ નાસી ગયેલ તૌફીક વિરુદ્ધ લુકઆઉટ નોટીસ અને ઈન્ટરપોલ રેડ નોટીસ ઈસ્યુ કરીને દુબઈ ખાતેથી ભારત ડિપોર્ટ કરાવીને એસએમસી દ્વારા કેરેલા ખાતેથી અટકાયતમાં લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં મોટાપાયે દારૂ ઘુસાડવાના કાવતરામાં અનિલ જાટ અને તૌફીક નઝિર શામેલ હતા.

સ્ટેટ મોનીટરીંગ સેલે રાજ્યમાં અનેક ગુન્હાઓમાં વોન્ટેડ આરોપીને પકડી પાડયો છે. સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા મહેસાણા જિલ્લાના બાવલુ પોલીસ સ્ટેશન ખાતે ગત તા.૦૩/૦૩/૨૦૨૪ના રોજ દાખલ કરાવેલ પ્રોહીબિશન ગુન્હાની તપાસ કરતા આરોપી તૌફીક, રહે.ચુર, રાજસ્થાન વાળો પાસપોર્ટના આધારે દુબઈ નાશી ગયાનું સામે આવ્યું હતું. જેને આધારે ઈમીગ્રેશન ડીપાર્ટમેન્ટ મારફતે લુક આઉટ સર્ક્યુલર અને ઈન્ટરપોલ દ્વારા રેડ નોટીસ ઈસ્યુ કરાવવામાં આવી હતી. જેને આધારે આરોપી દુબઈ ખાતે લોકેટ થયેલ હોવાની ઈન્ટરપોલ, ન્યુ દિલ્હીથી માહિતી મળતાં તેની પ્રોવીઝનલ એરેસ્ટ રીક્વેસ્ટ દરખાસ્ત કેન્દ્રીય ગૃહ વિભાગ ખાતે મોકલી આપવામાં આવી હતી. જેને આધારે આરોપીને યુનાઈટેડ અરબ એમીરેટ્સ(યુએઈ) દ્વારા તા.૦૨/૦૪/૨૦૨૫ના રોજ ભારત ખાતે ડિપોર્ટ કરવામાં આવ્યો છે. જેની જાણ સ્ટેટ મોનીટરીંગ સેલને કરાતા સ્ટેટ મોનીટરીંગ સેલની એક ટીમને કોચી, કેરલા ખાતે મોકલી આરોપીને કોચી ઈન્ટરનેશન એરપોર્ટ, કેરલાથી ડીટેઈન કરી પ્રોહીબિશન ગુનામાં ધોરણસર ધરપકડ કરવાની કાર્યવાહી કરાઈ હતી.

મળતી માહિતી અનુસાર રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય, સ્ટેટ મોનીટરીંગ સેલના વડા નિર્લિપ્ત રાય અને એસએમસીના નાયબ અધિક્ષક કે.ટી.કામરીયાના સીધા માર્ગદર્શન હેઠળ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા મહેસાણા જિલ્લાના બાવલુ પોલીસ સ્ટેશન ખાતે તા.૦૩/૦૩/૨૦૨૪ના રોજ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો હતો. જે દરોડામાં એસએમસીએ રૂ. ૩૭.૧૮ લાખની કિંમતની શરાબની ૧૮,૧૨૦ બોટલ ઝડપી પાડી હતી. જે ગુનામાં દારૂનો જથ્થો મોકલનાર મુખ્ય આરોપી તૌફીક, રહે.ચુર, રાજસ્થાન અંગે તપાસ કરતા તે ભારતીય પાસપોર્ટના આધારે વિદેશ ભાગી ગયેલ હોવાનું તપાસ દરમ્યાન સામે આવ્યું હતું. જે પાસપોર્ટ નંબરની ટ્રાવેલ હિસ્ટ્રી ઈમીગ્રેશન વિભાગ પાસેથી મેળવવામાં આવી હતી. જેમાં આરોપી પાસપોર્ટ નંબર આધારે ફ્લાઈટ નં-આઈએક્સ-૧૯૫ થી દુબઈ ખાતે ભાગી ગયેલ હોવાની માહિતી મળતાં, ઈમીગ્રેશન ડીપાર્ટમેન્ટ, ગૃહ મંત્રાલય મારફતે લુક આઉટ સર્ક્યુલર અને ઈન્ટરપોલ દ્વારા રેડ નોટીસ ઈસ્યુ કરાવવામાં આવી હતી.



આરોપી દુબઈ ખાતે લોકેટ થયેલ હોવાની ઈન્ટરપોલ, ન્યુ દિલ્હીથી માહિતી મળતાં તેની પ્રોવીઝનલ એરેસ્ટ રીક્વેસ્ટ દરખાસ્ત કેન્દ્રીય ગૃહ વિભાગ ખાતે મોકલી આપવામાં આવી હતી. જે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ઈસ્યુ કરાવેલ રેડ નોટીસ અને પ્રોવીઝનલ એરેસ્ટ રીક્વેસ્ટ દરખાસ્ત આધારે આરોપી તૌફીક નઝીર ખાનને યુનાઈટેડ અરબ એમીરેટ્સ દ્વારા તા.૦૨/૦૪/૨૦૨૫ના રોજ ડિપોર્ટ કરવામાં આવ્યો છે. જે અંગે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન, ન્યુ દિલ્હી દ્વારા સ્ટેટ મોનીટરીંગ સેલને જાણ કરવામાં આવતાં સ્ટેટ મોનીટરીંગ સેલની એક ટીમને કોચી, કેરલા ખાતે મોકલી આપી હતી. જે ટીમ દ્વારા આરોપીને કોચી ઈન્ટરનેશન એરપોર્ટ, કેરલાથી ડીટેઈન કરી સ્ટેટ મોનીટરીંગ સેલની કચેરી ખાતે લાગી ગુનામાં ધોરણસર ધરપકડ કરવાની કાર્યવાહી કરાઈ હતી.

રાજસ્થાનમાં મર્ડર, ખંડણી, આર્મ્સ એક્ટ, સરકારી કર્મચારી પર હુમલો, આબકારી અધિનિયમ તથા શરીર સબંધી અન્ય ગુનાઓ આચરનાર મોટો ગેંગસ્ટર અને રાજસ્થાન રાજ્યમાંથી ગેરકાયદેસર રીતે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ગુજરાત રાજ્યમાં સપ્લાય કરનાર હિસ્ટ્રીશીટર અને બુટલેગર અનિલ ઉર્ફે અનિલ પાંડયા જગદીશપ્રસાદ જાટ (રહે.રૂપનગર, ફતેહપુર, સીકર, રાજસ્થાન) જેની વિરૂધ્ધ રાજસ્થાન રાજ્યમાં વિવિધ હેડ હેઠળના કુલ-૩૯ થી વધુ ગુનાઓ અને ગુજરાત રાજ્યમાં પ્રોહીબીશન ધારા હેઠળના ૧૦ થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. તેની ગેંગનો આરોપી તૌફીક નઝીર ખાન સભ્ય છે અને ગેંગસ્ટર અનિલ પંડ્યા આરોપી તૌફિક નઝીર ખાન મારફતે હાલમાં સક્રિયપણે ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે મોટા પ્રમાણમાં દારૂના જથ્થાની સપ્લાય કરી તેમાંથી આર્થિક ફાયદો મેળવી રહ્યો છે. આરોપી ગુજરાત રાજ્યના અન્ય ગુનાઓમાં છેલ્લા દોઢેક વર્ષથી નાસતો-ફરતો હતો.

### મળતી રહીશ તો માલામાલ નહીંતર બદનામ કરી દઈશ

# બે સંતાનની માતા પર ચાના ધંધાર્થીનો અવાર નવાર દુષ્કર્મ

## રૈયાગામના રાજુ બાંભવા વિરુદ્ધ માલવિયાનગર પોલીસમાં દુષ્કર્મ, એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો : ધરપકડની તજવીજ

**અબતક, રાજકોટ**

મળતી રહીશ તો માલામાલ કરી દઈશ નહીંતર બદનામ કરી દઈશ કહી શહેરમાં બે સંતાનની માતાને સોનાના દાગીના અને ફ્લેટ અપાવવાની લાલચ આપી આરોપી રાજુ બાંભવા (રહે. રૈયા ગામ ૧૨/૧૩નો ખૂણો)એ દુષ્કર્મ ગુજાર્યાની માલવિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે આરોપીને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ભોગ બનનાર મહિલાએ પોલીસને જણાવ્યું કે તેને બે સંતાન છે. અગાઉ એક હોસ્પિટલમાં હાઉસ કીપર તરીકે નોકરી કરતી હતી. નોકરીના સ્થળે એક્ટિવા લઈને જતી હતી. નાનામવા ચાર રસ્તા ઉપર આરોપીની લારી હતી. જ્યાંથી પસાર થતી ત્યારે આરોપી સામે જોઈ રીક્ષા લઈ અવારનવાર પાછળ આવતો હતો.

બાદમાં એક દિવસ આરોપીએ બિગબજાર ચાર રસ્તા પાસેના ટ્રાફિક સિગ્નલ પાસે રીક્ષામાં આવી તેને એક ચિઠ્ઠી આપી હતી. જેમાં જોતાં આરોપીના નંબર લખેલા હતાં. બીજા દિવસે પણ આરોપી તેની રીક્ષા લઈ હોસ્પિટલ સુધી તેની પાછળ આવ્યો હતો. જેથી કંટાળીને આરોપીને કોલ કરતાં આરોપીએ કહ્યું કે હું તને પ્રેમ કરૂં છું, તારા પતિને પણ સારી રીતે ઓળખું છું. જેની સામે તેણે કહ્યું કે હું બે સંતાનની માતા છું, મને હેરાન ન કર. બાદમાં ફોન કાપી નાખ્યો હતો.થોડીવાર પછી આરોપીએ ફરીથી કોલ કરી કહ્યું કે તારે એક વાર તો મને મળવું જ પડશે, નહીં મળે તો તારા ક્વાર્ટરમાં આવી ફજેતો કરીશ, તારા પતિને પણ કહીશ તને મારી સાથે સંબંધ છે.જેને કારણે ગભરાઈ ગઈ હતી. ત્રણ-ચાર દિવસ પછી આરોપી તેના ઘર આગળથી તેની સામે જોતો નીકળ્યો હતો. પતિને ખબર પડી જશે તો ઘર ભાંગી જશે તેમ વિચારી આરોપી સાથે ફોનમાં વાત કરવાનું શરૂ કર્યું હતું. પાંચ-છ દિવસ સુધી આરોપી સાથે વાત કરી હતી. આ પછી તેને થયું કે પતિને ખબર પડશે તો ઘર ભાંગશે, જેથી બીકને કારણે આરોપીને મળવાનું નક્કી કર્યું હતું. બીજા દિવસે રાત્રે આરોપીને મળતાં તેને ઓટો રીક્ષામાં બેસાડી બસ સ્ટેન્ડ વિસ્તારમાં લઈ ગયો હતો. જ્યાં તેને સોનાના દાગીના અને ફ્લેટ અપાવવાની લાલચ આપી હતી. જેથી આરોપીની વાતમાં આવી ગઈ હતી. તે ઘરે કોઈ પથારીવશ હોય તો તેની સારવાર માટે પણ જતી હતી. તેની જાણ થતા આરોપી તેને એક ઘરે સારવાર માટે જવાના બહાને રીક્ષામાં બેસાડી રાજનગર ચોક વિસ્તારમાં એક મકાનમાં લઈ ગયો હતો. જ્યાં મોટી ઉંમરના દંપતી હતા. આ મકાનમાં તેની સાથે ઈચ્છા વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. બે-ચાર દિવસ પછી ફરીથી તે જ મકાનમાં તેની ઈચ્છા વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. સાથોસાથ સોનાના દાગીના અપાવવાની લાલચ આપી કહ્યું કે આવી રીતે મળતી રહેજે, નહીંતર બદનામ કરી નાખીશ. આ પછી આરોપી રાતના સમયે ત્રણ-ચારથી વખત તેને અવાવરૂ જગ્યાએ લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધતો હતો. એકવાર બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલા ગેસ્ટ હાઉસમાં પણ શરીર સંબંધ બાંધ્યો હતો.

ત્યાર પછી પણ અવારનવાર કોલ કરી મળવા બોલાવતો હતો. તેણે ભૂલી જવાનું કહેતા તેના પતિને બધું કહી દેવાની ધમકી આપતો હતો. પતિએ મોબાઈલ ચેક કરતાં તેણે હકીકતો જણાવી હતી. જેથી પતિએ આરોપીને કોલ કરી તેને હેરાન નહીં કરવા જણાવતાં આરોપીએ તેની સાથે ફોનમાં ઝઘડો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આખરે પતિએ સાંત્વના આપતાં પોલીસ કમિશનર કચેરીમાં અરજી કરી હતી. જાણ થતાં આરોપીએ સમાધાન કર્યું હતું અને પાકુ લખાણ પણ કરાવ્યું હતું. સમાધાન પેટે નક્કી થયેલા રૂપિયા આરોપીએ આપ્યા ન હતાં. જેથી તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. મામલામાં માલવિયાનગર પોલીસે રૈયાધારના રાજુ બાંભવા વિરુદ્ધ દુષ્કર્મ, એટ્રોસિટી સહીતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. મામલાંની તપાસ એસીપી એસસી-એસટી સેલ ચિંતન પટેલ ચલાવી રહ્યા છે.

# મોટા મવાના ફ્લેટમાંથી હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપી લેતી તાલુકા પોલીસ

## ઈલેક્ટ્રિશીયન પ્રવીણ સંઘાણી નાલ પેટે હજાર રૂપિયા ઉઘરાવી જુગારનો પટ માંડતો : અગાઉ એકવાર ફિલ્ડ બેસાડી'તી

**અબતક, રાજકોટ**

શહેરના મોટામોવા વિસ્તારમાં અમરનાથ પાર્કમાં રેઈમ્બો સિટી એપાર્ટમેન્ટના ફ્લેટમાં ચાલી રહેલા જુગારધામ તાલુકા પોલીસે દરોડો પાડી જુગાર રમી રહેલા મોરબીના કારખાનેદાર વેપારી સહિત સાત અને જુગાર રમાડનાર ફ્લેટધારકને ઝડપી લીધો હતો. પોલીસે પટમાંથી રૂ.૧૦.૮૦ લાખની રોકડ મોબાઈલ,કીયા કાર સહિત કુલ રૂ. ૧૮.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઈલેકટ્રીશયન પ્રવિણ સંઘાણી ૧ હજાર નાલ ઉઘરાવી જુગારધામ ચલાવતો હતો. આ પૂર્વે એક વખત ફિલ્ડ બેસાડી હતી.ગઈકાલે બુધવારની રજા હોય મોરબીમાં રહેતા આ મિત્રો અહીં કારમાં જુગાર રમવા આવ્યા હતાં.

### બુધવારની રજા હોય કારખાનેદાર સહિત મોરબીના સાત ખેલીઓ નસીબ અજમાવવા આવ્યા'તા રૂ.૧૦.૮૦ લાખની રોકડ, કાર, મોબાઈલ મળી રૂ.૧૮.૭૩ લાખનો મુદ્દામાલ કબ્જે



જુગારના આ દરોડાની જાણવા મળતી વિગતો મુબજ, તાલુકા પોલીસ મથકના પીઆઆઈ ડી.એમ. હરિપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એચ.મહારાજ તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ મયુરસિંહ જાડેજા અને શિવભદ્રસિંહ ગોહિલને બાતમી મળી હતી કે, કાલાવડ રોડ પર મોટા મોવા વિસ્તારના અમરનાથ પાર્ક સ્થિત રેઈન્બો સીટી-૨ નામના એપાર્ટમેન્ટના ત્રીજા માળે આવેલ ફ્લેટ નંબર ૩૦૨ માં પ્રવીણ સંઘાણી ભાડેથી રહે છે. જેઓ બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી તીન પત્તીનો જુગાર રમાડી રહ્યા હોય અને હાલમાં જુગારનો પાટલો મંડાયેલો હોય તેવી ચોક્કસ બાતમીના આધારે તાલુકા પોલીસની ટીમે અહીં ફ્લેટમાં દરોડો પાડયો હતો.

પોલીસે દરોડા દરમિયાન જુગાર રમાડનાર ફ્લેટધારક પ્રવીણ હંસરાજભાઈ સંઘાણી (ઉવ ૪૫ રહે રાજકોટ) તથા જુગાર રમવા આવેલા ભાવેશ પ્રવીણભાઈ પારજીયા(ઉ.વ.૪૩ રહે મોરબી), ભરત ગોરધનભાઈ સવસાણી(ઉ.વ.૫૧ રહે મોરબી), શાંતિલાલ ગોવિંદભાઈ ફેફર (ઉ.વ. ૫૦ રહે મોરબી), મનોજ દામજીભાઈ દલવાડીયા (ઉ.વ.૩૮ રહે મોરબી), રોહિત ત્રિભોવનભાઈ બાવરવા (ઉ.વ.૪૨ રહે મોરબી), સંજય બાબુભાઈ જીવાણી(ઉ.વ.૩૭ રહે મોરબી) અને પુનિત માવજીભાઈ કૈલા (ઉ.વ.૩૮ રહે મોરબી) ને ઝડપી લીધા હતાં. પોલીસે પટમાંથી રૂ. ૧૦,૮૦,૫૦૦ ની રોકડ તેમજ નવ મોબાઈલ ફોન અને કિયા કંપનીની કાર નંબર જીજે-૩૬-એસી-૯૭૩૧ મળી કુલ રૂ.૧૮,૭૩,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે,જુગાર રમાડનાર પ્રવિણ સંઘાણી ઈલેકટ્રીશયન છે જયારે જુગાર રમવા આવનાર મોરબીના વેપારી અને કારખાનેદાર છે. પ્રવિણ રૂ.૧ હજાર નાલ ઉઘરાવી જુગાર રમવાની વ્યવસ્થા કરી આપતો હતો.આ પૂર્વે પણ એક વખત તેણે ફિલ્ડ બેસાડયુ હોવાનું માલુમ પડયું છે. ગઈકાલે બુધવારની રજા હોય જેથી કારખાનેદાર સહિતના મિત્રો મોરબીથી કીયા કાર લઈ અહીં જુગાર રમવા આવ્યા હતાં.

આ કામગીરીમાં પીઆઈ ડી એમ હરીપરા, પીએસઆઈ એમ એચ મહારાજ, હેડ કોન્સ્ટેબલ કૌશેન્દ્રસિંહ ઝાલા, હરપાલસિંહ જાડેજા, અજયભાઈ ભૂંડિયા, કોન્સ્ટેબલ સંજયભાઈ માંડાણી, મયુરસિંહ જાડેજા, શિવભદ્રસિંહ ગોહિલ, નિકુંજભાઈ મારવીયા, જયપાલસિંહ સરવૈયા, મહાવીરસિંહ જાડેજા, બલભદ્રસિંહ જાડેજા અને અક્ષયભાઈ નાથાણી રોકાયા હતા.

# તે મારો ધંધો બગાડ્યો કહી કટારીયા ચોક નજીક વડાપાઉંના ધંધાર્થીનું મયુરે માથું ફોડી નાખ્યું

## પૈસાની ઉઘરાણી કરી સોની યુવાનને પૂર્વ પાર્ટનરે મોઢાના ભાગે લોખંડનો સળીયો ઝીંક્યો

**અબતક, રાજકોટ**

ગુરૂપ્રસાદ ચોક પાસે રહેતા અને દેવડા ગામના પાટીયા પાસે વડા પાઉંની રેકડી ધરાવનાર યુવાનને તેના પૂર્વ શેઠે ધોકા વડે માર માર્યો હતો. જ્યારે સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે રહેતા સોની વેપારીને તેના મિત્રએ લોખંડના સળિયા વડે મારમાર્યો હતો જે બંને બનાવો અંગે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ગુરુપ્રસાદ ચોક પાસે જય અંબે હોટલની બાજુમાં સુરભી એપાર્ટમેન્ટ બ્લોક નંબર ૩૦૨ માં રહેતા મૂળ દેવભૂમિ દ્વારકાના વતની દિલીપસિંહ ઉમેદસિંહ જાડેજા (ઉ.વ ૩૧) દ્વારા તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે મયુર ભાયાભાઈ ધ્રાંગીયાનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે દેવડા ગામના પાટીએ વડાપાઉંની રેકડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. દેવડા ગામના પાટીયા પાસે જઈ શકતી વડાપાઉં જે મયુર ધ્રાંગિયાની રેકડી છે તેમાં તે મજૂરી કામ કરતો હતો. બાદમાં મયુરભાઈએ તેને ધંધામાંથી છૂટો કરી દીધો હતો. ત્યારબાદ યુવાન નવો ધંધો શોધવા લાગ્યો હતો. બાદમાં અહીં જૂના ધંધાની જગ્યાએ વાત કરતા જગ્યા ભાડે આપવાનું કહેતા જેની જગ્યા હોય તેણે હા કહી હતી. ત્યારબાદ તેણે અહીં વડાપાઉંની રેકડી રાજ શક્તિ વડાપાવ નામે ચાલુ કરી હતી. દરમિયાન જૂના શેઠ મયુર ધ્રાંગીયાને જમીન માલિકે છૂટો કરી દીધો હતો અને તેનો ધંધો બંધ થઈ ગયો હતો જે બાબતનો ખાર રાખી તે અવારનવાર ઝઘડો કરવા માટે ઉશ્કેરતો હતો.

તા. ૨૮/૩ ના સવારના યુવાનની તબિયત બરોબર ન હોય તેણે મિત્ર કેતનને ફોન કરી તું આજે આવજે તેમ વાત કરી હતી. બાદમાં બંને જણા દેવડા ગામના પાટીએ જવા માટે રવાના થતા કટારીયા ચોકડી પાસે મયુર ઉભો હતો અને તેણે રાડ પાડી યુવાને બોલાવી કહેવા લાગ્યો હતો કે તમે શું કામ મારું ધંધો બંધ કરાવ્યો તેમ કહી બોલાચાલી કરી ગાળો આપી હતી અને કહેતો હતો કે આજે તને જાનથી મારી નાખવો છે. બાદમાં અહીંથી ધોકો લઈ માર મારવા લાગ્યો હતો. યુવાનને માથામાંથી લોહી નીકળવા લાગતા તેના મિત્ર કેતને તેને બચાવ્યો હતો. બાદમાં અહીં લોકો એકત્ર થતાં મયુર નાસી ગયો હતો ત્યારબાદ યુવાનને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા બાદ તેને આ અંગે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મારામારીના અન્ય એક બનાવમાં શહેરના સ્પડીવેલ પાર્ટી પ્લોટ પાછળ આર્યશ્રી રેસીડેન્સી બ્લોક નંબર ૩૪ માં રહેતા મયુર ગીરીશભાઈ સાગર (ઉ.વ ૪૨) નામના સોની યુવાને નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જીવરાજ પાર્કમાં તિરુપતિ કોમ્પલેક્ષમાં રહેતા દીપક શાંતિભાઈ ધકાણનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે પેલેસ રોડ પર રાજ પ્લાઝા કોમ્પ્લેક્સમાં સોની કામ કરે છે. ગઈકાલ રાત્રિના ૧૨:૦૦ વાગ્યા આસપાસ તે કાલાવડ રોડ પર રજવાડી ચાની હોટેલે હતો ત્યારે તેના મિત્ર દીપકનો ફોન આવ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે, મને મારા પૈસા આપી દે જેથી યુવાને કહ્યું હતું કે, મારે તને કોઈ રૂપિયો આપવાનો થતો નથી. જેથી દીપક ગાળો બોલવા લાગ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે, તું ક્યાં છો તું મારા ઘરે આવ જેથી યુવાન સવા એક વાગ્યા આસપાસ તિરુપતિ કોમ્પલેક્ષમાં નીચે ગયેલ અને દીપકને કહ્યું હતું કે શું મારી સાથે માથાકૂટ કરે છે. તેવામાં દિપકે લોખંડનો સળીયો કાઢી યુવાનને મોઢા ઉપર મારી દીધો હતો. બાદમાં બંને વચ્ચે ઝપાઝપી થતા અહીં બેથી ત્રણ વ્યક્તિઓ આવી તેમને છૂટા પાડ્યા હતા. યુવાને ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, તેના મિત્ર દીપક ધકાણ જેનું ગામ યુવાનના ગામની બાજુમાં આવેલ છે જેથી તે તેને ઓળખે છે. કોરોના કાળમાં સોની કામનો પાર્ટનરમાં પાંચેક માસ સાથે ધંધો કર્યો હતો.

# કાંગશિયાળીમાં ગ્રાફિક ડિઝાઇનરે ગળાફાંસો ખાઈ જીવન લીલા સંકેલી

## ભવ્ય સાકરીયાએ રસોડામાં જઈ હુંકમાં ચુંદડી બાંધી પગલું ભર્યું : કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલા કાંગશીયાળી ગામે ૧૯ વર્ષીય ગ્રાફીકસ ડીઝાઈનર યુવકે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. આશાસ્પદ યુવાને જીંદગી ટુંકાવી લેતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. આ અંગે પોલીસ અને સિવિલ હોસ્પિટલના સૂત્રોએ આપેલી માહિતી મુજબ કાંગશીયાળી ગામે રહેતા ભવ્ય રાજેશભાઈ સાકરીયા (ઉ.૧૯)એ ગઈકાલે તા.૨/૪ના રોજ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે બેભાન હાલતમાં ખસેડાયો હતો. અત્રે સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ડો. એન.કે. જાદવે ભવ્યને તપાસી મૃત જાહેર કર્યો હતો.સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફને જાણ કરી હતી. અત્રેથી એએસઆઈ સી.જે. ઝાલાએ શાપર-વેરાવળ પોલીસ મથકે જાણ કરતા ત્યાંથી એએસઆઈ મુકેશભાઈ તેમની ટીમ સાથે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. મૃતદેહ પીએમ અર્થે ખસેડી પરીવારની પુછપરછ કરતા જાણવા મળેલ કે ભવ્ય ૨ ભાઈમાં નાનો હતો.

ગ્રાફીકસ ડીઝાઈનનું કામ કરતો. ગઈકાલે બપોરે ઘરે તેમના માતા અને તે હાજર હતા. માતા સુઈ ગયા બાદ ભવ્યએ રસોડામાં છતના હુંકમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. માતાએ જાગીને પુત્રને આ હાલતમાં જોતા આસપાસ રહેતા લોકોને અને પરીવારના સભ્યોને જાણ કરી હતી.સારવાર મળે તે પહેલા જ ભવ્યનું મોત નિપજયું હતું. ભવ્યના પિતાએ જણાવ્યું કે એવું કોઈ કારણ નહોતું કે ભવ્યએ આવું પગલુ ભરવું પડે જેથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


વ્યવસાયી વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, રાજકોટ
વી.વી.પી. દ્વારા
વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે
માર્ગદર્શન સેમીનાર
ધોરણ ૧૦ પછી શું ?
સાયન્સ, કોમર્સ, આર્ટસ, એન્જીનીયરીંગ, આર્કિટેકચર,
૭૦ મિનીટનો સેમીનાર, ૭૦ વર્ષનું કારકિર્દી અને જીવન ઘડતર
આપના દરેક પ્રશ્નોનાં સત્ય, સ્પષ્ટ અને સચોટ જવાબો
તારીખ : ૬ એપ્રીલ ૨૦૨૫, રવિવાર
સમય : સવારે ૯:૩૦ કલાકે
સ્થળ : હેમુ ગઢવી હોલ, ટાગોર રોડ, રાજકોટ.
વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ
ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેકચર
કીચ સ્કૂલ ઓફ ઈન્ટીરીયર ડીઝાઈન
ટ્રસ્ટી :
શ્રી કૌશીકભાઈ શુકલ, શ્રી હર્ષલભાઈ મણીઆર,
શ્રી ડો. સંજીવભાઈ ઓઝા, શ્રી ડો. નરેન્દ્રભાઈ દવે, શ્રી ડો. નવીનભાઈ શેઠ
વધુ માહિતી માટે સંપર્ક : ૯૧૫૭૭ ૧૯૭૮૧ (એન્જીનીયરીંગ)
૯૫૧૦૪ ૩૭૫૨૦ (આર્કિટેકચર તથા ઈન્ટીરીયર ડીઝાઈન)

તંત્રી લેખ

# સરકારના જમાઈ બની કામ કરનારા અધિકારી કર્મચારી શાનમાં સમજી જાય!!

સરકારી કચેરીમાં આવતા લોકોના કામો કરવામાં બેદરકારી કરનારા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સામે અંતે રાજ્ય સરકારે લાલ આંખ કરી છે. મુખ્યમંત્રીએ સરકારી ઓફિસે આવતા લોકોને હાલાકી ભોગવવી ન પડે તે પ્રમાણે કામગીરી કરવાની સ્પષ્ટ તાકીદ કરી છે. લાલીયાવાડી ચલાવી લેવામાં આવશે નહીં તેવો સંદેશો આપી દેવામાં આવ્યો છે.

અરજદારોની અરજીનો સત્વરે નિકાલ થાય અને પડતર અરજીઓ ઘટે તે દિશામાં પ્રયાસો હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.સરકારના જમાઈની માફક કામ કરી રહેલા અધિકારીઓ અને કર્મચારીઓ માટે આ સુધારી જવાનો અંતિમ સંદેશ છે.હવે પગાર મુજબ કામ કરી લોકોના પ્રશ્નો વાચા આપવી જ પડશે.લાંબા સમય સુધી અરજી પડતર રાખતા અધિકારી-કર્મચારીઓનું તો હવે આવી જ બનશે.રાજ્યમાં અધિકારી રાજ પોતાનું સામ્રાજ્ય ફેલાવી રહ્યું હોય તેવી અનેક ફરિયાદો ઉઠતા કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જનહિતલક્ષી મહત્વની સૂચના આપવી પડી છે.જેના પરથી જ સમગ્ર ઘટનાની ગંભીરતા સમજી શકાય છે.રાજ્યની તમામ સરકારી કચેરીઓ કે સંસ્થાઓમાં આવતા લોકો અને અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડે છે.નિયત સમયમાં કોઈ જ કામગીરી હાથ ધરવામાં આવતી નથી.

અરજદારોની અરજીનો ઝડપી નિકાલ આવે અને લાંબા સમયથી પડતર રહેતી અરજીઓની પેન્ડેન્સી ઘટે તે માટેના પ્રયાસો હાથ ધરવાની સૂચના મુખ્યમંત્રીએ કેબિનેટ બેઠકમાં આપી છે.

રાજ્યના જન સંપર્ક કાર્યાલય, જિલ્લા તેમજ તાલુકા પંચાયત, આરોગ્ય કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં આવતા અરજદારો કે સર્વિસ મેળવવા માટે આવતા લોકોની સમસ્યા અને ફરિયાદનું સત્વરે નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવા કહેવામાં આવ્યું છે.

લાંબા સમય સુધી અરજી નો નિકાલ ન કરતા અધિકારી-કર્મચારી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી પણ સૂચના આપવામાં આવી છે.

ચેઇન્જ ચિલ્ડ્રન ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા

# પ્લે હાઉસ અને પ્રાથમિક - ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો માટે તાલિમ યોજાશે

## શિક્ષણની વિવિધ ટેકનીક સાથે શૈક્ષણિક રમકડાંના ઉપયોગથી બાળક જાતે ભણતો થાય છે

### ચાર દાયકાના શિક્ષણના અનુભવી તજજ્ઞો શિક્ષકોને તાલિમ આપશે

**અબતક, રાજકોટ**

શહેરમાં બાળકોના સંર્વાગી વિકાસ માટે સતત અને સક્રિય રીતે કાર્ય કરતી ચેઈન્જ ચિલ્ડ્રન ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા પ્લે હાઉસ, પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિકના શિક્ષકો માટે તાલિમનું આયોજન કરવામાં આવેલ છે. શાળા-સંચાલકો પોતાની શાળામાં તાલિમ યોજવા માંગતા હોય તો પણ સંપર્ક કરવો.

શિક્ષાની વિવિધ ટેકનીક સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિ સાથે શૈક્ષણિક રમકડાંના ઉપયોગથી બાળકને રસ પડતા તે જાતે ભણતો થાય છે. બાળકોનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનું ઘણું મહત્વ હોવાથી આ બાબતે કાળજી લેવી જરૂરી છે.

વિષય તજજ્ઞ અને આ ક્ષેત્રે ચાર દાયકાથી કાર્ય કરતાં અરૂણ દવે તથા ડાયેટના નિવૃત્ત પ્રાચાર્ય વી.ઓ. કાચા સહિતના તજજ્ઞો શિક્ષકોને તાલિમ આપશે. બાળકોના વિકાસમાં શાળા ઉપરાંત ઘરનો મહત્વનો રોલ હોવાથી વાલીઓ માટે પણ સેમીનાર યોજવામાં આવશે.

રસ-રૂચી-વલણો આધારીત અને અસરકારક વર્ગ વ્યવસ્થા શિક્ષણમાં મહત્વની હોવાથી શિક્ષકોને આ બાબતે જાગૃત્ત કરાશે. તેમ તાલિમ આયોજક અને ચાઈલ્ડ સાયકોલોજીસ્ટ અરૂણ દવેએ જણાવેલ છે. તાલિમ ફૂલ ડે કે હાફ ડેની રાખવામાં આવશે.

બાળકોના વિવિધ કલામાં ચિત્રકલા, ઓરેગામી, શૈક્ષણિક રમકડાં નિર્માણ જેવી પ્રવૃત્તિ સાથે જુથમાં કાર્ય કરાવવામાં આવશે. ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા અઘરા વિષયોને સરળ કેમ ભણાવી શકાય તેની તાલિમ પણ આપવામાં આવશે. કઠપૂતળી દ્વારા પણ શિક્ષક અસરકારક શિક્ષણ આપી શકે છે. તેથી આ બાબતે તાલિમબધ્ધ કરાશે.

તાલિમ યોજવા શાળા સંકુલ ચેરમેન અરૂણ દવે - ૯૮૨૫૦ ૭૮૦૦૦ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

# પ્રાકૃત્તિક ખેતી થકી સમૃધ્ધ બન્યાં મેંગણીના પાનસુરિયા બંધુ

## ખેતરથી ખાનાર સુધી સ્વાસ્થ્યવર્ધક ઉત્પાદનો પહોંચાડવાની પ્રેરણા રાજ્યપાલ પાસેથી મળી: ખેડૂત ધવલભાઈ







**અબતક, રાજકોટ**

સમગ્ર રાજ્યમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન પૂરજોશમાં આગળ વધી રહ્યું છે. રાજ્યના લાખો ખેડૂતો આજે પ્રાકૃતિક ખેતી કરતા થયા છે, ત્યારે કોટડાસાંગાણી તાલુકાના મેંગણી ગામના ધવલભાઈ પાનસુરીયા અને મોહિતભાઈ પાનસુરીયાએ પ્રાકૃતિક ખેતી અને ઉત્પાદનના મૂલ્યવર્ધન દ્વારા પોતાની મસાલા બ્રાન્ડ વિકસાવી છે અને આજે તેઓ પોતાની બ્રાન્ડ દ્વારા આન્ત્રપ્રેન્યોર બની વર્ષે લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે.

મેંગણીના ધવલભાઈ પાનસુરીયા કહે છે કે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રાકૃતિક ખેતી તરફ વળવાની હિમાયત અને તેના પુસ્તકના અભ્યાસ થકી પ્રેરણા મેળવીને શિબિરમાં જોડાઈ અને છેલ્લાં ચાર વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

ધવલભાઈએ ઉમેર્યું હતું કે ૩૫ વીઘાની જમીનમાં મિશ્ર પાક દ્વારા ખેતી કરવામાં આવે છે. જેમાં મરચું, હળદર, ધાણા, જીરું, રાય, મેથી જેવા મસાલા સાથે જ ઘઉં, મગફળી, ચણા, મગ જેવા પાકની ખેતી કરીએ છીએ. આ તમામ ઉત્પાદનોનું તેમની બ્રાન્ડ ''સુદર્શન'' અંતર્ગત વેચાણ કરવામાં આવે છે.


પ્રાકૃતિક ઉત્પાદનો અને તેના મૂલ્યવર્ધન સાથે જ પાનસુરીયા બંધુઓએ ખેતીને નવું વ્યવસાયિક સ્વરૂપ આપ્યું છે. સોશિયલ મીડિયા દ્વારા પોતાના ઉત્પાદનોના વેચાણ સાથે પાનસુરીયા બંધુઓ સમગ્ર રાજકોટમાં પોતાના ઉત્પાદનોને હોલસેલ તેમજ રિટેલ સ્વરૂપમાં હોમ ડીલીવરી દ્વારા પણ પહોંચાડે છે. આમ, પ્રાકૃતિક ખેતી થકી ઉદ્યોગ સાહસિકતા તરફ વળેલા આ પાનસુરીયા બંધુઓ અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ છે.

વિરાણી પૌષધ શાળામાં

# ધીરગુરુદેવની નિશ્રામાં મનને જાણો મનને જીતો, પ્રવચન શ્રેણીનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

સ્થાનકવાસી જૈન મોટા સંઘ, વિરાણી પૌષધશાળા પેલેસ રોડ ખાતે ધીરગુરુદેવની નિશ્રામાં નવપદ આયંબિલ ઓળી આરાધના પર્વ પ્રસંગે મનને જાણો મનને જીતો પ્રવચન શ્રેણીની પૂર્વ ભૂમિકામાં જણાવેલ કે શુભ અને અશુભ બે પ્રકારના ધ્યાન મુખ્યત્વે છે. જે ધ્યાન કરવાથી જીવ દુઃખી બને છે. તે અશુભ અને જે ધ્યાન કરવાથી જીવ સુખી બને છે તે શુભ છે.



આયંબિલ તપ કરનારે પાસ મેળવી લેવા તા.૬ ને રવિવારે સમસ્ત રાજકોટ સમુહ આયંબિલ તપના પાસ શનિવાર સુધીમાં મળશે. તા. ૮ને મંગળવારે બપોરે સમસ્ત મહિલા મંડળ અને બહેનો માટે બપોરે ૩ થી ૪.૩૦ કલાકે શિબિરનું આયોજન છે.

રવિવારીય જૈન શાળા તથા ૧૫ વર્ષ સુધીના બાળકો માટે રવિવારે સમુહ બાલ તપસ્વી આયંબિલ રાખેલ છે. રોજ સવારે ૯ કલાકે ભકતામર પાઠ યોજાશે.

# ડાન્સ પર્ફોમન્સ દ્વારા ૩ વર્ષની ક્વિાએ દર્શકોના મન મોહ્યા



**અબતક, રાજકોટ**

ફર્સ્ટકરાય પ્રિ-સ્કૂલના પ્રિન્સિપાલ સૂચિતાબેન પટેલ તથા વીનીતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ હેમુ ગઢવી હોલ ખાતે એન્યુઅલ ડે સેલિબ્રેશનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ક્વિા જયભાઈ નિર્મળએ ૩ વર્ષની ઉંમરે પ્રથમ વખત જ સ્ટેજ ઉપર અદભુત ડાન્સ પર્ફોમન્સ કરીને સૌ વાલીઓ તથા ઉપસ્થિત મહેમાનોના દિલ મોહી લીધા હતા. આ સાથે સ્કુલના ભૂલકાઓ, વાલીઓ અને શિક્ષકોએ પણ સુંદર ડાન્સ પર્ફોર્મન્સ કર્યું હતું.

મેમણ જમાત દ્વારા ભાઈચારા સાથે ઈદમિલન

# પોલીસ કમિશનર બ્રિજેશ ઝાની અધ્યક્ષતામાં હિન્દુ-મુસ્લિમોની એકતાનો અદભુત પરીચય

## રોજાદાર બાળકોનું સન્માન કરી જરૂરીયાત મંદોને રાશન કીટનું વિતરણ




**અબતક, રાજકોટ**

સખત કાળઝાળ ગરમીમાં ભુખ પ્યાસ સાથેના રોજા પુર્ણ થતા પવિત્ર રમજાન માસની પુર્ણાહુતિનો દિવસ એટલે કે ઈદ-ઉલ-ફીત્ર રમજાન ઈદ નિર્મિત મુસ્લિમો દ્વારા નગીના મસ્જીદ બહાર સટ્ટા બજાર ખાતે ઈદ મિલન નો એક કાર્યક્રમ રાજકોટના કાર્યદક્ષ પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા ના પ્રમુખ સ્થાને યોજાયેલ હતો. જેમાં ઈદ-મિલન અને ચેટીચાંદ આગળ પાછળ દિવસે આવતા હોવાથી હિન્દુ-મુસ્લિમોમાં કોમી એકતાનો અદભુત પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે સૌ પ્રથમ પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા અને શિક્ષણ સમિતિના પૂર્વ સદસ્ય અને મેમણ જમાતના પ્રમુખ મુસ્લિમ અગ્રણી ફારુક બાવાણીએ એકબીજાને ઈદની ભલી શુભેચ્છાઓ પાઠવી હતી. અને દાણાપીઠ વેપારી એસો. તરફથી જરુરતમંદ પરિવારોને પોલીસ કમિશ્નરના શુભ હસ્તે ઈદ નિમિતે ગરીબ જરુરતમંદ પરિવારોને રાશન કીટ તથા જેન્ટસ, લેડીઝ ડ્રેસ અર્પણ કરવામાં આવેલ હતા. આ પ્રસંગે ઉપરાંત, ડી.સી.પી. ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ તથા ઝોન-૧ ડીસીપી સજજનકુમાર પરમાર તથા ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા તથા ડીસીપી ટ્રાફીક પુજા યાદવે પણ મેમણ જમાતના ટ્રસ્ટી યાસીનભાઈ બાવાણી, તથા મુસ્લિમ અગ્રણી હાજી હુસેનભાઈ સમા, એડવોકેટ હાજી સીદીકીભાઈ જસરાયા તથા ઈદ મુબારક પાઠવી હતી.

જમાતના પ્રમુખ ફારુકભાઈ બાવાણીએ જણાવ્યું હતું કે હિન્દુ-મુસ્લિમ બિરાદરોએ વેરઝેર ભુલી જઈને કોમી એખલાસ અને ભાઈચારા સાથે સૌ ગળે મળીને હસ્તધનુન કરીને સાચા દિલથી એકબીજાને મુબારક બાદ પાઠવીએ અને લોકોની સુખાકારી જળવાઈ રહે અને દેશમાં શાંતિ એકતા અને ભાઈચારો બની રહે છે.

# ડીસા ફેકટરી દુર્ઘટનામાં મૃત્યુ પામનારને પૂ.મોરારિબાપુની શ્રધ્ધાંજલી

## કરૂણ દુર્ઘટનાનો ભોગ બનેલા મજુરોને બાપુ દ્વારા સહાયતા રાશિ અર્પણ



**અબતક, રાજકોટ**

બનાસકાંઠાના ડીસામાં એક ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં આગ લાગી હતી પ્રાપ્ત માહિતી અનુસાર આ કરુણ ઘટનામાં મધ્ય પ્રદેશ ના ૨૧ મજુરોના મોત નિપજયા છે. બાપુએ તેમનાં પરિવારજનોને રુપિયા ૩,૧૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. થોડા દિવસ પહેલાં જમ્મુ ના કઠુઆ વિસ્તારમાં ભારતીય સેનાના ચાર જવાનો મુઠભેડમાં શહીદ થયા હતા તેમની શહાદતને વંદન કરી પૂજ્ય મોરારીબાપુએ આ જવાનોને પ્રત્યેકને રૂપિયા ૨૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. જે રકમ આર્મી વેલફેર ફંડમાં મોકલવામાં આવશે. એ ઉપરાંત શિહોર નજીકના દેવગાણા ગામે મહિલાનું મોત નિપજ્યું હતુ તેના પરિવાર ને ૧૫,૦૦૦ રુપિયા અર્પણ કરવામાં આવ્યા છે. મહુવા નજીક અકસ્માતમાં એક વ્યક્તિનું મરણ થતાં તેના પરિવારને પણ રુપિયા પંદર હજારની સાંતવના રાશી અર્પણ કરી છે. પૂ. મોરારીબાપુની રામકથા આર્જેન્ટિના ખાતે ચાલી રહી છે. તેમણે આ ઘટનામાં મૃત્યુ પામેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે. આ તમામ ઘટનાઓમાં માર્યા ગયેલાઓને માટેની વિતજા સેવા કથાના મનોરથી પરિવાર રોહીત દ્વારા કરાશે. પૂ. મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

# સ્વચ્છ ભારત મિશનના ૧૦૫૬ કામોના ખર્ચને બહાલી અપાઈ

**અબતક, રાજકોટ**

જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગવર્નીંગ બોડી, કારોબારી સમિતિ અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ની સુખાકારી સમિતિની બેઠક યોજાઈ હતી.

જેમા સ્વચ્છ ભારત મિશનના ૧૦૫૬ કામો સહિત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સંચાલિત જન કલ્યાણ લક્ષી વિવિધ યોજનાઓની કામગીરીની ભૌતિક અને નાણાંકીય સમીક્ષા કરી બહાલી આપવામા આવી હતી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી સહિત અધિકારીઓએ પ્રધાનમંત્રી આવાસ યોજના, મનરેગા, સ્વચ્છ ભારત મિશન અને પ્રગતિ હેઠળના કામો વિષે થયેલ કામ, પ્રગતિ હેઠળના કામો અંગે જાણકારી મેળવી હતી.

વર્ષ ૨૦૨૪-૨૫ મા રાજકોટ જિલ્લામા ૭૨૧૩ કુટુંબોને મનરેગા યોજના હેઠળ ૩.૨૬ લાખ માનવદિનની રોજગારી આપવામા આવી હતી. ત્યારે વર્ષ ૨૦૨૫-૨૬ મા પણ મનરેગા સહિતના કામોમા લક્ષ્યાંકો હાસલ કરી જિલ્લામાં લાભાર્થીઓને યોજનાઓનો લાભ મળે તે દિશામાં વધુ કાર્યરત રહેવા જિલ્લા વિકાસ અધિકારીએ અધિકારીઓને સૂચન કર્યું હતું.

આ તકે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ચૌહાણ, સહિત સમિતિના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં

# ગોંડલ: સંઘાણી સંઘમાં સતત ત્રીજી ટર્મ પ્રમુખપદે અશોકભાઈ કોઠારીની વરણી

## મંત્રી તરીકે કમલેશભાઈ સંઘાણીની અને ખજાનચી તરીકે બીપીનભાઈ શેઠની નિમણૂક



**અબતક, રાજકોટ**

ગોંડલ સંઘાણી સંઘમાં તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી. સંઘાણી સંઘમાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થઈ હતી ત્યારબાદ મંગળવારે કારોબારી સભ્યોની મીટીંગ યોજાય હતી ત્યારે પ્રમુખ તરીકે અશોકભાઈ કોઠારીની નિમણૂક કરી, ત્યારબાદ અશોકભાઈએ દરેક કારોબારી સભ્યોનો આભાર માન્યો અને સાથોસાથ આ ચૂંટણીમાં ચૂંટણી અધિકારી તરીકે ચેતનભાઈ મહેતા , પ્રકાશભાઈ પંચમીયા અને નીતિનભાઈ વસાએ ખુબજ સરસ રીતે આ સેવા કાર્ય કરેલ અને દરેક કારોબારી મેમ્બર્સ વતી આ સરાહનીય સેવા બદલ તેનો અંતઃકરણ પૂર્વક આભાર માનેલ , અને જણાવ્યું કે ચૂંટણી એક વ્યવસ્થાનો ભાગ હોય છે , પણ ત્યારબાદ આપણે દરેકે તે ભૂલી ને હવે સંઘના કાર્યમાં આગળ વધવું જોઈએ અને આપણી વચ્ચેનો ભાઈચારો યથાવત રહેવો જોઈએ , તેમજ ત્યારબાદ મંત્રી તરીકે કમલેશભાઈ સંઘાણીની અને ખજાનચી તરીકે બીપીનભાઈ શેઠની નિમણૂક કરવામાં આવેલ આ પ્રસંગે દરેક કારોબારી સભ્યો હાજર રહેલ જેમકે કનુભાઈ સંઘાણી , ગિરીશ બાવીસી , ગૌરવ બાવીસી , જયેશ દેસાઈ , અશોક પઢિયાર તેમજ બીપીનભાઈ આશરા અંતમાં સંઘના દરેક કાર્યો તેમજ વયાવચ્ચ જેવા કાર્યોમાં દરેકે સાથે મળીને કરવા તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો

# હોમગાર્ડઝ અધિકારી સરફરાઝ ખફીફનો આજે જન્મદિવસ



શહેર યુનિટ હોમગાર્ડઝ પશ્ચિમ વિભાગનાં ઝોનલ અધિકારી સરફરાઝભાઈ એ. ખફીફ ઉર્ફે ભાણાભાઈનો આજે જન્મદિવસ છે. વર્ષ ૨૦૦૦થી હોમગાર્ડઝ દળમાં હોમગાર્ડઝ સભ્યથી લઈને વખતો વખત સારી કામગીરીના કારણે મળેલ જવાબદારી નિભાવી હાલ સિનિયર પ્લાટુન કમાન્ડર સુધીની સફર કરી ખુબ ઉંચા સ્થાને કાર્યરત છે. હમેંશા તમામને મદદરૂપ બની અને સૌને સાથે લઈને ચાલવા વાળા, મિલનસાર સ્વભાવ, મહેનતુ, બહોળુ મિત્રવર્તુળ ધરાવતા સરફરાઝભાઈ આજે ૪૩ વર્ષ પુર્ણ કરી તેઓ ૪૪ માં વર્ષમાં પ્રવેશ કરે છે. સ્નેહીજનો, શુભચિંતકો, હોમગાર્ડમિત્રો તથા કુટુંબીજનોએ રૂબરૂ તેમજ ફોન મારફતે શુભેચ્છાઓ પાઠવેલ છે. તેમના મો.નં.૮૯૮૦૭૦ ૪૫૪૬ અને ૮૧૬૦૫૯૩૧૮૦ છે.

# જનસેવા ટ્રસ્ટના ટ્રસ્ટી ફિરોઝ ચારણીયાનો જન્મદિવસ



જનસેવા ટ્રસ્ટના ટ્રસ્ટી ફીરોઝભાઈ ચારણીયાનો આજે જન્મદિવસ છે. ફીરોઝભાઈ ટ્રસ્ટના સ્થાપનાકાળથી સેવા આપી રહ્યા છે. જનસેવા ટ્રસ્ટ કે જે નાત જાતના ભેદભાવ વગર દર્દીઓને મેડીકલ ક્ષેત્રે સહાય આપે છે. જીવદયા ક્ષેત્રે પોતે દરરોજ કીડીઓને કીડીયારૂ, કબૂતરને ચણ, કાબરને ગાંઠીયા વગેરે ખવડાવી પુણ્યનુ ભાથુ બાંધતા રહે છે. કેમીકલનો વ્યવસાય ધરાવનારા ફીરોઝભાઈ વિશાળ મિત્રવર્તુળ ધરાવે છે. હાસ્ય સાથે સૌની સાથે ભળી જનારા ફીરોઝભાઈ પરોપકારના કાર્યો થકી આનંદ મેળવે છે. સમાજના અગ્રણીઓ અને કાર્યકર્તા ભાઈઓ-બહેનો દ્વારા ફીરોઝભાઈ ચારણીયાના મોબાઈલ નંબર ૯૮૨૫૪૬૯૬૨૮ ઉપર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

# નાના મવા સર્કલે રામ મસાલા માર્કેટમાં કોર્પોરેશનનું ચેકીંગ

## ૨૫ સ્ટોલમાં ચકાસણી હાથ ધરાય: ૧૦ અલગ-અલગ મસાલાના નમૂના લેવાયા



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ દ્વારા મસાલાની સિઝનને અનુલક્ષીને સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના નાના મવા સર્કલ પાસે આવેલી શ્રીરામ મસાલા માર્કેટમાં ૨૫ સ્ટોલમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત મસાલા માર્કેટમાંથી ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ હેઠળ ૧૦ અલગ - અલગ મસાલાના નમૂના પરીક્ષણ અર્થે લેવામાં આવ્યા હતા. ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના ક્રિસ્ટલ મોલ થી આકાશવાણી ચોક વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૪ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી તેમજ ખાદ્ય ચીજોના કુલ ૧૯ નમૂનાની સ્થળ પર ચકાસણી કરાય હતી.

ફૂડ વિભાગની ટીમે જલારામ ખમણ, શ્રી બાલાજી ઘૂઘરા, ગાંધી સોડા શોપ અને શુભ બ્રેકફાસ્ટ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી.

જ્યારે રાજ સેન્ડવીચ, નેશનલ ચાઈનીઝ પંજાબી, જીજે-૫ સેન્ડવીચ, શંકરવિજય ડેરી ફાર્મ, પટેલ ડાઈનીંગ હોલ, શિવ ઢોસા પાઉંભાજી, કૃશ કાફે, સંતુષ્ટિ શેક, ટી સ્ટેશન, સંતુષ્ટિ શેક, પાંડેજી, વર્લ્ડ ઓફ વેફલ્સ, જય ભવાની વડાપાઉં, ઢોસા હબ, ૨૨ પેરેલલ, જલારામ આલ્પાહાર, જોગમાયા આલ્પાહાર અને ટ્વીલાઈટ સોડાની ચકાસણી કરવામાં આવી હતી.

# રાજ્યમાં છ દિવસ હિટવેવની આગાહી વચ્ચે રાજકોટમાં બપોરે પારો ૪૨ ડિગ્રીએ પહોંચ્યો

## સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી દિવસોમાં પારો ૪૪ ડિગ્રીએ પહોંચવાની સંભાવના: ગરમી સામે સાવધાની રાખવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એડવાઈઝરી જાહેર કરાઈ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આજથી ગરમી ભુક્કા કાઢશે. હવામાન વિભાગે કચ્છ અને સૌરાષ્ટ્રમાં હીટવેવની આગાહી કરી છે. આ જિલ્લાઓમાં તાપમાનનો પારો ૪૨થી ૪૩ ડિગ્રી સુધી જવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે.ગઈકાલે રાજ્યમાં સૌથી વધુ ૪૨.૮ ડિગ્રી તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. જયારે રાજ્યમાં છ દિવસ હિટવેવની આગાહી વચ્ચે રાજકોટમાં પારો ૪૨ ડિગ્રીએ પહોંચ્યો છે.

એપ્રિલ મહિનો શરૂ થતા જ રાજકોટમાં ગરમી અગનગોળા વરસાવી રહી છે. ૧ એપ્રિલે ૪૨.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. આગામી સાત દિવસ દરમિયાન રાજકોટમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી જવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ત્યારે ગરમી સામે સાવધાની રાખવાની સલાહો પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જારી કરાઈ છે.તાપમાનના આ આંકડાએ રાજકોટમાં છેલ્લા દાયકામાં પડેલી ગરમીની યાદ તાજી કરી છે. રાજકોટમાં વર્ષ ૨૦૧૭માં એપ્રિલમાં મહત્તમ ૪૪.૮ અને એ પછી વર્ષ ૨૦૧૯માં ૪૪.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સમયે આકાશમાંથી જાણે અગનવર્ષા વરસતી હોય તેવો અનુભવ થતો હતો અને બપોરે ગરમીનો કર્ફ્યૂ લાગ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. છેલ્લા દાયકામાં વિવિધ વર્ષોમાં એપ્રિલ મહિનામાં નોંધાયેલા તાપમાનની વિગતો જોઈએ તો, વર્ષ ૨૦૨૨માં ૪૩.૭૦ ડિગ્રી ગરમી, ૨૦૨૦માં ૪૩.૩૦ ડિગ્રી, વર્ષ ૨૦૧૦માં ૪૩.૧૦ ડિગ્રી, વર્ષ ૨૦૧૮માં ૪૩ ડિગ્રી, વર્ષ ૨૦૨૧માં ૪૨.૩૦ ડિગ્રી તથા વર્ષ ૨૦૨૩માં ૪૧.૫૦ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

# ગુજકેટમાં ગુજરાતી-અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓને ત્રણ ગુણની લ્હાણી

## હાલમાં જાહેર કરવામાં આવેલી આન્સર કી સામે વિદ્યાર્થીઓને કોઈ પ્રશ્ન હોય તો શનિવાર સુધીમાં રજૂઆત કરવા તાકીદ

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૩મી માર્ચના રોજ લેવામાં આવેલી ગુજકેટની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી દેવામાં આવી છે. બોર્ડ દ્વારા જાહેર કરવવામાં આવેલી પ્રોવિઝનલ આન્સર કીમાં મુખ્ય પરિણામ પહેલા જ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ત્રણ ગુણ અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને ચાર ગુણ ગ્રેસિંગ કરી દેવાનો નિર્ણય કરાયો છે. હાલમાં જાહેર કરવામાં આવેલી આન્સર કી સામે વિદ્યાર્થીઓને કોઈ પ્રશ્ન હોય તો આગામી ૫મી એપ્રિલ સુધીમાં રજૂઆત કરવા તાકીદ કરવામાં આવી છે. ધો.૧૨ સાયન્સ પછી ડિગ્રી ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે જેઈઈની જેમ સ્થાનિક કક્ષાએ ૨૩મી માર્ચે ગુજકેટ લેવામાં આવી હતી. રાજયના ૨૪ શહેર અને ૬૩૮ બિલ્ડીંગમાં બેઠક વ્યવસ્થા ગોઠવીને ગુજકેટ લેવામાં આવી હતી. આ પરીક્ષામાં કુલ ૧,૨૬,૨૮૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષા પુરી થાય બાદ અંદાજે ૯ દિવસમાં બોર્ડ દ્વારા આન્સર કી જાહેર કરી દેવામાં આવી છે. મેથ્સ, બાયોલોજી, ફીઝીક્સ અને કેમેસ્ટ્રી વિષયમાં પરીક્ષા આપનારા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની પ્રોવિઝન આન્સર કી આજે સાંજે જાહેર કરવામાં આવી છે. બોર્ડે કરેલી જાહેરાત પ્રમાણે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે ત્રણ-ત્રણ ગુણ અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓ માટે કુલ ચાર ગુણ ગ્રેસિંગ કરી દેવામાં આવશે. એટલે કે જે પરીક્ષા લેવામાં આવી તેમાં પ્રશ્નમાં ભુલ હોવાથી પરિણામ જાહેર થયા પછી કોઈ વિવાદ થાય તે પહેલા જ બોર્ડ દ્વારા આન્સર કીની સાથે જ આ માર્કસ વિદ્યાર્થીઓને આપી દેવાની જાહેરાત કરી દેવામાં આવી છે. મેથ્સ વિષયની પરીક્ષામાં ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં એક પ્રશ્નની ભુલ હતી. આજ રીતે કેમેસ્ટ્રીમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં બે પ્રશ્નોની ભુલ હતી આ સિવાય બાયોલોજીમાં હિન્દી માધ્યમમાં એક પ્રશ્નમાં ભુલ હોવાથી વિદ્યાર્થીઓને આ માર્કસ સીધા આપી દેવામાં આવશે. આ સિવાય બાયોલોજીમાં હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમા એક પ્રશ્નમાં બે વિકલ્પ સાચા હોવાથી વિદ્યાર્થીઓ બે પૈકી કોઈપણ એક જવાબ આપ્યો હશે તો તેને સાચો ગણીને માર્કસ આપવામાં આવશે. માત્ર ફીઝીક્સ વિષયમાં કોઈપણ માધ્યમમાં એકપણ પ્રશ્નમાં ભુલ ન હોવાની સ્પષ્ટતાં પણ બોર્ડ દ્વારા કરવામાં આવી છે.

# રિલાયન્સ આંધ્રપ્રદેશમાં ૫૦૦ સીબીજી પ્લાન્ટ્સ સ્થાપી પશકલગીમાં કરશે ઉમેરો

## આંધ્રપ્રદેશના કનિગીરી ખાતે પ્રથમ સીબીજી પ્રોજેક્ટનો શિલાન્યાસ કરતા મંત્રી નારા લોકેશ: સીબીજી હબ વિકસાવવા રૂા.૬૫,૦૦૦ કરોડનું મૂડી રોકાણ

**અબતક, રાજકોટ**

આંધ્રપ્રદેશના આઈટી અને ઈલેક્ટ્રોનિક્સ વિભાગના મંત્રી અને રોજગાર સર્જન માટેના મંત્રીઓના જૂથના અધ્યક્ષ શ્રી નારા લોકેશે આજે આંધ્રપ્રદેશના પ્રકાસમ જિલ્લામાં કાનિગિરી ખાતે પ્રથમ રિલાયન્સ કોમ્પ્રેસ્ડ બાયોગેસ (સીબીજી) પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો હતો.

આ પ્રોજેક્ટ રૂ. ૧૩૯ કરોડના મૂડીરોકાણ સાથે વિકસાવવામાં આવી રહ્યો છે અને આંધ્રપ્રદેશ માટે કુલ રૂ. ૬૫,૦૦૦ કરોડના મૂડી ખર્ચ સાથે સંકળાયેલા ૫૦૦ પ્રોજેક્ટ્સની શ્રેણીનો આ પહેલો પ્રોજેક્ટ છે. આ પ્લાન્ટ નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવશે અને ઉક્ષ્ક્ડ તથા પડતર જમીન પર નેપિયર ઘાસ ઉગાડીને તેનો ઉપયોગ બાયોગેસ ઉત્પન્ન કરવા માટે કરવામાં આવશે.આ પ્રોજેક્ટ હેઠળ ખેડૂતોને લીઝની આવકની ચુકવણી કરવામાં આવશે જેથી ગ્રામીણ અર્થતંત્રને નોંધપાત્ર રીતે આજીવિકા મળે અને આ ઉપરાંત ખેડૂતો દ્વારા ઉગાડવામાં આવતા ઘાસ માટે નિશ્ચિત કિંમત પણ નક્કી કરવામાં આવશે.

રિલાયન્સે આંધ્ર પ્રદેશમાં ઈન્ટિગ્રેટેડ સીબીજી હબ સ્થાપવા માટે એક સાહસિક સફર શરૂ કરી છે. આ હેતુ માટે પ્રકાશમ, અનંતપુર, ચિત્તૂર અને કડપ્પામાં લગભગ ૫૦૦,૦૦૦ એકર ઉક્ષ્ક્ડ અને પડતર જમીનનો ઉપયોગ કરવામાં આવશે.એકવાર બધા પ્લાન્ટ સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે પછી તેના થકી વાર્ષિક ૪૦ લાખ ટન ગ્રીન, ક્લીન સીબીજી અને ૧.૧ મિલિયન મેટ્રિક ટન ઓર્ગેનિક ખાતરનું ઉત્પાદન થશે. આ પહેલથી ગ્રામીણ યુવાનો માટે ૨૫૦,૦૦૦ રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે.

શિલાયન્સાસ પ્રસંગે હાજર રિલાયન્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પી. એમ. એસ. પ્રસાદેજણાવ્યું કે, ''અમે આ પ્રોજેક્ટને ફક્ત ઊર્જા ઉત્પાદન કરતાં વિશેષ પ્રોજેક્ટ તરીકે જોઈએ છીએ. તે સમુદાયોનું ઉત્થાન કરશે અને સ્થાનિક અર્થતંત્રોને વેગ આપશે. અને તે આંધ્રપ્રદેશની સ્વચ્છ ઊર્જાની મહત્વાકાંક્ષાઓને આગળ ધપાવશે. અમારી આ પહેલ અમારા અન્ના દાતાઓને ઊર્જા દાતા બનવા માટે જરૂરી સાધનો અને ટેકનોલોજીથી સજ્જ બનાવશે. આ પ્રસંગે મંત્રી નારા લોકેશે જણાવ્યું કે, ''મને આનંદ છે કે અમે રેકોર્ડ સમયમાં જરૂરી સહાય પૂરી પાડી શક્યા છીએ જેના પરિણામે રિલાયન્સને પ્રકાશમ જિલ્લામાં આ પરિવર્તનશીલ સીબીજી પ્રોજેક્ટનો પાયો નાખવા સક્ષમ બનાવ્યું છે. આ ઘણા પ્રોજેક્ટ્સમાંનો પ્રથમ છે અને અમારૂ લક્ષ્ય છે કે રિલાયન્સ આંધ્રપ્રદેશમાં કુલ રૂ. ૬૫,૦૦૦ કરોડના રોકાણ સાથે આવા ૫૦૦ પ્રોજેક્ટ્સ વિકસાવશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ છેલ્લા કેટલાક દાયકાઓથી આંધ્રપ્રદેશના સૌથી મોટા અને સૌથી વિશ્વસનીય રોકાણકારોમાંનુ એક રહ્યું છે અને અમે આ ભાગીદારીને સીબીજી ક્ષેત્રમાં વિસ્તારવા માટે ઉત્સાહિત છીએ.''

આ કાર્યક્રમમાં ઊર્જા મંત્રી ગોટીપતિ રવિ કુમાર, ડોલા બાલા વીરંજનેય સ્વામી, મુખ્ય સચિવ વિજયાનંદ, પ્રકાશમ જિલ્લા કલેકટર તમીમ અન્સારિયા, ટ્રાન્સકો જેએમડી કીર્તિ ચેકુરી અને વિવિધ ધારાસભ્યો, એમએલસી અને રિલાયન્સના વરિષ્ઠ અધિકારીઓ સહિત રાજ્ય સરકારના અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી.

# કચ્છમાં માતાના મઢે કાલે હોમાદિક ઉત્સવ ઉજવાશે

## રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહ બીડુ હોમશે

**અબતક, રાજકોટ**

ભારતીય સંસ્કૃતિમાં શકિત ઉપાસનાનું સ્થાન અલૌકિક અનોખું અને અજોડ છે. માતાના મઢમાં આશાપુરા શકિત પીઠ ખાતે આસો નવરાત્રિ અને ચૈત્રી નવરાત્રી ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. માં આશાપુરાનું ૧૯મી સદીનું ભવ્ય તીર્થસ્થાન છે. સૌરાષ્ટ્ર- ગુજરાત, મહારાષ્ટ્રમાંથી ભાવિકો પગપાળા, સાયકલ દ્વારા વિશાળ સંખ્યામાં માતાજીના ગુણગાન ગાતા માં આશાપુર ઉપર અપરા વિશ્વાસ સાથે માઈ ભકતો દર્શન કરવા આવે છે. માં આશાપુરાનું મંદિર ઉપર બાવન ગજની વિશાળ ધજા છે. નિજ મંદિરમાં વિશાળ ઘંટ છે. મુખ્ય મંદિર ૫૮ ફુટ લાંબુ અને ૩૨ ફુટ પહોળો છે. માં આશાપુરાની વિશાળ કદની ૬ ફુટની મૂર્તિ છે. માં આશાપુરા મઢ ખાતે હોમાદિક ક્રિયાનું અતિ ભારે મહત્વ છે. લાખોની સંખ્યામાં માની માનેલ માનતા અને શ્રધ્ધા આસ્થા સાથે ભાવિકો દર્શન કરવા આવે છે. ચૈત્રિસુદ-૭, તા ૪-૪-૨૫ શુક્રવાર રાત્રીના ૧૦ કલાકે રાજા બાવાઝી યોગેન્દ્રસિંહજીના અધ્યક્ષ સ્થાને ગોર મહારાજ દેવકૃષ્ણ મુળશંકર જોષી હોમાદિક ક્રિયાનો પ્રારંભ થશે. હોમાદિક ક્રિયા વિધી સમયે દેવી દેવતાઓને વિશેષ પુજા અર્ચના દરેક દેવતાઓને આહવાન આપી ફળ, ફૂલોની હોમાદિક ક્રિયા આહુતિ આપવામાં આવશે.આ સમયે ચંડી પાઠ, શ્લોક, સંક્રાતિ પાઠ, માના ગરબા ગવાશે. આ સમયે વાતાવરણ ભકિતમય બની જાય છે. મધ્યરાત્રીએ રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજી રાત્રીના ૧.૩૦ કલાકે ઉગતી આઠમે હવનમાં બીડું હોમશે. સમગ્ર વાતાવરણમાં આશાપુરાના નાદ સાથે ગુંજી ઉઠશે. ભૂવા તરીકે ગજુભા ચૌહાણ તથા દીલુભા ચૌહાણ સેવા આપે છે. માં આશાપુરા ધામમાં નિજ મંદિરની અંદર જ હનુમાનજી, ગણેશજી, શંકર-પાર્વતી, ચાચરા ભવાની, ખેતરપાળ દાદા તેમજ બાજુમાં હિંગળાજ માનું ભવ્ય મંદિર આવેલ છે. આરતીનો સમય સવારના ૫ વાગ્યે મંગળા આરતી સવારે ૯ કલાકે ધુપ આરતી સાંજની સુર્યાસ્ત સમય મુજબ કરવામાં આવે છે. ભાવિકોને વિનામૂલ્યે જમવા તથા રહેવાની સગવડ પુરી પાડવામાં આવે છે. માં આશાપુર સૌની મનોકામના પૂર્ણ કરે છે.

# પૂ.જ્યોતિબાઈ મહાસતીજીની નિશ્રામાં ગીતગુર્જરી ઉપાશ્રયે તપ ધર્મોત્સવ

**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયનાં શાસન ચંદ્રિકા ગુરૂણી હીરાબાઈ મહાસતીજીનાં સુશિષ્યા સૌમ્ય સ્વભાવી જયોતિબાઈ, જશુબાઈ, ઉષાબાઈ, સ્મિતાબાઈ આદિ સતિવૃંદ અમારા શ્રીસંઘની વિનંતીનો સ્વીકાર કરી ગત ૨૬-૦૩-૨૦૨૫ ને ગુરુવારે વિશાળ ભાવિકાની હાજરીમાં નવપદ આયંબીલ ઓળી તથા વર્ષિતપ પારણા પ્રસંગે પધાર્યા છે. શ્રીસંઘમાં ઉત્સાહ, ઉમંગ છવાઈ ગયો છે

અને શ્રીસંઘ દ્વારા સ્વાગત, મહાસતીજીનાં પ્રાસંગીક પ્રવચન બાદ વર્ષિતપ આરાધક લતાબેન પ્રફુલભાઈ શાહ-ખંભાતવાળા પરિવાર દ્વારા શાતાકારી નવકારશી તથા શ્રીસંઘ તપસ્વીએ તથા હીનાબેન શીરીષભાઈ બાટવીયા પરિવાર તરફથી ભાવના થયેલ હતી.

ગુરૂણી પધાર્યા ત્યારથી પ્રતિદિન પ્રવચન તથા તપસ્વીઓનાં વિવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે, સામુહિક વર્ષિતપ આરાધકો પણ સુંદર લાભ લઈ રહ્યા છે.તા.૪-૪-૨૦૨૫ ને શુક્રવારથી નવપદ આયંબીલ ઓળી શરૂ થઈ રહ્યા છે ત્યારે પ્રતિદિન સવારે ૯.૧૫ થી ૧૦.૩૦ દરમ્યાન નવ પદ અપાવે પરમ પદ વિષય ઉપર સ્મિતાબાઈનાં પ્રવચનો બાદ સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન જ્ઞાન સાથે ગમ્મતરૂપ વિવિધ સ્પર્ધાઓ ત્યારબાદ બપોરે ૧૨.૦૦ કલાકે આદર્શ હિરક ગુરુભકત બકુલભાઈ મહેતા, નિલમબેન બકુલભાઈ મહેતા, રૂચિતાબેન ધર્મિલભાઈ વધાણી પરિવાર તરફથી આયંબીલ ઓળીનો લાભ લેવામાં આવેલ હતો. પ્રતિદિન ત્રિરંગી સામાયિક સ્મિતાબાઈ મહાસતીજીનાં બહેનો તથા શ્રીસંઘનાં વિવિધ દાતાઓ તરફથી તેમજ વ્યાખ્યાન પ્રભાવના ઉપરાંત દરરોજ પાટલા પ્રભાવના તથા સાંજે પ્રતિક્રમણની આરાધના કરવામાં આવશે.

આ ઉપરાંત તા.૧૦-૪-૨૦૨૫ને ગુરુવારનાં ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક ઉત્સાહપૂર્વક ઉજવાશે. મહેતા પરિવાર તરફથી ઓળીનાં પારણા પણ કરાવવામાં આવશે. ગુરૂણી પ્રેરણાથી થઈ રહેલા સમૂહ વર્ષિતપનાં પારણા તા.૩-૫-૨૦૨૫ નાં શનિવારે ધીર ગુરુદેવ તથા મહાસતીજીનાં સાંનિધ્યમાં મહાવીર હોલ ખાતે પારણા મહોત્સવ ઉજવાશે. તેમ શ્રીસંઘએ જણાવાયું છે.

# અતુલ મોટર્સના માલિક સાથે રૂ. ૯૬.૯૬ લાખની ડિજિટલ ઠગાઈ આચરનાર કોન્ટ્રાકટર ઝડપાયો

## ઠગાઈથી મેળવેલા નાણાં કોર્પોરેટર એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી કમિશન મેળવતા અમદાવાદના શખ્સની સાયબર ક્રાઈમે ધરપકડ કરી

**અબતક, રાજકોટ**



અતુલ મોટર્સના માલિક સાથે આશરે પખવાડિયા પૂર્વે શેરબજારમાં રોકાણ કરી આકર્ષક વળતર મેળવવાની લાલચ આપી રૂ. ૯૬.૯૬ લાખની ડિજિટલ ઠગાઈ આચરી લેવામાં આવી હતી. જે મામલે સાયબર ક્રાઈમ પોલીસે અમદાવાદના બાંધકામ કોન્ટ્રાકટરની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલો શખ્સ કોર્પોરેટર એકાઉન્ટ મેળવી ખાતામાં આવતા ફ્રોડના નાણાંમાં કમિશન મેળવી અન્ય ખાતાઓમાં નાણાં ટ્રાન્સફર કરતો હતો. સમગ્ર ઘટના પર નજર કરવામાં આવે તો ગત તા. ૧૯ માર્ચના રોજ નવાગામ ખાતે અતુલ એન્ટરપ્રાઈઝના માલિક કૃણાલભાઈ ચાંદ્રાએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેઓ ઈન્સ્ટાગ્રામમાં શેર માર્કેટમા ઈન્વેસ્ટમેન્ટ બાબતેની રિલ્સ જોતા હતા ત્યારે એક્સટીબી ગ્લોબલ લિમિટેડ નામની ઈન્વેસ્ટમેન્ટ કંપનીની જાહેરાત જોઈ તેમા આપેલ લીંક પર ક્લીક કરતા વેબસાઈટ ખુલી ગઈ હતી. બાદ અજાણ્યા નંબર પરથી ફોન કરી સાયબર ગઠીયાએ શેર માર્કેટમાં રોકાણ કરી આકર્ષક વળતર મળશે તેવું કહી કટકે કટકે અલગ અલગ બેંક એકાઉન્ટમા કુલ રૂ. ૯૬,૯૬, ૭૪૦ ટ્રાન્સફર કર્યા હતા બાદમાં નાણાં વિડ્રો નહિ થતાં છેતરપિંડીમાં ફસાયાની જાણ થઈ હતી.

મામલામાં સાયબર ક્રાઈમ એસીપી ચિંતન પટેલના માર્ગદર્શનમાં પીઆઈ જે એમ કૈલા, બી બી જાડેજાની ટીમે મોહમદ હનીફ ઈસ્માઈલભાઈ મિયાણા(ઉ.વ.૩૧ રહે.હુસેનાબાદ, સૈયદવાડી, વટવા, અમદાવાદ) નામના બાંધકામ કોન્ટ્રાકટરની ધરપકડ કરી હતી. ઝડપાયેલ આરોપી અલગ અલગ શખ્સો પાસેથી કોર્પોરેટ એકાઉન્ટ મેળવી તેમાં સાયબર ફ્રોડના નાણાં ટ્રાન્સફર કરી પોતાનું કમિશન કાઢી અલગ અલગ એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરતો હતો.

# તુલીપ પાર્ટી પ્લોટ નજીક કાર ડિવાઈડર કૂદી ટ્રાવેલ્સ બસ સાથે અથડાઈ

## કારમાં શરાબની બોટલ હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ


**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ તુલીપ પાર્ટી પ્લોટ પાસે એક કાર અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારચાલકને ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત થતાની સાથે જ રસ્તા પર લોકોનું ટોળું એકત્રિત થઈ ગયું હતું અને ઘટનાનો વીડિયો મોબાઈલના કેમેરામાં કેદ કરતા કારમાં પાછળની સીટમાં દારૂની બોટલ પણ જોવા મળી હતી. જો કે, સમગ્ર મામલે આજીડેમ પોલીસે માત્ર બસચાલકની ફરિયાદ પરથી કારચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર ડિવાઈડર ટપીને સામે આવતી બસ સાથે અથડાઈ હતી.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, રાજસ્થાનના બાડમેર જિલ્લાન ચૌહટન તાલુકાના ભોમસર તારાત્રા ગામે રહેતા હરખારામ જોગારામ ચૌધરી(ઉ.વ ૪૪) દ્વારા આજીડેમ પોલીસ સ્ટેશનમાં ટાટા કંપનીની કાર નંબર જીજે-૦૩-પીડી-૦૭૩૪ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે ગણેશ ટ્રાવેલ્સની બસમાં ડ્રાઈવિંગ કામ કરે છે. ગઈકાલે જુનાગઢથી રાજસ્થાન તરફ ટ્રાવેલ્સ લઈને જઈ રહ્યો હતો. દરમિયાન સાંજના ૬:૩૦ વાગ્યા આસપાસ ગોંડલ ચોકડી નજીક તુલિપ પાર્ટી પ્લોટ પાસે ગોંડલ ચોકડીના પુલ નજીક હાઈવે પર પહોંચતા પૂરપાટ ઝડપે ધસી આવેલી કારના ચાલકે કાબૂ ગુમાવી ડિવાઈડર ટપી ફરિયાદીની ટ્રાવેલ્સ બસ સાથે કાર અથડાઈ હતી. બનાવના પગલે અહીં લોકો એકત્ર થઈ ગયા હતા. અકસ્માતની આ ઘટનામાં ઘવાયેલા કાર ચાલકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

અકસ્માતમાં બસમાં નુકસાન થયું હોય જેથી બસચાલકે આ ફરિયાદ નોંધાવી છે.

બીજી તરફ અકસ્માતની આ ઘટનાના વાયરલ થયેલા વીડિયોમાં કારમાં પાછળની સીટ પર દારૂની બોટલ હોય તેવું નજરે પડે છે. ત્યારે કારચાલક નશાની હાલતમાં વાહન ચલાવતો હતો કે કેમ? તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે



# કેબલ ઓપરેટરોના વળતા'દી: ઓટીટી, ડીટીએચ અને મોબાઈલે ટીવી ચેનલોનો 'દાટ' વાળ્યો

## પરંપરાગત ટીવીના દર્શકોની સંખ્યા ઘટી રહી છે કારણ કે ઓટીટી પ્લેટફોર્મ કન્ટેન્ટ બ્રાઉઝિંગ અનુભવને ઉચ્ચ-સ્તરે લઈ જઈ રહ્યું છે

**અબતક, નવી દિલ્હી**

ઓટીટી ટેકનોલોજી ગ્રાહકો માટે ખૂબ અનુકૂળ છે. તેની મદદથી તમે ક્યાંય પણ કોઈપણ સમયે તમારી મનપસંદ ફિલ્મ, વેબ સીરીઝ અને કાર્યક્રમ જોઈ શકો છો. પહેલા મનોરંજન માટે ટેલિવિઝન જરૂરી હતું, પરંતુ આજે ઓટીટી પ્લેટફોર્મ દ્વારા આપણે આપણી મનપસંદ ચેનલો અને પ્રોગ્રામ કોઈપણ સમયે જોઈ શકીએ છીએ અને સમય જતાં તેને આગળ પણ વધારી શકીએ છીએ. ઓટીટી પ્લેટફોર્મનો સૌથી મોટો ફાયદો એ છે કે તે સમય બચાવે છે. હવે ચોક્કસથી કહી શકાય કે કેબલ ઓપરેટરોના વળતા'દી આવી ગયા છે. ઓટીટી, ડીટીએચ અને મોબાઈલે ટીવી ચેનલોનો ઘાણ વાળી દીધો છે.એક સર્વેક્ષણના તારણો મુજબ બદલાતા ગ્રાહક વર્તનને કારણે ભારતના ટેલિવિઝન વિતરણ નેટવર્કમાં ઘણો વિક્ષેપ પડ્યો છે, તેથી ૨૦૧૮ થી કેબલ ઓપરેટરોના નફામાં ૩૧ ટકાનો ઘટાડો થયો છે.

ઓલ ઈન્ડિયા ડિજિટલ કેબલ ફેડરેશનના સહયોગથી ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૮,૧૮૧ એલસીઓ પર કરવામાં આવેલા અર્ન્સ્ટ એન્ડ યંગના સર્વે અનુસાર, આ સેગમેન્ટમાં કાર્યબળ ૨૦૧૮ માં ૧૨૦,૫૫૭ થી ઘટીને ૨૦૨૪ માં ૮૨,૭૨૨ થઈ ગયું છે. આ અસર એલસીઓના નાણાકીય ક્ષેત્ર પર પણ અસર કરે છે. જેમાં ૯૩ ટકા જેટલા કેબલ ઓપરેટરોએ તેમની માસિક ટેક-હોમ આવકમાં ઘટાડો નોંધાવ્યો છે. આ ઘટાડાનું મુખ્ય કારણ ગ્રાહકો પાસેથી વસૂલાત દર વધારવામાં તેમની અસમર્થતા છે, કારણ કે ચેનલ દરોમાં ભાવ વધારાને પ્રતિકારનો સામનો કરવો પડે છે.

**એક સમયે ટેપ રેકોર્ડર, સીડીના ક્રિઝે આજે પેઈન ડ્રાઈવે જગ્યા લીધી તેમ ઓટીટી અને ડીટીએચે આજે ટીવી ચેનલોનો કચ્ચર ઘાણ વાળી નાખ્યો**

આજે ઈન્ટરનેટ એ આપણા જીવનમાં ઘણા ફેરફારો કર્યા છે, ઈન્ટરનેટ અને આવી ઘણી આધુનિક તકનીકીઓએ આપણે ઘણી વસ્તુઓ વાપરવાની રીત બદલી નાખી છે, આ સાથે જ આજકાલ ઘણા ઓટીટી પ્લેટફોર્મ પણ ખૂબ લોકપ્રિય થઈ રહ્યા છે! આજકાલ, મૂવી થિયેટરને બદલે પ્લેટફોર્મ અથવા પ્લેટફોર્મ પર ઓટીટી એપ્સ રજૂ કરવામાં આવી રહી છે, મોટાભાગના પ્લેટફોર્મ મફતમાં કન્ટેન્ટ પ્રદાન કરે છે અને કેટલાક વાર્ષિક /માસિક ચાર્જ પણ લે છે. આ રીતે પ્લેટફોર્મ કેટલાક પસંદગીના ફિલ્મ પ્રોડક્શન હાઉસ કે જે અગાઉથી ફિલ્મ બનાવી ચૂક્યા છે, તેમની સાથે મળીને પ્રિમિયમ કન્ટેન્ટ (એવી કન્ટેન્ટ જેને જોવા પર ચાર્જ લાગે છે) તૈયાર કરે છે અને તેને સ્ટ્રીમ કરે છે.

નેટફ્લિક્સ અને એમેઝોન પ્રાઈમ જેવા પ્લેટફોર્મ્સ ખૂબ લોકપ્રિય થઈ રહ્યા છે. ઓટીટી સામગ્રી ઈન્ટરનેટ દ્વારા લોકો માટે ઉપલબ્ધ કરાઈ છે. યુ.એસ. માં ઓટીટી પ્લેટફોર્મ ખૂબ જ લોકપ્રિય છે અને તાજેતરના સમયમાં ઓટીટી સેવા ભારતમાં પણ લોકપ્રિયતા મેળવી રહી છે. નિષ્ણાતોના મતે, આવનાર સમયમાં મનોરંજન માટે ઓટીપી સામગ્રી સૌથી વધુ જોવા મળશે.

### ઓટીટી પ્લેટફોર્મથી સમય-નાણાંની બચત!

પ્રસારણ ઉદ્યોગના અગ્રણી, જિયોસ્ટારએ પે ટીવી બેઝને સુરક્ષિત રાખવા માટે પહેલું પગલું ભર્યું છે, જેમાં યુટ્યુબ, મફત જાહેરાત-સમર્થિત પ્લેટફોર્મ પરથી સામગ્રી દૂર કરવાનો અને ક્રિકેટને પેવોલ પાછળ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉદ્યોગના સૂત્રોએ અગાઉ સૂચવ્યું હતું કે આઈપીએલ પછી ૮૦૦,૦૦૦ થી ૧ મિલિયન કેબલ ટીવી અને ડીટીએચ સબ્સ્ક્રાઈબર્સ ઉમેરા સાથે મોટી સફળતા મળી છે.મફતમાં પ્રીમિયમ સામગ્રી ઓફર કરતા બ્રોડકાસ્ટર્સે પે ટીવી સબ્સ્ક્રિપ્શન્સમાં વધુ ઘટાડો કર્યો છે, જેનાથી ટીવી ઓપરેટરોના સંઘર્ષમાં વધારો થયો છે.

# ઘરવિહોણા લોકોને કોર્પોરેશનના આશ્રયસ્થાનોમાં આપશે આશરો

## ઘર વિહોણા લોકોની માહિતી શહેરીજનો કોલ સેન્ટર ૧૫૫૩૦૪ ઉપર આપી શકશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ઘરવિહોણા લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે જુદાજુદા વિસ્તારોમાં આશ્રયસ્થાનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલી છે. દિનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ કાર્યરત્ત આ આશ્રયસ્થાન (રેનબસેરા) ઘરવિહોણા લોકોને ઋતુજન્ય વાતાવરણમાં કાયમીરક્ષણ આપી રહેલ છે. આ આશ્રયસ્થાનમાં એકલા પુરુષો, એકલી મહિલાઓ તેના આશ્રિત સગીર બાળકો, વૃધ્ધો, અશક્તોને આશ્રય આપવામાં આવે છે. આશ્રયની સાથો સાથ પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત સુરક્ષા-સલામતી, આરોગ્ય, શિક્ષણ થકી પ્રતિષ્ઠા ભર્યું જીવન જીવી શકે તે માટે પ્રયત્નો કરવામાં આવે છેઆ માટે હાલ ઉનાળાની ગરમીને ધ્યાને લઈરાજકોટ મહાનગરપાલિકાની ટીમ દિવસ દરમિયાન નિયમિત રીતે શહેરના મુખ્ય માર્ગો, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન તથા જ્યાં જાહેર માર્ગો પર લોકો જોવા મળે છે તેવા લોકોને મળી શહેરમાં કયા કયા વિસ્તારમાં આશ્રયસ્થાનોની સુવિધા ઉપલબ્ધ છે તેની માહિતી આપે છે અને ઈચ્છુક લોકોને આશ્રયસ્થાન સુધી પહોંચાડે પણ છે. રાજકોટ મહાનગરપાલિકા પોતાના આ અભિયાનમાં અન્ય નાગરિકોની પણ સહાયતા લેવા આગળ ધપી રહી છેત્યારેઆપના રહેઠાણ કે વ્યવસાય સ્થળની આસપાસ કે શહેરમાં અન્ય કોઈ પણ જગ્યાએ ઘરવિહોણા લોકો જોવા મળે અને જો આવા લોકો આશ્રયસ્થાન ખાતે આવવા ઈચ્છા ધરાવતા હોય તો રાજકોટ મહાનગરપાલિકાના કોલ સેન્ટરના ફોન નં. ૧૫૫૩૦૪ ઉપર માહિતી આપી લોકઉપયોગી કાર્યમાં મદદરૂપ થવા શહેરના નાગરિકોનેજાહેર અનુરોધ કરવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલિકા ઘરવિહોણા લોકો પ્રત્યે સંપૂર્ણ સંવેદનશીલતા સાથે માનવીય અભિગમ અપનાવી તેઓને મદદરૂપ થવા માટે નિયમિતરીતે તેઓનો સંપર્ક કરવામાં આવતો રહે છે. આ દરમ્યાન તેઓને મહાનગરપાલિકા દ્વારા ઘરવિહોણા લોકોને આશ્રયસ્થાનોનો ઉપયોગ કરવા સમજાવવામાં પણ આવે છે. નાગરિકોને શહેરમાં ઘરવિહોણા લોકો જોવા મળે અને જો તેઓ આશ્રયસ્થાન ખાતે આશ્રય લેવા માટે સહમત હોય તો તુર્ત જ રાજકોટ મહાનગરપાલિકાને કોલ સેન્ટરના ફોન નં. ૧૫૫૩૦૪ ઉપર જાણકારી મળ્યેથી ૨૪ કલાકમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. આ માહિતીના આધારે મહાનગરપાલિકાની ટીમ ઘરવિહોણા લોકો સુધી પહોંચી તેઓને રહેવા જમવાઆવશ્યક સહાયતા આપવા પ્રયાસ કરશે. મહાનગરપાલિકાના આ સંવેદનાસભર અભિયાનમાં નાગરિકો પણ માનવીય અભિગમ સાથે મહાનગરપાલિકાનાં તંત્ર અને ઘરવિહોણા લોકોને મદદરૂપ થાય તેવો સૌને વિનંતીસહ અનુરોધ કરવામાં આવે છે.

આ આશ્રયસ્થાનોમાં ઘરવિહોણાં લોકોને રહેવાની નિઃશુલ્ક પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેમજ સંચાલક સંસ્થાઓ દ્વારા અન્ય એનજીઓનાં સહયોગથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. તમામ આશ્રયસ્થાનોમાં સ્ત્રી અને પુરૂષ વિભાગની અલાયદી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ઉપરાંત આશ્રયસ્થાનમાં આશ્રય લેનાર લાભાર્થીઓની આરોગ્ય ચકાસણી, બાળકો માટે આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં માધ્યમથી શિક્ષણ ની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવે છે.

# પી.એમ. ઈન્ટર્નશિપ યોજના હેઠળ યુવાનોને કોર્પોરેશનમાં જોડાવાની તક

## એક વર્ષના સમયગાળા માટે માસિક રૂ.૫૦૦૦નું સ્ટાઈપેન્ડ અને રૂ.૬૦૦૦ની વન-ટાઈમ નાણાંકીય સહાય ચૂકવાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા પી.એમ. ઈન્ટર્નશિપ યોજના હેઠળ દેશની ટોચની કંપનીઓમાં યુવાનોને એક વર્ષની ઈન્ટર્નશિપની તકો પૂરી પાડવા માટે આ ઈન્ટર્નશિપ યોજનામાં જોડાવા ઈચ્છુક યુવક-યુવતીઓને જણાવવામાં આવે છે કે, આ ઈન્ટર્નશિપ યોજના હેઠળ એક વર્ષના સમયગાળા માટે માસિક રૂ. ૫૦૦૦નું સ્ટાઈપેન્ડ અને રૂ. ૬૦૦૦ની વન-ટાઈમ નાણાંકીય સહાય પણ સરકાર તરફથી ચુકવવામાં આવશે.

આ યોજનામાં ધોરણ-૧૦ પાસ, ધોરણ-૧૨ પાસ, બીએ, બીએસસી, બી.કોમઈ., આઈ ટી આઈ, બીબીએ તથા ડીપ્લોમાં થયેલ લાભાર્થીઓ જોડાઈ શકે છે

ઈન્ટર્નશિપ યોજનામાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારની વયમર્યાદા ૨૧ થી ૨૪ વર્ષની હોવી જોઈએ. ઉમેદવારના પરિવારની વાર્ષિક આવક રૂ.૮ લાખથી ઓછી હોવી જોઈએ. ઉમેદવારના પરિવારના અન્ય સભ્ય સરકારી નોકરી ધરાવતા ન હોવા જોઈએ. અરજી સાથે આધાર કાર્ડ, શૈક્ષણિક પ્રમાણપત્રો,તાજેતરના પાસપોર્ટ સાઈઝ ના ફોટોગ્રાફ (૨) બેંક પાસ બુક,આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ સાથે રાખવો જરૂરી છે. અરજી કરવા માટે પ્રોજેક્ટ શાખા રૂમ નં.-૯ રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકરભવન, ઢેબરભાઈ રોડ ખાતે સંપર્ક કરવો. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા ઉમેદવારોએ જરૂરી આધાર-પુરાવા સાથે ઉક્ત સ્થળે કચેરીના કામકાજના દિવસો દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવા જણાવ્યું છે.

# ઈન્ફિનિયમ ટોયોટાના કામદારને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા મજુર અદાલતનો આદેશ

**અબતક, રાજકોટ**

રાજકોટની ઈન્ફિનીયમ ટોયોટા કંપનીના ડ્રાઈવર સિકંદરભાઈ આમદભાઈ ઠેબા એ કંપની સામે મજુર અદાલત, રાજકોટ સમક્ષ કેસ દાખલ કરી રજુઆત કરેલ કે તેઓ કંપનીમાં ૧૬ વર્ષથી સળંગ રીતે ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા અને કંપનીએ તેઓને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી બરતરફ કરેલ હોઈ તેઓને ફરીને નોકરીમાં લઈ લેવા દાદ માંગેલ હતી.

કંપનીએ રજુઆત કરેલ કે શ્રમયોગીની ફરજ દરમ્યાનની ગેરવર્તુણક સબબ તેમની સામે ખાતાકીય તપાસ કર્યા બાદ કાયદેસર રીતે નોકરીમાંથી બરતરફ કરેલ છે. બન્ને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ મજુર અદાલતે ઠરાવેલ છે કે કંપનીએ શ્રમયોગી સામે જે આક્ષેપ મુકેલ છે તે પાછળથી ઉભા કરેલા હોવાનું તેમજ શ્રમયોગીને કિન્નાંખોરીથી છુટા કર્યાનું જણાઈ આવે છે તેમજ તપાસ અધિકારી ધ્વારા જે તપાસ કરીને પોતાનો રીપોર્ટ આપેલ છે. તે પણ યોગ્ય જણાતો નથી. અંતમાં મજુર અદાલતે તેમના ચૂકાદામાં ઠરાવેલ છે કે શ્રમયોગીને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોય દિવસ-૩૦ ની અંદર તેમની મૂળ જગ્યાએ સળંગ નોકરીથી અન્ય તમામ નોકરીના લાભો સાથે પુનઃસ્થાપિત કરવાનો તેમજ ગરીબ શ્રમયોગીને કોર્ટ કેસ માટે જે ખર્ચ થયેલ તે રકમ રૂ. ૫૦૦૧/- પણ શ્રમયોગીને ચૂકવી આપવા મજુર અદાલતે કંપનીને આદેશ કરેલ છે.

આ કેસની તપાસની કાર્યવાહીમાં શ્રમયોગી પક્ષેથી મુસાભાઈ જોબન તેમજ મજુર અદાલત સમક્ષ એડવોકેટ યોગેશભાઈ રાજયગુરૂ રોકાયેલા હતાં. આ તમામ કાર્યવાહીમાં ભારતીય મજદુર સંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને લેબર એડવોકેટ હસુભાઈ દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતી.

# સિવિલ જજ, એઆઈબીઈ અને પી.એસ.આઈ.સહિત પરીક્ષાઓની તૈયારી માટે ફ્રિ ઓનલાઈ ક્લાસિસ

## ગુજરાત ભરના વકિલો માટે ડિસ્ટ્રિકટ બાર એસો. દ્વારા ફ્રિ માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટ તથા વિવિધ હાઈકોર્ટમાં સિવીલ જજની ભરતી માટે લેખિત, મૌખિક પરિક્ષઓ લેવામાં આવતી હોય છે. રાજ્યની કોર્ટોમાં પબ્લિક પ્રોસિક્યુટર અને ગુજરાત સરકાર દ્વારા પી.એસ.આઈ. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા વકિલોને પ્રેકિટસ માટે એ.આઈ.બી.ઈ. વિગેરે પરિક્ષાઓ સમયાંતરે લેવામાં આવે છે. આ સ્પર્ધાત્મક તૈયારી માટેના કલાસિસ માટે ખર્ચ કરવો પડતો હોય છે.

સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત ભરના વકિલોનાં હિતને લક્ષમાં રાખી ડિસ્ટ્રિકટ બાર એસોસિએશન દ્વારા ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવામાં આવનાર સિવીલ જજની પ્રિલીમીનરી, લેખિત પરિક્ષા અને મૌખિક ઈન્ટર્વ્યુ સુધીની તૈયારી માટે તેમજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા અઈઈઊની આગામી પરિક્ષાઓ તથા પી.એસ.આઈ. વિગેરેની પરિક્ષાઓની તૈયારી માટે ફ્રિ ઓનલાઈન કલાસિસ ચાલુ કરવામાં આવેલ છે.

ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવામાં આવેલ . આ તમામ વિષયોનું દરેક પરિક્ષાર્થીઓને યોગ્ય, જરૂરી અને સમયસર પુરતું ફ્રિ માર્ગદર્શન મળી રહે તે માટે કલાસિસ ચલાવવા જરૂરી હોય તેથી સમયસર પુરતું ફ્રિ માર્ગદર્શન મળી રહે તે માટે કલાસિસ ચલાવવા જરૂરી હોય તેથી તમામ વર્ગનાં પરિક્ષાર્થીઓનાં હિતને ધ્યાને રાખી ડિસ્ટ્રિકટ બાર એસોસિએશન રાજકોટ દ્વારા કલાસિસ ચાલુ કરવામાં આવેલ છે. આ કલાસિસ ગુગલ મીટની https://meet. google. com/pui-vjqh-yta સાઈટ પર જોઈન કરી શકશે આ કલાસિસને સફળ બનાવવા માટે રાજકોટ ડિસ્ટ્રિકટ બાર એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, ઉપ પ્રમુખ ભરતભાઈ અંબાણી, હરેશ પરસોડા, સેક્રેટરી અશ્વિન ગોસાઈ, જોઈન્ટ સેક્રેટરી જતીન ઠક્કર, નિવીદ પારેખ વિગેરે જહેમત ઉઠાવી રહેલ છે. આ પરિક્ષાર્થીઓ બહેનોએ બિનલબેન મહેતા મો.નં.૯૪૨૮૦ ૩૯૭૯૮, પ્રગતિ માકડિયા મો.૯૭૧૨૪ ૯૮૩૦૨, નમ્રતાબેન ભદોરીયા મો.૮૮૬૬૭ ૫૫૫૫૩ અને ભાઈઓએ જાડેજા નરેન્દ્રસિંહ મો.નં.૯૮૨૪૮ ૧૬૯૦૯, અંશ ભારદ્વાજ મો.૯૭૨૭૪ ૭૩૭૩૦, સી. એચ. પટેલ મો.૯૪૨૮૦ ૦૪૪૫૬, જીજ્ઞેશ સભાડ મો.૯૭૩૭૭ ૦૦૦૫૦, અજય પિપળિયા મો.૮૪૬૦૦ ૩૨૦૦૧ને પોતાના નામ લખાવી દેવા અનુરોધ કરવામાં આવેલ છે.



નરેન્દ્રસિંહ જાડેજા

# રૂડા દ્વારા ૨૩ આવાસની ફાળવણી કરાય રદ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈ ડબલ્યુ એસ ૨ પ્રકારના ટી.પી.૧૭ એફ.પી.૯૫, વૃંદાવન હાઉસિંગ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી, અવધ કલબ રોડ, કાલાવડ રોડ પર આવાસો આવાસ ધારકોને ફાળવણી કરવામાં આવી હતી તે આવાસોના દસ્તાવેજ કે ભાડાકરાર આજદિન સુધી કરાવેલ ન હોઈ આ અંગે લાભાર્થીઓને અત્રેની કચેરીએથી વારંવાર નોટીસ આપવામાં આવેલ છે. પરંતુ, આજદિન સુધી આવાસધારકો દ્વારા દસ્તાવેજ ભાડાકરાર કરાવેલ નથી. સદરહું બાબતે બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આવા આવાસધારકોનાં આવાસો રદ કરવામાં આવે છે.

આ બાબતે કોઈપણ પ્રકારનાં વાંધાવચકા હોય તો દિન-૭ માં રૂડા કચેરીમાં કામકાજનાં સમય દરમ્યાન આવાસ શાખાનો સંપર્ક કરવા જણાવાયું છે. SD મુખ્યકારોબારી અધિકારી, રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ, રાજકોટ.

# સાંજ સુધીમાં હાજર થનારા આરોગ્ય કર્મીઓને પરત લેવાશે

## આરોગ્ય કર્મચારીઓ ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે જેને લઈને આરોગ્ય મંત્રી દ્વારા તેમને કામ પર પાછા ફરવા અપીલ કરવામાં આવી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ ગાંધીનગરમાં આંદોલન કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી આંદોલન પર ઉતરેલા આરોગ્ય કર્મચારીઓને રાજ્ય સરકાર દ્વારા ફરજ પર હાજર થવા અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. હડતાળ પર ઉતરેલા આંદોલનકારી આરોગ્ય કર્મચારીઓને ૩ એપ્રિલ સુધીમાં હાજર થવા તંત્ર દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. આ મામલે આજે આરોગ્ય મંત્રી દ્વારા નિવેદન આપવામાં આવ્યું છે કે આજ સાંજ સુધીમાં હાજર થયેલા કર્મચારીઓને જ પરત લેવામાં આવશે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અગાઉ પણ કહ્યું હતું કે આરોગ્ય કર્મચારીઓની માગ યોગ્ય નથી. રાજ્યના તમામ આરોગ્ય કર્મચારીઓ આ રીતે આંદોલન પર ઉતરતા આરોગ્ય સેવાને માઠી અસર થઈ રહી છે.ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ અને બાળકો સહિત ગંભીર બીમારીના દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આરોગ્ય કર્મચારીઓના અભાવે હોસ્પિટલોમાં ઓપીડી સેવા પણ ખોરવાઈ છે. વધુમાં તેમણે કહ્યું કે આરોગ્ય ગ્રેડ પેનો વિષય બધા જ કર્મચારીઓને લાગુ પડે છે એટલે આ મામલે તાત્કાલિક ધોરણે કોઈપણ પ્રકારનો નિર્ણય સરકાર કરી શકે નહીં. આરોગ્ય સેવા ખોરવાતા રાજ્ય સરકારે ૩ એપ્રિલ સુધીમાં તમામ આરોગ્ય કર્મચારીઓને ફરજ પર હાજર થવા માટે સરકારે અલ્ટીમેટમ આપ્યું હતું. આજ સાંજ સુધીમાં જે કર્મચારીઓ હાજર થશે તેમના સસ્પેન્શન ઓર્ડર રદ કરાઈ તેમને પાછા લેવામાં આવશે તેમ આરોગ્ય મંત્રી દ્વારા જણાવવામાં આવ્યું.

# જાણો શું આ છે સાચું વકફ !!!???

**અબતક, રાજકોટ**

૧૨ કલાકની ચર્ચાઓ બાદ વકફ બિલ લોકસભામાં પસાર કરવામાં આવ્યું છે. ત્યારે આ બિલ શું છે અને તેના મૂળમાં શું રહેલું છે તે અતિ અગત્યનું છે. કુરાન 'વકફ' શબ્દનો ઉપયોગ કરતું નથી પરંતુ તેનો અર્થ એ નથી કે તેનો કોઈ ધાર્મિક આધાર નથી. ૨૦ થી વધુ શ્લોક લોકોને તેમની સંપત્તિ દાન પર ખર્ચ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. જેમાં વ્યક્તિગત સંપત્તિમાં, ભિખારી અને વંચિતોનો યોગ્ય હિસ્સો હોવાનું જણાવ્યું હતું.

પયગંબરે કુલ સાત ખજૂરના બગીચા બનાવ્યા (અલ-બુખારી, ભાગ ૪). મૂરીશ મુસાફર ઈબ્ને બટુતાએ ૧૩૨૭ માં દમાસ્કસમાં ઘણા વકફનો ઉલ્લેખ કર્યો - છોકરીઓ માટે લગ્નની ભેટો માટે; કેદીઓને મુક્ત કરવા; મુસાફરોને ખોરાક અને કપડાં પૂરા પાડવા; રસ્તાઓ સુધારવા વગેરે.

ગઈકાલે, વિવાદાસ્પદ વકફ (સુધારા) બિલ, ૨૦૨૪, જેમાં જેપીસીની ભલામણોનો સમાવેશ થાય છે, તે ફરીથી લોકસભામાં રજૂ કરવામાં આવ્યું. તેના વિશે આટલો બધો હોબાળો કેમ છે? એક પાસું એ છે કે તેમાં થોડા વર્ષો પહેલા જ સુધારો કરવામાં આવ્યો હતો. બીજું એ છે કે કોર્ટ તેની બંધારણીયતાની તપાસ કેવી રીતે કરશે ?

અન્ય સમુદાયોની ધાર્મિક મિલકતોથી વિપરીત, વકફ વધુ પડતું નિયંત્રિત છે. સરકાર પાસે પહેલાથી જ વર્તમાન કાયદા હેઠળ, વકફ બોર્ડને ફક્ત નિર્દેશો આપવા જ નહીં પરંતુ તેમને રદ કરવાની પણ સત્તા છે (કલમ ૯૭ અને ૯૯). સ્વતંત્રતા પહેલાના કાયદાઓ પણ હતા. રસપ્રદ વાત એ છે કે રાજ્ય સૂચિની એન્ટ્રી ૧૧ રાજયોને દફન અને સ્મશાનભૂમિના સંદર્ભમાં વિશિષ્ટ સત્તાઓ આપે છે. દફનભૂમિ અને મસ્જિદોને આદર્શ રીતે વકફ મિલકત તરીકે માનવામાં આવે. ભારત સરકારના આ દાવાને ધ્યાનમાં લેવા માટે કે નવો કાયદો વક્ફની કાર્યક્ષમતા અને વહીવટમાં સુધારો કરશે, આપણે બિલની જોગવાઈઓની તપાસ કરવાની જરૂર છે.

બિલની કેટલીક જોગવાઈઓ ખૂબ જ સ્વાગતપાત્ર છે. ઉદાહરણ તરીકે, કોઈ દસ્તાવેજના અમલ વિના કોઈ નવું વક્ફ બનાવી શકાતું નથી, જોકે કલમ ૧૮ સ્પષ્ટ નથી કે આ માટે ફક્ત નોટરાઈઝેશન કે નોંધણીની જરૂર છે કે નહીં. કલમ ૯ અને ૧૪ હેઠળ, બિલમાં મહિલાઓ, બિન-મુસ્લિમો અને ઓબીસી મુસ્લિમોનો સમાવેશ આવકાર્ય છે. પરંતુ, બંધારણની કલમ ૨૬ એ ધાર્મિક સંપ્રદાયોને ધાર્મિક મિલકતોની માલિકી અને સંચાલન કરવાનો અધિકાર આપ્યો છે.

હાલમાં, વકફ બોર્ડની સૌથી મોટી સમસ્યા તેમના બિન-લોકશાહી સ્વભાવની છે. મોટાભાગના સભ્યો સરકારી નિયુક્ત છે. હવે વાત એ આવે કે આ બિલમાં શું બદલાયું છે? હવે, કલમ ૨૩ હેઠળ, વકફ બોર્ડના સીઈઓ નાયબ સચિવને બદલે સંયુક્ત સચિવ સ્તરના અધિકારી હશે; વકફ ટ્રિબ્યુનલનું નેતૃત્વ જિલ્લા/સત્રો/સિવિલ જજ, વર્ગ ઈ (કલમ ૮૩) ને બદલે જિલ્લા ન્યાયાધીશ દ્વારા કરવામાં આવશે; અને ટ્રિબ્યુનલ છ મહિનાની અંદર પોતાનો નિર્ણય આપશે (કલમ ૮૪).

સૌથી સમસ્યારૂપ જોગવાઈ બિન-મુસ્લિમોને વકફ કરવાનો અધિકાર નકારવાની છે. મિલકતનો માલિક તેની મિલકત સાથે જે ઈચ્છે તે કરવા માટે સ્વતંત્ર છે. કોઈ પણ કાયદો આ અધિકાર કેવી રીતે છીનવી શકે છે? નવી જોગવાઈઓ અનુસાર મુસ્લિમ તેના ધર્માંતરણના પાંચ વર્ષ પછી જ વકફ કરી શકે છે, કારણ કે તે ઈસ્લામમાં પ્રવેશ કરે તે ક્ષણથી જ મુસ્લિમ કાયદા દ્વારા સંચાલિત થાય છે. કોઈ કાયદો સ્વૈચ્છિક ધર્માંતરણને પ્રતિબંધિત કરતું નથી.

યાદ રાખો, બિલનો ઉદ્દેશ્ય વકફ બોર્ડની કાર્યક્ષમતા સુધારવાનો છે. છતાં, વકફ બોર્ડ અને ન્યાયાધીશ વકફ ટ્રિબ્યુનલ બંનેએ નિયમનકારી સત્તાને નબળી બનાવી દીધી છે. તેનું કારણ એ છે કે આ બિલ સર્વે કમિશનરો, જેઓ નિષ્ણાત જાહેર સેવકો છે, તેમને જનરલિસ્ટ અને પહેલાથી જ વધુ પડતા બોજ હેઠળ દબાયેલા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બદલવામાં આવ્યા છે. તે અતિક્રમણ માટે સજા ઘટાડે છે અને તેને જામીનપાત્ર ગુનો બનાવે છે. તે વકફ્સ તરફથી બોર્ડને વાર્ષિક યોગદાન પણ ૭% થી ઘટાડીને ૫% કરે છે. આમાંથી કોઈ પણ કાર્યક્ષમતામાં સુધારો કરે તેવી શક્યતા નથી. સકારાત્મક બાજુએ, જેપીસીની ભલામણ પર, ૧૯૯૫ના કાયદામાં મુસ્લિમ કાયદાને જાણતા વકફ ટ્રિબ્યુનલના ત્રીજા સભ્યની જોગવાઈ પુનઃસ્થાપિત કરવામાં આવી છે.

**બિન-લોકશાહી સ્વભાવ વકફની સૌથી મોટી સમસ્યાઃ હવે વકફ બોર્ડના સીઈઓ નાયબ સચિવને બદલે સંયુક્ત સચિવ સ્તરના અધિકારી હશે**

# ન હોય... પનીરના ૧૬૩ સેમ્પલમાંથી ૧૫૯ ફેઈલ!!!

## પનીર બનાવવવામાં સૌથી સામાન્ય ભેળસેળમાં પામ અથવા સોયાબીન જેવા વનસ્પતિ તેલનો કરાય છે ઉપયોગ :પનીરને સફેદ કરવા ડિટર્જન્ટ અથવા યુરિયા જેવા કૃત્રિમ રસાયણોનો ઉમેરો

**અબતક, રાજકોટ**

પનીરના શાકથી શરૂ કરીને પનીર ચીલી સુધી મોટાભાગના લોકોને પનીર નું નામ સાંભળતા જ મોંમા પાણી આવી જતું હોય છે. તેમજ શાકાહારીઓ માટે પ્રોટીનનો સમૃધ્ધ સ્ત્રોત છે. ઘણીવાર પોષણશાસ્ત્રીઓ સંતુલિત આહારના ભાગ રૂપે પનીરવાળુ ખાવાની ભલામણ કરતા હોય છે. પરંતુ જો એ જ પનીર બીમારી અને રોગોનું કારણ બને તો શું થશે? તાજેતરના અહેવાલ મુજબ, કર્ણાટકના ખાદ્ય સુરક્ષા અને જાહેર આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે તેણે બેંગલુરુ અને સમગ્ર કર્ણાટકમાં પૂરા પાડવામાં આવતા અનબ્રાન્ડેડ પનીરમાં બેક્ટેરિયાની હાજરી અને નોન-ડેરી એડિટિવ્સનો ઉપયોગ થતો હોવા અંગે શોધી કાઢ્યું છે.

ફૂડ સેફ્ટી કમિશનર શ્રીનિવાસ કે.ના નેતૃત્વમાં થયેલ નિરીક્ષણોમાં, તેઓએ ડેરી ઉત્પાદનોમાં હાનિકારક તત્વો, બેક્ટેરિયલ દૂષણ અને ખાદ્ય સલામતી ધોરણોના ઉલ્લંઘનને શોધવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અને નિરીક્ષણ દરમિયાન, કર્ણાટકમાંથી ૧૬૩ પનીરના નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા, જેમાં બેંગલુરુના ૧૭ નમૂનાઓનો સમાવેશ થાય છે. ૧૭ પનીરના નમૂનાઓમાંથી બે નમૂનાઓ ખાવા માટે અસુરક્ષિત માનવામાં આવ્યા હતા. અને રાજ્યભરમાં, ૧૮ માર્ચ સુધીમાં ૧૬૩ નમૂનાઓમાંથી માત્ર ૪ નમૂનાઓ ભેળસેળ વગરના હોવાનું જાણવા મળ્યું હતું. ઘણા નમૂનાઓનું હજી પરીક્ષણ ચાલી રહ્યું છે.નિષ્ણાતોના મતે, પનીરમાં ભેળસેળમાં ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને નફો વધારવા માટે સસ્તા, બિન-ડેરી પદાર્થો ઉમેરવામાં આવે છે. પનીર બનાવવામાં સૌથી સામાન્ય ભેળસેળ પામ અથવા સોયાબીન જેવા વનસ્પતિ તેલનો ઉપયોગ થાય છે, જે દૂધમાં ચરબીનું પ્રમાણ વધારવા માટે ભેળવવામાં આવે છે. મિશ્રણને ઘટ્ટ કરવા માટે સ્ટાર્ચ અથવા લોટ પણ ઉમેરવામાં આવે છે અને ફુલ-ક્રીમ દૂધને બદલે સ્કિમ્ડ મિલ્ક પાવડર અથવા હલકી ગુણવત્તાવાળા મિલ્ક સોલિડ્સનો ઉપયોગ ઘણીવાર કરવામાં આવે છે. ડિટર્જન્ટ અથવા યુરિયા જેવા કૃત્રિમ રસાયણો પણ પનીરને સફેદ કરવા અથવા તેની ઉપજ વધારવામાં ઉમેરવામાં આવે છે, જે ગંભીર સ્વાસ્થ્ય જોખમો ઉભા કરે છે.

### નકલી પનીર કેવી રીતે ઓળખવું ??

- ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ દૂધ અને દૂધના ઉત્પાદનોમાં ભેળસેળ ચકાસવા માટે ઘણા બધા પરીક્ષણો અને પગલાં જારી કર્યા છે. જેમાં ફક્ત તમારા સ્વચ્છ હાથે થોડું પનીર મસળી લો. ભેળસેળવાળું પનીર સ્કિમ્ડ દૂધથી બને છે, તેથી, તે હાથના દબાણને સહન કરી શકતું નથી અને તૂટી જાય છે.

- આ ઉપરાંત પનીર કુદરતી છે કે કૃત્રિમ તે ચકાસવા માટે, તમે આયોડિન ટિંકચરનો ઉપયોગ કરી શકો છો. એક તપેલીમાં પાણી ઉમેરો, તેમાં પનીર મૂકો, અને તેને ઉકાળો. તેને ઠંડુ થવા દો, પછી આયોડિન ટિંકચરના થોડા ટીપાં ઉમેરો જો તેનો રંગ વાદળી થઈ જાય તો પનીર કૃત્રિમ છે. - પનીરને થોડા પાણીમાં ઉકાળો, અને તે ઠંડુ થયા પછી, તેમાં થોડો તુવેર દાળ પાવડર ઉમેરો અને તેને ૧૦ મિનિટ માટે રહેવા દો. જો પનીરનો રંગ આછો લાલ થઈ જાય, તો તે સંકેત છે કે પનીર ડિટર્જન્ટ અથવા યુરિયાથી બનાવવામાં આવ્યું છે.

- થોડું પનીર પાણીમાં ઉકાળો, તેને ઠંડુ થવા દો, અને પછી તેમાં થોડું સોયાબીન પાવડર ઉમેરો. જો પનીરનો રંગ આછો લાલ થઈ જાય, તો તે સંકેત છે કે પનીર ડિટર્જન્ટ અથવા યુરિયાથી બનાવવામાં આવ્યું છે.

- પનીરનો સ્વાદ ચકાસી ખરીદતા પહેલા હંમેશા તેનો નાનો ટુકડો લો, ખાસ કરીને ખુલ્લા કાઉન્ટરવાળા. જો તે ચાવેલું હોય, તો તે કૃત્રિમ હોય, અને જો તેનો સ્વાદ ખૂબ ખાટો હોય, તો એવી શક્યતા છે કે પનીર ડિટર્જન્ટ અથવા અન્ય કોઈપણ હલકી ગુણવત્તાવાળા ઉત્પાદન સાથે ભેળસેળ કરેલું હોય.

# રાજ્યના ૧૫૦ કાર્ડિયોલોજિસ્ટ્સે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાથી દુરી બનાવી લીધી

## વધતા ઓપરેશનલ ખર્ચ અને ઓછા મહેનતાણાના પેકેજ દરોને પગલે તબીબોનો વિરોધ

**અબતક, અમદાવાદ**

વધતા ઓપરેશનલ ખર્ચ અને ઓછા મહેનતાણાના પેકેજ દરોને ટાંકીને, ગુજરાતના ૧૫ જિલ્લાઓમાં તેમની હોસ્પિટલો ચલાવતા લગભગ ૧૫૦ કાર્ડિયોલોજિસ્ટ્સે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના યોજના હેઠળ દર્દીઓને દાખલ કરવાનું બંધ કરી દીધું છે.

ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ્સ ફોરમ એ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ અને કલેક્ટર્સને આવેદનપત્ર સુપરત કર્યા છે, જેમાં યોજના હેઠળના હાલના કાર્ડિયોલોજિસ્ટ પેકેજો અંગે તેમની ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે. બુધવારે, જીઆઈસીએફ સભ્યોએ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ગુજરાત રાજ્ય શાખાના વરિષ્ઠ અધિકારીઓને મળ્યા અને ભવિષ્યની કાર્યવાહી અંગે ચર્ચા કરી. આઈએમએ અધિકારીઓએ જીઆઈસીએફ ને રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓને સુપરત કરતા પહેલા કેટલીક માંગણીઓ કાઢી નાખીને અને કેટલીક અન્ય માંગણીઓ માટે આધાર પૂરો પાડીને ડ્રાફ્ટ દરખાસ્તમાં ફેરફાર કરવા જણાવ્યું છે. અમદાવાદના એક સભ્યએ જણાવ્યું કે વિરોધ કરનારા કાર્ડિયોલોજિસ્ટ્સમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જૂનાગઢ, કચ્છ, વલસાડ અને પાટણના ડોક્ટરોનો સમાવેશ થાય છે.

જીઆઈસીએફ દ્વારા આઈએમએને લખાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ‘‘ફુગાવો અને સંચાલન ખર્ચ વર્તમાન મહેનતાણું પેકેજ કરતાં ઘણો વધારે છે, તેથી અમે ગુજરાતના લોકો માટે આ મહત્વપૂર્ણ આરોગ્યસંભાળ પહેલને સુરક્ષિત રાખવા માટે તમારા માનનીય હસ્તક્ષેપની તાત્કાલિક માંગ કરીએ છીએ.’’ ‘‘પહેલાં, એન્જીયોપ્લાસ્ટી પ્રક્રિયા અને સ્ટેન્ટ ૮૬,૦૦૦ રૂપિયાના પેકેજ હેઠળ આવરી લેવામાં આવતા હતા. આજે, પેકેજનો ખર્ચ ઘટીને ૬૨,૦૦૦ રૂપિયા થઈ ગયો છે, પરંતુ ડોકટરો અને તબીબી સુવિધા માટેના તમામ ઓવરહેડ ખર્ચ સમાન રહે છે. જાન્યુઆરીમાં રજૂ કરાયેલા નવા નિયમો અનુસાર, કાર્ડિયાક સર્જન, કાર્ડિયાક એનેસ્થેટિસ્ટ અને કાર્ડિયાક ફિઝિયોથેરાપિસ્ટ, વગેરે હોવું ફરજિયાત છે અને કોઈપણ સુવિધા માટે ૧૦ લાખ રૂપિયાથી વધુ ખર્ચ થશે,’’ જીઆઈસીએફ સભ્યએ જણાવ્યું. ‘‘મહેસાણા જેવા નાના શહેરોમાં આ અસર ખાસ કરીને ગંભીર રહી છે, જ્યાં સાતમાંથી પાંચ કાર્ડિયાક કેર હોસ્પિટલો બંધ થઈ ગઈ છે, જેના કારણે દર્દીઓ પાસે અમદાવાદ જેવા મોટા શહેરી કેન્દ્રોમાં મુસાફરી કરવા સિવાય કોઈ વિકલ્પ નથી.’’

જોકે, શહેર અને રાજ્યના હોસ્પિટલ એસોસિએશનો આ માંગણીઓથી દૂર રહ્યા છે અને કહ્યું છે કે તેઓ હાલની માર્ગદર્શિકા અનુસાર પેકેજો ઓફર કરવાનું ચાલુ રાખશે. પીએમ-જેએવાય હેઠળ ખ્યાતિ હોસ્પિટલમાં દાખલ થયેલા એન્જીયોપ્લાસ્ટી દર્દીઓના મૃત્યુ બાદ ગુજરાતે ડિસેમ્બર ૨૦૨૪ અને જાન્યુઆરી ૨૦૨૫માં કેટલીક પ્રક્રિયાઓ અને પેકેજોમાં સુધારો કર્યો હતો.

# આરસીબીની વિજયકૂચ પર ગુજરાત ટાઈટન્સે બ્રેક લગાવી

## મોહમ્મદ સિરાઝની બોલિંગ બાદ જોશ બટલરની આક્રમક બેટિંગની મદદથી ગુજરાતે બેંગલોરનો ૧૭૦ રનનો ટારગેટ ૧૭.૫ ઓવરમાં બે વિકેટે ગુમાવી મેળવ્યો

**અબતક, બેંગ્લુરુ**



ગુજરાત ટાઈટન્સે આઈપીએલ ટી૨૦ ક્રિકેટ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે આઠ વિકેટે વિજય મેળવવાની સાથે બેંગલોરની વિજયકૂચ પર બ્રેક લગાવી હતી. મોહમ્મદ સિરાઝની પ્રભાવી બોલિંગ બાદ જોઝ બટલરની આક્રમક બેટિંગની મદદથી ગુજરાતે બેંગલોરનો ૧૭૦ રનનો ટારગેટ ૧૭.૫ ઓવરમાં બે વિકેટે વટાવ્યો હતો. જોઝ બટર ૭૩ રન કરીને અણનમ રહ્યો હતો. રૂધરફોર્ડ (૩૦)એ વિજયી છગ્ગો ફટકાર્યો હતો. ગુજરાત ટાઈટન્સે બેંગલોરના ૧૭૦ રનના ટારગેટનો પીછો કરતા કેપ્ટન શુભમન ગિલ (૧૪)ની વિકેટ ગુમાવ્યા બાદ ડાબોડી ઓપનર સાઈ સુદર્શનના ૩૬ બોલમાં ૪૯ રન અને વિકેટકીપર બેટ્સમેન જોઝ બટલરની ૩૯ બોલમાં પાંચ ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી અણનમ ૭૩ રનની મદદથી લડત આપી હતી. બેંગલોરના બોલર્સ ખાસ સફળ થયા નહતા અને ગુજરાતે ૧૩ બોલ બાકી રાખીને લક્ષ્યાંક પાર કર્યો હતો. ભુવનેશ્વર કુમારે પાવરપ્લેમાં બેંગલોરને પ્રથમ સફળતા ગિલની વિકેટ ઝડપીને અપાવી હતી. ત્યારબાદ ૧૩મી ઓવરમાં હેઝલવુડે સાઈ સુદર્શનને આઉટ કરી બીજી સફળતા મેળવી હતી. બીજી વિકેટ માટે બટલર અને સુદર્શને ૭૫ રન જોડ્યા હતા જ્યારે બટલર અને રૂધરફોર્ડ (૩૦*) ત્રીજી વિકેટ માટે અણનમ ૬૩ રનની ભાગીદારી કરીને ટીમને જીત તરફ લઈ ગયા હતા. ગુજરાત ટાઈટન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગનો યોગ્ય નિર્ણય લીધો હતો. અર્શદે બીજી જ ઓવરમાં વિરાટ કોહલીને (૭) આઉટ કરીને આંચકો આપ્યો હતો. પાવરપ્લેમાં પડિક્કલ (૪) અને સોલ્ટ (૧૪) પણ પરત ફર્યા હતા. એક તબક્કે બેંગલોરે ૧૦૪ રનમાં છ વિકેટ ગુમાવી હતી.ત્યારબાદ લિવિંગસ્ટોનનો નવ રન પર બાઉન્ડ્રી પર તેવટિયાએ કેચ છોડ્યો હતો અને તે જીવતદાનનો તેણે ભરપૂર ફાયદો ઉઠાવતા ૪૦ બોલમાં એક ચોગ્ગો અને પાંચ છગ્ગા સાથે ૫૪ રન કરીને ઉઠાવ્યો હતો. લિવિંગસ્ટનોને પાંચમી વિકેટ માટે જીતેશ (૩૩) સાથે ૫૨ રન અને બાદમાં ટીમ ડિવેડ (૩૨) સાથે સાતમી વિકેટ માટે ૪૬ રનની પાર્ટનરશિપ કરીને આરસીબી માટે લડાયક સ્કોર ઉભો કર્યો હતો. સિરાઝે ત્રણ અને સાઈ કિશોરે બે વિકેટ લીધી હતી. અર્શદ, ક્રિષ્ના અને ઈશાંતે એક-એક વિકેટ મેળવી હતી.

# ગ્રાન્ટેડ કોલેજોમાંથી ૪૦ ફાજલ અધ્યાપકોના કેમ્પ સ્થગિત કરાયા!

## નવી એજ્યુકેશન પોલિસીનું ચાર વર્ષની સાઈકલ પૂરી ન થાય ત્યાં સુધી એકપણ અધ્યાપકને ફાજલ ન કરવા માંગણી કરાઈ હતી

**અબતક, રાજકોટ**

રાજ્યની જુદી જુદી સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી ગ્રાન્ટેડ કોલેજોમાં ફરજ બજાવતાં અધ્યાપકો પૈકી ૪૦થી વધુ અધ્યાપકોને નવી એજ્યુકેશન પોલિસી અંતર્ગત ગણવામાં આવતાં વર્કલોડને લઈને ફાજલ કરવામાં આવ્યા હતા. ફાજલ અધ્યાપકો માટે તાજેતરમાં ૪થી ૧૬ અપ્રિલ દરમિયાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, સમગ્ર રાજ્યમાં આ પ્રકારની કાર્યપદ્ધતિ સામે ઉગ્ર વિરોધ થતાં હાલ તો ફાજલ કેમ્પનું આયોજન સ્થગિત કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે.દેશમાં નવી એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ લાગુ કરવામાં આવ્યા બાદ વર્કલોડ ગણવાની પદ્ધતિમાં પણ ફેરફાર કરવામાં આવ્યો હતો.

જેના કારણે રાજ્યમાં ગુજરાત યુનિવર્સિટી સહિતની જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં ફરજ બજાવતાં જુદા જુદા વિષયોના અંદાજે ૪૦થી વધારે અધ્યાપકોને ફાજલ ગણીને તેમના માટે અલગથી ફાજલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુદ્દે તાજેતરમાં અધ્યાપક મંડળ દ્વારા ઉચ્ચ શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં નવી એજ્યુકેશન પોલિસીનું ચાર વર્ષની સાઈકલ પૂરી ન થાય ત્યાંસુધી એકપણ અધ્યાપકને ફાજલ ન કરવા માંગણી કરવામાં આવી હતી. મંડળ દ્વારા એવી રજૂઆત પણ કરવામાં આવી હતી કે, આ અધ્યાપકોને ફાજલ કરવાના બદલે અન્ય સંસ્થાઓમાં હાલ મૂકી દેવામાં આવે અને ભવિષ્યમાં મૂળ કોલેજ ચાલુ થાય ત્યારે તેમને પોતાની જગ્યાએ પરત મુકવામાં આવે. મહત્વની વાત એ કે, ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી પીટી ઠક્કર, સાબરમતી કોલેજ સહિતની અનેક કોલેજોએ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યા ન હોવાથી આ કોલેજના અધ્યાપકોને પણ ફાજલ ગણી લેવામાં આવ્યા હતા. સમગ્ર રાજ્યમાંથી અંદાજે ૪૦ જેટલા અધ્યાપકોને ફાજલ ગણીને તેમના માટે આગામી ૪થી લઈને ૧૬મી એપ્રિલ સુધી ફાજલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુદ્દે મંડળની રજૂઆત બાદ વિભાગ દ્વારા હાલ પૂરતી ફાજલ કેમ્પની પ્રક્રિયા સ્થગિત કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આમ, અગાઉ જૂની પદ્ધતિમાં ત્રણ વર્ષ પૂરા થાય ત્યાં સુધી કોઈ અધ્યાપકને ફાજલ ન કરવા તેવું નક્કી કરાયું હતું. ત્યારે હવે નવી એજ્યુકેશન પોલિસીમાં પણ ચાર વર્ષ પૂરા ન થાય ત્યાંસુધી ફાજલની કોઈ પ્રક્રિયા ન કરવી જોઈએ તેવી રજૂઆતના આધારે ફાજલ કેમ્પ સ્થગિત કરાયો હોવાનું માનવામાં આવે છે.

# વોર્ડ નં.૧૮માં અંકિત ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં મેટલીંગ કામનો આરંભ

**અબતક રાજકોટ**



શહેરના વોર્ડ નં.૧૮ કોઠારીયા વિસ્તારમાં આવેલા અંકિત ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં મેટલીંગ કામનો શુભારંભ વોર્ડના કોર્પોરેટરો દ્વારા કરાવવામાં આવ્યો હતો.

આ તકે કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, વોર્ડ પ્રમુખ અનિલભાઈ દોંગા, વોર્ડ મહામંત્રી દિનેશભાઈ કીડિયા, કાનુભાઈ હુંમર, નિલેશભાઈ મુંગરા, નટુભાઈ વાઘેલા, હિમાંશુભાઈ રાજ્યગુરૂ, ધર્મેશભાઈ કિહોર, મુન્નાભાઈ જોગરાણા, બાબુભાઈ મકવાણા, હેમંતભાઈ કપુરીયા, દેવાયતભાઈ ડાંગર, મુકેશભાઈ કવલ, કલ્પેશભાઈ બામટા, સંજયભાઈ બારસીયા, રવિભાઈ મેસવાણીયા, સંસાર પટેલ, અજયભાઈ બામટા, નિલેશભાઈ ગજેરા, વર્ષાબેન સભાયા, સોનલબેન સોમૈયા, દેવાંશીબેન ગજેરા ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦૨૫માં ભારત ઘરઆંગણે ૪ ટેસ્ટ, ૬ વન ડે અને ૧૦ ટી-૨૦ રમશે

## ઓક્ટોબરમાં મોટેરા ખાતે ભારત-વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ટેસ્ટ રમાશેઃ બીસીસીઆઈ ૨૦૨૫ની સિઝનનો કાર્યક્રમ જાહેર કર્યો, ડિસેમ્બરમાં અમદાવાદમાં ટી-૨૦

**અબતક, નવી દિલ્હી**

વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકાની ટીમ આ વર્ષે ભારતના પ્રવાસે આવનારી છે જેમાં ટેસ્ટ, વન-ડે અને ટી૨૦ સિરીઝ રમાશે. આ માટે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ બીજી ઓક્ટોબરથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. કેરેબિયન ટીમ ભારત પ્રવાસમાં બે ટેસ્ટ રમનારી છે.ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બે ટેસ્ટની સિરીઝ રમાયા બાદ સાઉથ આફ્રિકન ટીમ ભારતના પ્રવાસે આવનારી છે. આ સિરીઝ લાંબી ચાલશે કેમ કે કેરેબિયન ટીમ માત્ર બે જ ટેસ્ટ રમશે જ્યારે સાઉથ આફ્રિકન ટીમ બે ટેસ્ટ, ત્રણ વન-ડે અને પાંચ ટી૨૦ મેચ રમનારી છે જેની અંતિમ ટી૨૦ મેચ ૧૯મી ડિસેમ્બરે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાશે.ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી ઓક્ટોબરે અમદાવાદમાં પ્રથમ ટેસ્ટ રમાયા બાદ બીજી ટેસ્ટ દસમી ઓક્ટોબરથી કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાનારી છે. સાઉથ આફ્રિકન ટીમ ભારતના પ્રવાસમાં નવી દિલ્હી અને ગુવાહાટી ખાતે એક એક ટેસ્ટ રમ્યા બાદ રાંચી, રાયપુર અને વિશાખાપટનમ ખાતે વન-ડે રમશે. આ પ્રવાસની પાંચ ટી૨૦ મેચ કટક, ન્યૂ ચંદીગઢ, ધરમશાલા, લખનૌ અને અમદાવાદમાં રમાશે. ૨૦૨૫ની સિઝનનો ભારતીય ક્રિકેટ ટીમનો કાર્યક્રમ આ મુજબ છે.

### સંપૂર્ણ શેડ્યુલ

**ભારત વિ. વેસ્ટ ઈન્ડિઝ**

પ્રથમ ટેસ્ટ ૨-૬ ઓક્ટોબર અમદાવાદ

બીજી ટેસ્ટ ૧૦-૧૪ ઓક્ટોબર કોલકાતા

**ભારત વિ. સાઉથ આફ્રિકા**

| મેચ | તારીખ | સ્થળ |
|---|---|---|
| પ્રથમ ટેસ્ટ | ૧૪-૧૮ નવેમ્બર | નવી દિલ્હી |
| બીજી ટેસ્ટ | ૨૨-૨૬ નવેમ્બર | ગુવાહાટી |
| પ્રથમ વન-ડે | 30 નવેમ્બર | રાંચી |
| બીજી વન-ડે | ૩ ડિસેમ્બર | રાયપુર |
| ત્રીજી વન-ડે | ૬ ડિસેમ્બર | વિશાખાપટનમ |
| પ્રથમ ટી૨૦ | ૯ ડિસેમ્બર | કટક |
| બીજી ટી૨૦ | ૧૧ ડિસેમ્બર | ન્યૂ ચંદીગઢ |
| ત્રીજી ટી૨૦ | ૧૪ ડિસેમ્બર | ધરમશાલા |
| ચોથી ટી૨૦ | ૧૭ ડિસેમ્બર | લખનૌ |
| પાંચમી ટી૨૦ | ૧૯ ડિસેમ્બર | અમદાવાદ |

## દત્તક લેનારાએ હવે ૩.૫ વર્ષ રાહ જોવી પડે છે!!!

# ૩૫,૫૦૦ દત્તક લેનારાઓ સામે એક હજારથી પણ ઓછા “નોર્મલ” બાળકો ઉપલબ્ધ!!!

**અબતક, રાજકોટ**

દત્તક લેવું એ એક નિઃસ્વાર્થ અને જીવન બદલી નાખનારું કાર્ય છે જે દત્તક લેનાર પરિવાર અને બાળક બંને માટે આનંદ અને પરિપૂર્ણતા લાવે છે. જરૂરિયાતમંદ બાળકને પ્રેમાળ અને સ્થિર ઘર પૂરું પાડીને, દત્તક લેનારા માતાપિતા માત્ર બાળકના જીવનમાં પરિવર્તન લાવતા નથી પણ બિનશરતી પ્રેમ અને સાથથી તેમના પોતાના જીવનને પણ સમૃદ્ધ બનાવે છે. દત્તક લેવાથી સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક અવરોધો પણ તૂટી જાય છે, જેમાં સમાવેશ અને વિવિધતાને પ્રોત્સાહન મળે છે.

ત્યારે ભારતમાં દત્તક લેવાની પ્રક્રિયા લાંબી છે, શિશુઓ માટે સરેરાશ સાડા ત્રણ વર્ષ રાહ જોવાનો સમય છે. ૨૦૨૪-૨૫માં દત્તક લેવાની સંખ્યા ૪,૫૦૦ થી વધુ પહોંચી ગઈ હોવા છતાં, હજારો સંભવિત માતા-પિતા ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે, નાના બાળકોની માંગ દત્તક લેવા માટે ઉપલબ્ધ અનાથ બાળકો કરતાં ઘણી વધારે છે.

૨૦૨૪-૨૫માં ૩૧ માર્ચ સુધીમાં દત્તક લેવાની સંખ્યા ૪,૫૦૦ને વટાવી ગઈ હોવા છતાં, જે ૧૧ વર્ષમાં સૌથી વધુ છે, ઘણા સંભવિત દત્તક માતાપિતા માટે બાળકને દત્તક લેવાની પ્રક્રિયા એક પડકાર બની રહી છે, શિશુઓ અથવા નાના બાળકો ઈચ્છતા લોકો માટે સરેરાશ સાડા ત્રણ વર્ષનો રાહ જોવાનો સમયગાળો છે. મોટાભાગના માતાપિતા ૦-૨ વર્ષના વય જૂથમાં બાળકને દત્તક લેવા માંગે છે.

### દત્તક લેવા માટે ઉપલબ્ધ લગભગ ૨,૪૦૦ બાળકોમાંથી ૧૪૦૦ થી વધુ બાળકો એબનોર્મલ...

આ આંકડાઓ તકલીફ દર્શાવે છે. ૩૧ માર્ચ સુધીમાં, કારા ડેશબોર્ડ પરના ડેટા દર્શાવે છે કે દત્તક લેવા માટે વિવિધ શ્રેણીઓમાં ૩૫,૫૦૦ થી વધુ દત્તક લેનારા માતા -પિતા નોંધાયેલા છે જ્યારે દત્તક લેવા માટે ઉપલબ્ધ બાળકોની સંખ્યા લગભગ ૨,૪૦૦ છે - આમાંથી ૯૪૩ બાળકો ‘‘સામાન્ય‘‘ છે અને બાકીના ‘‘ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકો‘‘ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

લાંબી રાહ જોતા, કોંગ્રેસના સાંસદ દિગ્વજય સિંહની અધ્યક્ષતામાં શિક્ષણ, મહિલા, બાળકો, યુવા અને રમતગમત વિભાગ સંબંધિત સંસદીય સ્થાયી સમિતિએ સંસદમાં રજૂ કરાયેલા તેના અહેવાલમાં પગલાં લેવા માટે ભારપૂર્વક હાકલ કરી છે, જેમાં સરકારને અનાથ, ત્યજી દેવાયેલા અને આત્મસમર્પણ કરાયેલા બાળકોના પરિવાર પ્લેસમેન્ટ માટેના વર્તમાન પ્રોટોકોલની સમીક્ષા કરવા જણાવ્યું છે. તેણે સરકારને કારા અને હિન્દુ દત્તક અને જાળવણી અધિનિયમ દ્વારા દત્તક કાયદાઓની હાલની બેવડી પ્રણાલીની સમીક્ષા કરવા પણ કહ્યું છે જેથી ખામીઓ દૂર કરી શકાય.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે સમિતિને જાણ કરી છે કે જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, ૨૦૧૫ હેઠળ ઓનલાઈન અરજી સિસ્ટમ (સંભાળ) દ્વારા દત્તક લેવાની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવામાં આવી છે, પરંતુ મંત્રાલયને મોટાભાગે દતક લેનારા માતા પિતાની લાંબી રાહ જોવાની યાદીને કારણે ફરિયાદોનો સામનો કરવો પડ્યો છે. ‘‘...માતાપિતા ફક્ત નાના બાળકોને દત્તક લેવા માંગે છે, આમ મોટી સંખ્યામાં મોટા બાળકોને પાછળ છોડી દે છે,’’ મંત્રાલયે જણાવ્યું હતું.મંત્રાલયે એ પણ શેર કર્યું છે કે નોંધાયેલા બાળકો અને નોંધાયેલા દતક લેનારા માતા પિતા ગુણોત્તરની ઉપલબ્ધતાના આધારે, શિશુઓ અને નાના બાળકો માટે સરેરાશ સાડા ત્રણ વર્ષ રાહ જોવાનો સમયગાળો છે. એટલે કે એમ કહી શકાય કે ૩૫,૫૦૦ દત્તક લેનારાઓ માતા-પિતા સામે ૧,૦૦૦ થી પણ ઓછા બાળકો ઉપલબ્ધ છે.

# ચાંદીના રથ પર સવાર થઈ પ્રભુ મહાવીર સ્વામી ગુરૂવારે કરશે નગરચર્યા

## ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં જૈનમ્ કમિટિના સભ્યોએ આપી વિગત



તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

આગામી તારીખ ૧૦ ના રોજ મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ઉજવણી કરવા રાજકોટનો સમસ્ત જૈન સમાજ થનગની રહ્યો છે ત્યારે જૈનમનાં સથવારે મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આગામી તારીખ ૧૦ ને ગુરૂવારનાં રોજ જૈનોના આરાધ્ય ભગવાનશ્રી મહાવીર સ્વામીનાં જન્મની ભવ્ય ઉજવણીના ભાગરૂપે અતીભવ્ય, દર્શનીય ધર્મયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ધર્મયાત્રામાં સૌથી આગળ ધર્મધ્વજ લઈને સમાજનાં યુવાનો ધર્મયાત્રાને દોર આપશે. ચાંદીના રથમાં બિરાજમાન ભગવાનશ્રી મહાવીર સ્વામી નગર યાત્રાએ વિહાર કરશે. આ ચાંદીના રથને પૂજાની જોડમાં સજ્જ યુવાનો ખુલ્લા પગે વહન કરશે. આ ધર્મ યાત્રાને સાધુ-સાધ્વીજી ભગવંતો, સમાજનાં આગેવાનો, રાજકીય આગેવાનો વિવિધ સમાજનાં શ્રેષ્ઠીઓની હાજરી વચ્ચે પ્રસ્થાન કરાવવામાં આવશે. હજારોની સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ દર વર્ષે આ ધર્મયાત્રામાં જોડાય છે. આ વખતે પણ ખૂબ બહોળી સંખ્યામાં સમસ્ત જૈન સમાજ આ યાત્રામાં ઉમટી પડશે. આ ધર્મયાત્રામાં ૨૭થી વધુ આકર્ષક ફ્લોટ જોડાવવાનાં છે. જેમાં ભગવાન મહાવીરનાં જીવન પ્રસંગોને વણી લેતા વિષય પર આધારીત ફ્લોટસ જેમાં લાઈવ પાત્રો, મૂર્તિઓ અવનવા શુસોભનો,

(અનુ. આઠમા પાને)

## શોભાયાત્રામાં ૧૦૮ સુશોભીત કાર તથા ૨૫૧ બાઈક સાથે જૈન તથા જૈનેત્તરો જોડાશે

### રથ પુજામાં જોડાનારા યુવાનો ખુલ્લા પગે વહન કરશે: અમિતભાઈ લાખાણી



‘અબતક’ની શુભેચ્છા

મુલાકાતમાં અમિતભાઈ લાખાણીએ ‘અબતક’ના મેનેજીંગ તંત્રી સાથે વાતચિતમાં જણાવ્યું હતું કે જૈનોના આરાધ્ય ભગવાન મહાવીર સ્વામીના જન્મની ઉજવણીમાં જૈન-જૈનેત્તરો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભગવાનના ચાંદી રથને પૂજાની જોડમાં સજ્જ યુવાનો ખુલ્લા પગે રથને ખેંચશે. ચિત્ર અને રંગોળી સ્પર્ધામાં ૨૦૦થી વધુ બાળકોનું રજીસ્ટ્રેશન થઈ ગયું છે.

### જીવનમાં લઘુત્તમ હિંસા થાય તે માટે સચેત રહો: જીતુભાઈ લાખાણી



ભગવાન મહાવીર સ્વામીએ સંકલ્પી હિંસાનો જ પ્રતિકાર કરવાની સમાજને શીખ આપી છે. હિંસા ક્યારેય કલ્યાણક હોતી નથી અને અહિંસાનુ આચરણ જ દેવથી લઈ મનુષ્ય અને સર્વજીવ માટે કલ્યાણકારી બની રહે છે. ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવનો માહોલ સોળે કલાએ ખિલ્યો છે ત્યારે માત્ર મહાવીર ભક્તો જ નહીં સમાજના, દેશના અને વિશ્વભરના તમામ માનવીઓ હિંસાના વ્યાપક અને સૂક્ષ્મ પ્રકારને સમજી જીવનમાં લઘુત્તમ હિંસા થાય તે માટે સચેત રહે અને હાથથી નહિં પણ મનથી પણ ખરાબ સંકલ્પરૂપી હિંસા ન થાય તે માટે સચેત થાય તો ખરા અર્થમાં સમગ્ર સંસારમાં કલ્યાણ થઈ જાય. અહિંસા પરમો ધર્મનું ભગવાન મહાવીરના આર્શિવચન માનવ સમાજ જેટલું વ્યાપક પ્રમાણમાં અપનાવશે. સમાજ અને સૃષ્ટિમાં એટલી જ શાંતિ અને કલ્યાણભાવ ઉભો થશે.

# ભિક્ષાવૃત્તિ અને મજૂરીની પ્રવૃત્તિમાંથી બાળકોના રેસ્ક્યુમાં રાજકોટ જિલ્લો પ્રથમ નંબરે

## એક વર્ષમાં ૫૧ બાળકોને મુક્ત કરાવી તેમના પુન:વસવાટ માટેના પ્રયત્નો કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટર દ્વારાઅનેક વિસ્તારોમાં બાળકો બાળમજૂરી, ભીખ માંગવા જેવી પ્રવૃત્તિ કરતા બાળકોનું રેસક્યુ કરવાની સૂચના આપવામાં આવી હતી.

રાજકોટના અનેક વિસ્તારોમાં નાના બાળકો ભીખ માંગતા નજરે ચડતાં હોય છે, ત્યારે શહેરમાં બાળમજૂરી, ભીખ માંગવા માટે મજૂબર કરવામાં આવતાં હોય છે.૫૧બાળકોનું તંત્ર દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. આ તમામ બાળકોને પુનર્વસન અને શોષણથી બચાવવાની કાર્યવાહી કરવામાં આવી છે, ત્યારે બાળકોને મેડિકલ સારવાર આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે.



તંત્ર દ્વારા બાળ મજુરી, ભિક્ષુક, બાળકોનું રેસક્યુ કરવામાં આવ્યુ હતુ. રાજકોટ જિલ્લામાં ૫૧ જેટલા બાળકોનું રેસ્ક્યુ કરી પુનઃ વસવાટ માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લાનો રાજ્યભરમાં પ્રથમ નંબર બાળકોનો રેસ્ક્યુ કરવામાં આવ્યો છે.

રાજ્યભરમાં પ્રથમ નંબર આવતા સરકારે ખાસ નોંધ લીધી હતી અને ૫૦,૦૦૦ ની ફેશિયલ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. ભિક્ષાવૃત્તિ, બાળમજૂરી કરતા સૌથી વધુ બાળકો જેતપુરમાંથી રેસક્યુ કરવામાં આવ્યા હતા. રેસ્ક્યુ કરવામાં આવેલા બાળકોની મેડિકલ સારવાર કરવામાં આવતી હોય છે. બાળકોના પુનર્વસનની સાથે-સાથે તેમના શિક્ષણ, પોષણ આરોગ્ય માટે તંત્ર દ્વારા અલગ અલગ વિભાગો સાથે સંકલન કરવામાં આવશે.

## રાજકોટ જિલ્લામાં ઘર વિહોણા લોકોનો સર્વે શરૂ કરાવતા કલેકટર

### ઝૂંપડામાં રહેતા તથા ઘર ન હોય તેવા લોકોની યાદી તૈયાર કરવા ગ્રામ પંચાયતોને સૂચના

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી દ્વારા ગામડાઓમાં કાચા મકાનમાં અને ઘરવિહોણા લોકોનો સર્વે કરવાની સુચના આપવામાં આવી.પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રાજકોટ જિલ્લામાં કાચા મકાન તથા ઘરવિહોણા જરૂરિયાતમંદ પરિવારોને તેમના સપનાનું ઘર પ્રાપ્ત થાય તે માટે આવાસ સર્વેક્ષણ હાથ ધરાયું હતું.

ગ્રામ્ય વિસ્તારમાં કાચા મકાનમાં અને ઘરવિહોણા લોકોએ ગામના સરપંચ અને તલાટીને મળીને નામ નોંધણી



કરાવવા જિલ્લા કલેક્ટર દ્વારા અપીલ કરવામાં આવી હતી. જેથી કરીને સરકાર તરફથી મળતી ગ્રાન્ટની ફાળવણી થાય તો તેઓને પણ આવાસનો લાભ મળી શકે. દિવ્યાંગો અને સ્ત્રીઓને પ્રાથમિકતા આપવામાં આવશે. પછાત વર્ગના લોકો માટે અલગથી આવાસમાં કોટા આપવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતમાં ઘરવિહોણા લોકોને પાકું ઘર ઉપલબ્ધ કરાવવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ તાલુકા પંચાયત કચેરી દ્વારા સર્વેક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી. વધુમાં વધુ લોકોને સ્ક્રીનીંગ કરીને યોજના અંતર્ગત લાભ આપવામાં આવે તે માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ વિશેષ પ્રયત્નો કર્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ગરીબ પરિવારો માટે, જેમની પાસે ખુલ્લો પ્લોટ અથવા કાચું મકાન છે, તેમને પાકું મકાન બનાવવાના માટે રૂ.૧.૨૦ લાખની આર્થિક સહાય આપવામાં આવે છે.

## નવી શરૂઆત, નવી આશા

# દિવ્યાંગજનોને આત્મનિર્ભર બનાવવા “સંત સુરદાસ યોજના” મહત્વપૂર્ણ: મંત્રી ભાનુબેન બાબરીયા

### આ યોજના દેશભરના અન્ય રાજ્યો માટે પ્રેરણાદાયી બનશે: યોજનાનો લાભ લેવા ૮૦% દિવ્યાંગતાની મર્યાદા ઘટાડી ૬૦% કરાય: રાજ્યના ૮૨ હજાર દિવ્યાંગો માટે લાભ મળવાનો માર્ગ મોકળો

ગુજરાત સરકારે દિવ્યાંગજનોના જીવનને સરળ અને સન્માનભેર બનાવવા માટે “સંત સુરદાસ યોજના” નામની એક ક્રાંતિકારી પહેલ શરૂ કરી છે. અઢી દાયકાથી અમલમાં મૂકવામાં આવેલી આ યોજના દિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય પૂરી પાડી તેમને આત્મનિર્ભર બનાવવામાં આશીર્વાદરૂપ સાબીત થઈ છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તાજેતરના ફેરફારો સાથે આ યોજના હવે વધુ વ્યાપક અને સમાવેશી બની છે, જે રાજ્યના હજારો દિવ્યાંગજનો માટે આશાનું કિરણ બની રહી છે.

આ યોજનામાં તાજેતરમાં થયેલા ફેરફારો થકી યોજનાનો વ્યાપ અનેકગણો વધ્યો છે. અગાઉ આ યોજનાનો લાભ મેળવવા માટે ઓછામાં ઓછી ૮૦ ટકા દિવ્યાંગતા હોવી જરૂરી હતી, પરંતુ હવે આ મર્યાદા ઘટાડીને ૬૦ ટકા કરવામાં આવી છે. આ નિર્ણયથી રાજ્યના અંદાજે ૮૨ હજારથી વધુ દિવ્યાંગજનોને લાભ મળવાનો માર્ગ મોકળો થયો છે. આ ઉપરાંત, ઉંમર અને આવકની મર્યાદા પણ દૂર કરવામાં આવી છે, જેનાથી તમામ પાત્ર લાભાર્થીઓને એકસમાન સહાય મળી રહે છે. ઈડક કાર્ડ અને ૦-૧૭ વર્ષની ઉંમરની ફરજિયાત જોગવાઈ પણ હટાવી દેવાઈ છે, જે આ યોજનાને વધુ સરળ અને સુલભ બનાવશે.દિવ્યાંગ વ્યકિતઓને સંત સુરદાસ યોજના હેઠળ દર મહિને રૂ. ૧ હજારની સહાય આપવામાં આવે છે. ખૂબ જ પારદર્શિતા સાથે આ રકમ સીધી તેમના બેંક ખાતામાં (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) દ્વારા જમા થાય છે. વર્ષ ૨૦૨૪-



૨૫માં, ૩૧મી જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં આ યોજના હેઠળ ૪૫,૭૮૮ લાભાર્થીઓને કુલ રૂ. ૪૦ કરોડથી વધુ સહાય ચૂકવવામાં આવી છે.

આ આંકડાઓ યોજનાની વધતી અસરકારકતાને દર્શાવે છે.આ ઉપરાંત, વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૯૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે દિવ્યાંગજનોના કલ્યાણ પ્રત્યે સરકારની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.ગુજરાત સરકાર દિવ્યાંગજનોના જીવનને વધુ સરળ અને સમૃદ્ધ બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. આ યોજના માત્ર આર્થિક સહાય જ નથી પૂરી પાડતી, પરંતુ દિવ્યાંગજનોને સમાજમાં સન્માનભેર સ્થાન અપાવવાનો પણ પ્રયાસ કરે છે. સંત સુરદાસ યોજના એ ગુજરાત સરકારની એક એવી પહેલ છે, જે દિવ્યાંગજનોના જીવનમાં આશા અને આત્મવિશ્વાસનો સંચાર કરે છે. આ યોજના દ્વારા ન માત્ર તેમનું જીવનધોરણ સુધરશે, પરંતુ તેઓ સમાજના અભિન્ન અંગ તરીકે પોતાનું સ્થાન મજબૂત કરી શકશે. ગુજરાતનું આ પગલું દેશભરના રાજ્યો માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ બની રહેશે.

આ યોજના દિવ્યાંગજનોને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, એમ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતુ.સંત સુરદાસ યોજના દિવ્યાંગજનોના સશક્તિકરણ માટે એક મજબૂત પાયો નાંખી રહી છે. રૂ. ૯૯ કરોડની બજેટ ફાળવણી સાથે, આગામી વર્ષોમાં આ યોજના વધુ લાભાર્થીઓ સુધી પહોંચશે અને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવશે. આ યોજના દિવ્યાંગજનોને માત્ર આર્થિક સહાય જ નહીં, પરંતુ સમાજમાં સમાનતા અને સન્માનનો અધિકાર પણ આપે છે.

# ભારતને ફરી ‘વિશ્વ ગુરૂ’ બનાવવા માટે સંગઠિત પ્રયાસોની જરૂર: રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

**અબતક રાજકોટ**

ગાંધીનગરમાં રાજભવન ખાતે હિમાચલ પ્રદેશ, ઓરિસ્સા, રાજસ્થાન, બિહાર, મિઝોરમ અને અરુણાચલ પ્રદેશના સ્થાપના દિવસ નિમિત્તે આજે વિશેષ સમારોહ યોજાયો હતો. આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, ભારતને ફરી એકવાર 'સોને કી ચીડિયા' અને 'વિશ્વ ગુરુ' બનાવવાનું ગૌરવ પ્રાપ્ત કરાવવા માટે સંગઠિત પ્રયાસો જરૂરી છે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રજૂ કરેલા 'વિકસિત ભારત ૨૦૪૭' વિઝનનો ઉલ્લેખ કરી, આત્મનિર્ભર ભારતની દિશામાં સતત કાર્ય કરવાની અપીલ કરી હતી.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમના સંબોધનમાં ભારતની સ્વતંત્રતા પછી દેશના એકીકરણમાં ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલના અભૂતપૂર્વ યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, સરદાર પટેલે રાષ્ટ્રને એકતાના તાંતણે બાંધવાનું કાર્ય કર્યુ, જેને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' સ્વરૂપે મૂર્તિમંત. આ સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે સમગ્ર વિશ્વને એકતા અને અખંડિતતાનો સંદેશ આપે છે.

રાજભવનના મહર્ષિ દયાનંદ સભામંડપમ માં આયોજિત આ સમારોહમાં ગુજરાતમાં અભ્યાસ કરતાં વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓએ તેમના રાજ્યની સાંસ્કૃતિક પરંપરાને ઉજાગર કરતી સાંસ્કૃતિક પ્રસ્તુતિ કરી હતી. રાજ્યપાલશ્રીએ આ યુવા કલાકારોનું સન્માન કર્યું અને તેમની કૃતિઓને દેશની વૈવિધ્યસભર એકતાનું પ્રતિક ગણાવી હતી.



રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, અગાઉ રાજભવનોમાં આ પ્રકારના કાર્યક્રમો યોજાતા નહોતા, પરંતુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિત શાહ દ્વારા દેશની એકતા અને અખંડિતતાને મજબૂત બનાવવા માટે આ પરંપરાની શરૂઆત કરવામાં આવી છે. હવે આ કાર્યક્રમ દેશના તમામ રાજભવનમાં ઉજવવામાં આવી રહ્યા છે. તેમણે ભારતીય સંસ્કૃતિની વૈવિધ્યતાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, વિવિધ ભાષાઓ, બોલીઓ અને પરંપરાઓ હોવા છતાં ભારત એક સ્વરૂપે એકતાની ભાવનાને ઉજાગર કરે છે. ગુજરાતમાં અભ્યાસ કરતા અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ દ્વારા તેમની સંસ્કૃતિનું પ્રસ્તુતીકરણ માત્ર તેમની સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખતું નથી, પણ રાષ્ટ્રીય એકતાને પણ મજબૂત બનાવે છે.

રાજ્યપાલશ્રીએ યુવાનોને પ્રેરિત કરતાં જણાવ્યું કે, રાષ્ટ્રની એકતાને જાળવવા માટે પરસ્પર સંવાદ અને સહયોગ અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી કે તેઓ એકબીજાની સંસ્કૃતિને સમજે અને પરસ્પર સુમેળ વધારવા પ્રયત્ન કરે.

તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રસ્તાવિત 'વિકસિત ભારત ૨૦૪૭' વિઝનનો ઉલ્લેખ કરી જણાવ્યું કે આત્મનિર્ભર ભારત તરફ આગળ વધવા માટે દરેક નાગરિકે પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપવું પડશે. તેમણે કહ્યું કે, જો દરેક વ્યક્તિ પોતાના દાયિત્વની ઈમાનદારીપૂર્વક પૂર્તિ કરે, તો ભારત ફરી એકવાર વિશ્વ ગુરુ બનવાની દિશામાં પ્રગતિ કરી શકે.

રાજ્યપાલશ્રીએ નવવર્ષની શુભકામનાઓ પાઠવતાં ભારતીય સંસ્કૃતિમાં તેના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું કે, ચૈત્ર નવરાત્રિમાં ઉપવાસની પરંપરા ભારતીય પ્રાકૃતિક ચિકિત્સા અને આયુર્વેદ સાથે સંકળાયેલી છે, જે શરીરને શુદ્ધ કરવાની પ્રણાલી છે. તેમણે મહારાજા વિક્રમાદિત્ય દ્વારા શક સામ્રાજ્ય પર પ્રાપ્ત વિજયની ઐતિહાસિક ઘટના યાદ કરાવીને ભારતીય ઈતિહાસ તથા સંસ્કૃતિ વિશે જનજાગૃતિ કેળવવાનું મહત્વ રેખાંકિત કર્યું હતું.

બિહારના રાજ્યપાલ શ્રી આરીફ મોહમ્મદ ખાન અને ઓરિસ્સાના રાજ્યપાલ ડો. હરિબાબુ કમ્ભમપતિએ

(અનુ. આઠમા પાને)

## રાજભવન ખાતે હિમાચલ પ્રદેશ, ઓરિસ્સા, રાજસ્થાન, બિહાર, મિઝોરમ અને અરુણાચલ પ્રદેશના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

### રૂકમણી પત્ર લખે દ્વારકા રે ..હું નહિ રે પરણું શિશુપાલને રે..ના ગીત ગવાય

# માધવપુર ઘેડમાં પાંચ દિવસીય લોકમેળાનો રવિવારથી પ્રારંભ

**અબ તક રાજકોટ**

ગુજરાત રાજ્યના પોરબંદર જિલ્લામાં માધવપુર ઘેડ ખાતે ૬ એપ્રિલથી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે યોજાતા આ મેળાનો વ્યાપ વધારવામાં આવ્યો છે. રાજ્યના મોટા શહેરોમાં ઉત્તર પૂર્વના રાજ્યોના કલાકારોના નૃત્ય પ્રદર્શન યોજવામાં આવી રહ્યા છે. આ સાંસ્કૃતિક મેળાની પૂર્વ તૈયારીની એક ઝલક જોવા મળી રહી છે

લોકમેળાને માણવા અને કૃષ્ણ રુક્ષ્મણી ના વિવાના સામા સૌભાગ્ય થવા લોકો ના હૈયા હિલોળે અનેરો આનો ઉત્સાહ જણાઈ રહ્યો છે મેળા નું કામ જોરમાં ચાલી રહ્યું છે રસ્તાઓ લાઈટિંગોથી શણગારવામાં આવ્યા છે

ગુજરાતના દરિયાકાંઠે આવેલું પૌરાણિક ગામ-માધવપુર ઈતિહાસ અને પૌરાણિક કથાઓનો વારસો સાચવીને બેઠું છે. એવું કહેવાય છે કે અહીં ભગવાન શ્રીકૃષ્ણ અને ઉત્તર -પૂર્વના



### લગ્ન ઉત્સવનો કાર્યક્રમ

શ્રી કૃષ્ણ રુકમણી ના લગ્ન ઉત્સવ પરંપરાગત ઉજવણીમાં ભાવિકો આધ્યાત્મિક આનંદની અલૌકિક અનુભૂતિ માણશે તારીખ ૬ ના કૃષ્ણના વંડપ આરોપણ પ્રથમ ફુલેકુ તારીખ ૭ અને ૮ ના બીજું ત્રીજું ફૂલેકું ત્રણ દિવસીય ત્રણ ફુલેકા માધવરાય મંદિરેથી શ્રીકૃષ્ણ કૃષ્ણ પ્રભુને રથમાં બેસી હશે નગરચર્યા શહેરોના રાજમાર્ગો પરથી નીકળીને બ્રહ્મકુંડે પહોંચશે તારીખ ૯ ના લગ્ન ઉત્સવ અને તારીખ ૧૦ ના યુગલ સ્વરૂપ નિજ મંદિરે જવા નીકળશે



### ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્ન વિવાહની ઉજવણીની તડામાર તૈયારીઓ: પાંચ દિવસ મેળામાં જન મેદની ઉમટશે



## પ્રથમ પ્રેમ ભક્તિ પત્ર જે માધવપુર ઘેડના મેળાના ઈતિહાસનો નિમિત બન્યો

ભારત વર્ષનો એ પ્રથમ પ્રેમ ભક્તિ પત્ર કે જે ગુજરાતમાં માધવપુર ઘેડના મેળાના ઈતિહાસનો નિમિત છે. ભારતના ઉત્તર પૂર્વ પ્રદેશમાંથી રાજકુમારી રુકમણી પશ્ચિમ કાંઠે દ્વારકાના શ્રીકૃષ્ણને પત્ર લખે છે. પુરાણો કથાઓમાં રહેલો આ પત્ર માધવપુર મેળા ના સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રસ્તુત થાય છે . સૌરાષ્ટ્રના ગામડાઓમાં કીર્તનમાં ‘‘રુકમણી પત્ર લખે દ્વારકા રે ..હું નહિ રે પરણું શિશુપાલને રે..ગીત ગવાય છે. પરંતુ તેમની કેટલીક મહત્વની હકીકતો પોરબંદર સ્થિત જાણીતા સિનિયર ઈતિહાસવિદ નરોતમ પલાણે જણાવી જે અત્રે પ્રસ્તુત છે.

પોરબંદર જિલ્લામાં અરબી સમુદ્રના કિનારે આવેલ માધવપુર ઘેડ ખાતે ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્ન વિવાહની ઉજવણીની તડામાર તૈયારીઓ થઈ રહી છે.

નરોતમ પલાણ કહે છે કે પૌરાણિક ઈતિહાસ અને કથાઓ મુજબ કહેવાય છે કે હિન્દુ સનાતનમાં ભારત વર્ષમાં પ્રથમ વખત પ્રેમ સમર્પણ પત્ર વિદર્ભની રાજકુમારીએ દ્વારકા સ્થિત ભગવાન શ્રીકૃષ્ણને લખ્યો હતો, આ પ્રેમ પત્રથી જ ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના વિવાહનો પ્રસંગ હજારો વર્ષ બાદ આજે પણ આપણે સૌ ઉજવી રહ્યા છે. આ પત્ર પુરાણમાં છે.પૌરાણિક ઈતિહાસ મુજબ પાંચ હજાર વર્ષ પહેલા મથુરામાં જન્મેલા ભગવાન શ્રીકૃષ્ણનો ઉછેર ગોકુળમાં થયો હતો, અને ત્યારબાદ તેઓ સાંદિપની આશ્રમમાં ભણવા માટે ગયા હતા. ફરી ગોકુળ મથુરામાં આવ્યા બાદ ૩૨ વર્ષની ઉંમરે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકા નગરીમાં આવી પહોંચ્યા હતા.૩૨ વર્ષની ઉંમરે ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે દ્વારકા સ્થિત હતા, તે સમય દરમિયાન વિદર્ભની રાજ કુમારી ભગવાન શ્રીકૃષ્ણને પ્રેમપત્ર લખે છે. અને વિદર્ભની રાજકુમારી રુક્ષ્મણી આ પ્રેમ પત્રમાં તેમની અસહમતીથી તેમના ભાઈ રુકમી શીશુપાલ નામના રાજકુમાર સાથે તેમના લગ્ન નક્કી કરી લીધા હોવાનો ઉલ્લેખ કરે છે. વિદર્ભમાં તેમના રીતિ રિવાજ મુજબ કુવારી કન્યા લગ્નના ફેરા ફરતા પહેલા તેમના ગામમાં વગડામાં આવેલ માતાજીના મંદિરે દર્શન કરવા માટે જાય છે, ત્યારે તેમનું ત્યાંથી હરણ કરવા ભગવાનને ચોખ્ખું નિમંત્રણ આપે છે.

ભગવાન શ્રીકૃષ્ણ આ પ્રેમપત્ર વાંચ્યા બાદ તેમના સારથી દારૂકને તૈયાર કરે છે. ઘોડાઓ સાથેના રથમાં બિરાજમાન થઈ પહોંચે છે, વિદર્ભની રાજ કુમારીએ જણાવેલ ચોક્કસ સ્થળેથી ભગવાન ત્યાં આવી પહોંચતા તેમની સાથે રથમાં બેસી દ્વારકા આવવા દોટ મૂકે છે. કથાઓ ની માન્યતા મુજબ રુક્ષ્મણી પોતે રાજકુવરી હોય અને બાણવિદ્યા તથા ઘોડેશ્વવારી જાણતા હોવાથી પોતે જ પવનગતિએ દ્વારકા તરફ તેમનો રથ ચલાવે છે. શ્રી કૃષ્ણની પાછળ વિદર્ભમાં ભગવાન કૃષ્ણના ભાઈ બલરામ પણ તેમની સેના સાથે જાય છે. ભગવાન શ્રી કૃષ્ણ રુક્ષ્મણી ના ભાઈ રુક્મી ને હરાવે છે.ભગવાન શ્રીકૃષ્ણ સવાર પડતા માધવપુર ઘેડમાં તેઓ ઉતરે છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણ - રુક્ષ્મણીજીના વિવાહનો પ્રસંગ યોજાય છે.







રાજ્ય અરુણાચલ પ્રદેશના રાણી રુકમણીના વિવાહ થયા હતા. જેના સ્મરણરૂપે અહીં દર વર્ષે માધવપુર ખાતે મેળો યોજાય છે. આ મેળો પૂર્વ ભારત અને પશ્ચિમ ભારતની સાંસ્કૃતિક કડી સમાન છે.

આ વર્ષે પણ ૬ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમિયાન મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મેળામાં ભાગ લેવા સંખ્યાબંધ કલાકારો માધવપુર પહોંચી રહ્યા છે. એટલું જ નહીં, ગુજરાતના વિવિધ શહેરોમાં તેમના પર્ફોર્મન્સ પણ યોજાઈ રહ્યા છે.

પોરબંદર જિલ્લા વહીવટીતંત્રએ પણ આ આયોજનને સફળ બનાવવા માટે પૂરજોશમાં તૈયારીઓ કરી છે.

ગુજરાત રાજ્યના યવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ અને ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત માધવપુર મેળો સાંસ્કૃતિક સેતુ તરીકે કામ કરે છે.

આ મેળો ગુજરાત અને ઉત્તરપૂર્વ ભારત વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. મેળાનો મુળ ઉદ્દેશ્ય દેશની સમૃદ્ધ કળા વારસાનો આદાન-પ્રદાનનો પણ છે.

## ૧૦૦ કલાકનો એજન્ડા : કેકેવી હોલ નજીકથી વીજ ચોરી પકડી રૂ.૩ લાખનો દંડ ફટકારાયો

### ચાર વીજ જોડાણ કાપી નખાયા : માલવિયાનગર પોલીસની પીજીવીસીએલ તંત્ર સાથેની સંયુક્ત કાર્યવાહી

**અબતક, રાજકોટ**

ડીજીપી દ્વારા ૧૦૦ કલાકનો એજન્ડા જાહેર કરવામાં આવ્યો હતો. જેના પગલે અસામાજિક તત્વો વિરુદ્ધ કાર્યવાહીના ભાગરૂપે માલવિયાનગર પોલીસની ટીમે પીજીવીસીએલ તંત્રની સાથે સંકલન કરી ચાર વીજ જોડાણ કાપી નાખ્યા હતા જયારે છ સ્થળોએ વીજચોરી થતી પકડી લઈ રૂ. ૩ લાખનો દંડ ફાટકરવામાં આવ્યો હતો.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા વારંવાર ગુના આચરતા ગુનેગારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હોય જેના પગલે શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડી.સી.પી જગદીશ બંગરવા, એસીપી બી જે ચૌધરીના માર્ગદર્શન હેઠળ અવારનવાર પ્રોહીબિશનના ગુના આચરતા શખ્સોના ઘરે વીજ કનેક્શન બાબતે તપાસ કરાવવા



પીજીવીસીએલની ટીમને જાણ કરી માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે આર દેસાઈ, સર્વેલન્સ પીએસઆઈ પી વી ડોડીયા તથા સર્વેન્સ સ્ટાફના કર્મચારીઓની ટીમો બનાવી પીજીવીસીએલ કચેરી લક્ષ્મીનગર સબ ડિવિઝનના નાયબ ઈજનેર એ એમ વાઘેલા, જુનિયર ઈજનેર કે જે રૂપાપરા, લાઈન ઈન્સ્પેક્ટર એન એન સિંધવ તેમજ ઈલેક્ટ્રીક આસિસ્ટન્ટ કે ડી પરમારની ટીમની સાથે રહી ગઈકાલે માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેકેવી હોલ પાછળ મફતિયાપરામાં અવારનવાર ગુના આચરતા ૧૦ શખ્સોના મકાનના વીજ કનેક્શન ચેક કરાવતા ચાર જગ્યાએ વીજ જોડાણમાં ગેરરીતિ સામે આવતા વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા. ઉપરાંત છ સ્થળોએ વીચ ચોરી સામે આવતા પીજીવીસીએલ ટીમ દ્વારા ત્રણ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

## પુજા હોબી સેન્ટરના વાર્ષિકોત્સવમાં એક થી એક ચડિયાતી કૃતિઓ રજુ કરતા ભુલકાઓ

### મેયર નયનાબેન પેઢડિયા અને ધારાસભ્ય ડો.દર્શિતા શાહે અદભુત પરફોર્મન્સને બિરદાવી બેસ્ટ દાદા-દાદી, માતા-પિતા તેમજ બેસ્ટ ટીચર્સનું સન્માન

**અબતક, રાજકોટ**

પુજા હોબી સેન્ટર અને પોદાર પ્રેપ અક્ષર માર્ગ દ્વારા ૩૪માં વાર્ષિકોત્સવ હેમુ ગઢવી હોલ ખાતે ઉજવવામાં આવ્યો તે અંતર્ગત જેમાં બાળકોએ કલર ફૂલ તથા વિવિધ જાતના ડ્રેસીંગ કરી ૨ વર્ષથી ૧૪ વર્ષના ૩૫૦ થી વધારે બાળકોનું અદભુત પ્રદર્શન કયુ હતું.

એક એકથી ચડિયાતી ફિલ્મી, વેસ્ટર્ન, કલાસીકલ, હીપહોપ, કન્ટેમ્પરરી, સોલો, ડયુએટ, ગ્રુપ સ્કેટીંગ ડાન્સ, કઠપુતલી ડાન્સ જેવી અનેક કૃતિઓ બાળકોએ સ્ટેજ પર રજુ કરી ત્યારે હાજર દર્શકો તથા વાલીઓએ દરેક કૃતિને ભવ્ય તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.ગુજરાતમાં સૌ પ્રથમવાર હાવર બોર્ડ ઉપર ડયુએટ ડાન્સ રાહી નાગવેકર તથા ફલક પારેખે




રજુ કરી અદભુત પ્રતિસાદ મેળવ્યો હતો.આ ઉપરાંત નાના બાળકોની મેરી માં, લવ યુ પપ્પા, મૈયા યશોદા, આલુ કા ચાલુ, સ્કેટિંગ ડાન્સ વંદે માતરમ એક્રોબેટીકસ, સ્વેગ સ્કવોડ, જોકર તથા રંગભીની રાધા, સ્કુલ ચલે હમ, રજુ કરીને મહેમાનો દર્શકો તથા વાલીઓને આચાર્યચકિત કરી દીધા હતા.

પ્રોગ્રામનું છેલ્લુ ગીત ફેમીલી સોંગ બાળકોએ દાદા દાદી, નાના નાની તથા માતા-પિતાનો આભાર વ્યકત કર્યો હતો.

આ તબકકે મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ ડો. દર્શિતાબેન શાહ સંસ્થાની પ્રવૃતિને બિરદાવી હતી. તથા નાના નાના બાળકોના અદભુત પર્ફોમન્સને બિરદાવી માતા પિતાને પણ પ્રોત્સાહિત કર્યા હતા.

પુજા હોબી સેન્ટર અને પોદાર પ્રેય છેલ્લા ૩૪ વર્ષથી બાળકોમાં રહેલી આંતરીક શકિતને બહાર લાવવાના તમામ પ્રયત્નો કરી આજે વટ વૃક્ષ સમાન આ સંસ્થા નેશનલ તથા ઈન્ટરનેશનલ લેવલે પ્રખ્યાત છે.

# ઈન્ડીયન સ્ટીલ કોર્પોરેશનના આસી. મેનેજરનું અકસ્માતમાં મોત થતા ૧.૮૫ કરોડનુ વળતર ચૂકવવા હુકમ

## અમદાવાદ પાસે ઈનોવા સાથે ગાય અથડાતા ઈન્ડિયન સ્ટીલ કોર્પોરેશનના આસિસ્ટન્ટ જનરલ મેનેજરનું મોત નીપજ્યું 'તુ

**અબતક, રાજકોટ**

અમદાવાદ પાસે ઈનોવા કારના અકસ્માતમાં ઈન્ડિયન સ્ટીલ કોર્પોરેશનના આસિસ્ટન્ટ જનરલ મેનેજરનું મૃત્યુના સાડા પાંચ વર્ષ પહેલાંના કેસમાં રાજકોટ મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ દ્વારા વ્યાજ સહિત ૧.૮૫ કરોડના વળતરનો વીમા કંપનીને હુકમ કરવામાં આવ્યો છે.

આ અંગેની હકીકત મુજબ, તા. ૧૮/ ૦૭/ ૨૦૧૯ ના રોજ ઈન્ડિયન સ્ટીલ કોર્પોરેશન કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર મનોજકુમાર મોહનલાલ અગ્રવાલ ઈનોવા કાર નં. જી.જે./ ૧૨/ બીએફ/૨૪૩૩ માં બેસીને ધ્રાંગધ્રાથી જતાં હતા, અમદાવાદ પહોંચ્યા ત્યારે ઓચિંતા રોડ પર ગાય આવતા ઈનોવા કારના ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા ઈનોવા કાર ગાય સાથે અથડાઈ ફેંકાઈને ડિવાઈડરના સામેના રોડ પર ટ્રક ટ્રેલર નં. આર.જે./ ૫૨.જીએ/ ૩૫૧૭ સાથે અથડાતા ગંભીર પ્રકારના અકસ્માત અકસ્માતમાં મનોજકુમાર અગ્રવાલનું મૃત્યુ થયું હતું. બાદ મૃત્યુ પામનારના વારસ પત્ની રીનાબેન અગ્રવાલ (રહે. ગાઝિયાબાદ યુપી) અને અન્ય વારસોએ રાજકોટ ક્લેઈમ ટ્રિબ્યુનલમાં અકસ્માત મૃત્યુનું વળતર મેળવવા પોતાના વકીલ રાજેશ આર. મહેતા તથા રુદ્ર એ. ભટ્ટ મારફત ક્લેઈમ કેસ કરેલ હતો. જે કેસ ચાલી જતા અરજદાર પક્ષે વિવિધ પુરાવાઓ રજૂ કરેલ અને સાક્ષીઓની જુબાની લીધેલ તથા તેમજ કેસ વિરુધ્ધમાં વીમા કંપની તથા ઈનોવા કાર માલિકની કંપની એ.એમ.એન.એસ. ગાંધીધામ લી. દ્વારા વળતર ચૂકવવા સામે વાંધાઓ લીધેલ કે ગુજરનાર ને ગ્રૂપ ઈન્સ્યોરન્સ પોલિસી (જી.પી.એ.) અંતરગત અલગથી ૩૦ લાખ રૂપિયા મળી ગયેલ હોય તેથી હવે ગુજરનાર અન્ય કોઈ રકમ મેળવવા હકદાર થતાં નથી, અન્યથા જે રકમ મંજૂર થાય તેમાંથી જી.પી.એ.ની રકમ ૩૦ લાખ બાદ કરવા તથા માલીક દ્વારા આઈ.એમ.ટી. ૨૯ અંતર્ગત પ્રિમિયમ ભરેલ ન હોય તેવા અલગ અલગ બચાવ લઈ અને વળતર ન ચૂકવવા દલીલો કરી હતી. પરંતુ ટ્રિબ્યુનલ દ્વારા અરજદાર પક્ષે રજૂ રાખેલ મૌખિક પુરાવાઓ, દસ્તાવેજી પુરાવાઓ તથા રજૂ રાખેલ ઉચ્ચ તથા સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાઓને ધ્યાને લઈ રાજકોટ ક્લેઈમ ટ્રિબ્યુનલના જજશ્રી વી.કે.ભટ્ટે બંનેના બચાવો અમાન્ય રાખી વીમા કંપનીએ દ્વારા વ્યાજ સહિત રકમ રૂ. ૧.૮૫ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. આ કેસ માં ગુજરનારના વારસો વતી સિનિયર એડવોકેટ રાજેશ આર. મહેતા, રુદ્ર.એ.ભટ્ટ તથા મદદનીશ સારંગ ભટ્ટી રોકાયા હતા.

# ઘરેલુ હિંસાના કેસમાં પતિ અને દાદાજી સાસુનો નિર્દોષ છુટકારો

## માત્ર એક દોઢ માસના લગ્નજીવનમાં પતિના આડા સંબંધોને કારણે ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકી 'તી

**અબતક, રાજકોટ**

માત્ર એક દોઢ માસના લગ્નજીવનમાં પતિના અન્ય સ્ત્રી સાથે આડા સંબંધોને કારણે દુઃખ ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકવાના ગત વર્ષના કેસમાં અદાલતે પતિ તથા ૭૫ વર્ષના દાદીજી સાસુનો નિર્દોષ છુટકારો ફરમાવ્યો છે.

આ અંગેની હકીકત મુજબ, ઉપલેટાના કોલકી ગામની મુળ રહેવાસી પરિણીતાએ મુળ ધણફુલીયા (જુનાગઢ)ના હાલ રાજકોટ રહેતા સાવન છગનભાઈ કરડાણી સાથે સને ૨૦૨૨માં લગ્ન કરેલ હતાં. પતિના માતા-પિતા ન હોય જેથી તેમના વૃધ્ધ દાદી શાંતાબેન પ્રભુદાસ કરડાણી સાથે રાજકોટ મુકામે રહેતાં હતા. માત્ર એકથી સવા મહિનાના લગ્નજીવનમાં પરિણીતાએ તેમના પતિને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધો હોવાની તથા પતિ અને વયોવૃધ્ધ દાદી-સાસુ શારીરીક અને માનસીક ત્રાસ આપતાં હોવાની અને ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકેલ હોવાની સને ૨૦૨૪માં ઉપલેટા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. આ અંગેનો પતિ તથા વૃધ્ધ દાદી-સાસુ વિરૂધ્ધનો કેસ ઉપલેટા કોર્ટમાં ચાલવા દરમિયાન સામાવાળાના વકીલ દ્વારા ફરીયાદી તેમજ સાક્ષીઓની લંબાણ પુર્વકની જુબાનીઓ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલ. તેમજ ફરિયાદી પરિણીતાની ઉલટતપાસ દરમ્યાન ખુબજ મોટો વિરોધાભાસ સામે આવતા ફરિયાદનું ખંડન થતું હોવાના મતલબની રજૂઆતો ધ્યાને લઈ ઉપલેટા કોર્ટના જજે આરોપી પતિ તથા અંદાજીત ૭૫ વર્ષના વૃધ્ધ દાદી-સાસુને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં પતિ સાસરીયા તરફે રાજકોટના યુવા એડવોકેટ ડેનીષ એ. સીણોજીયા, ઉપલેટાના વિરલ એસ. કાલાવડીયા, નીરવ શુકલ તથા ગૌરવ જોષી રોકાયા હતા.

# ભાડેથી કાર મેળવી બારોબાર વેચાણ કરનાર 'મહા ઠગ' પાસાના પિંજરે પુરાયો

## તાલુકા, ભક્તિનગર, ગાંધીગ્રામ અને બી ડિવિઝન પોલીસ મથકના ચોપડે છેતરપિંડીના ગુનામાં ચડી ચુકેલો કાનજી કોટડીયાને અમદાવાદ જેલમાં ધકેલ્યો

**અબતક, રાજકોટ**

શહેર પોલીસ કમિશનરે સપાટો બોલાવી મહાઠગને પાસા તળે જેલ હવાલે કર્યો છે.જેમાં શહેરમાં ૫૦થી વધારે કાર ભાડેથી મેળવી બારોબાર વેચાણ કરનાર કાનજી આકાશ કોટડીયા નામના શખ્સ સામે પોલીસ કમિશનરે પાસાનુ શસ્ત્ર ઉગામી અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં આર્થિક ગુનાઓ અટકાવવા પોલીસ કમિશનર બ્રજેશ ઝા એ આપેલી સૂચનાને પગલે પીસીબી શાખા દ્વારા તાલુકા, ભકિતનગર, ગાંધીગ્રામ અને બી ડિવિઝન પોલીસ મથકના ચોપડે છેતરપિંડીથી શહેરમાં ૫૦થી વધારે કાર ભાડેથી મેળવી અને બારોબાર વેચાણ કરનાર અને કોઠારીયા ગામે રહેતો કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે આખી ગોગન કોટડીયા નામના શખ્સ સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી જે દરખાસ્ત પર પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ મંજૂરીની મહોર મારતા ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફ દ્વારા વોરંટ ની બજવણી કરતા કાનજી આકાશ કોટડીયા ની અટકાયત કરી અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એ મારા ગોંડલીયા એમ.એલ ડામોર સીએચ જાદવ પી એસ આઈ વી ડી ડોડીયા એ.એસ.આઈ ચેતનભાઈ ચાવડા, ભરતભાઈ વનાળી, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ ચૌહાણ, અને ગિરિરાજસિંહ જાડેજા તેમજ પીસીબી શાખાના એ.એસ.આઈ રાજુભાઈ અને એડ કોન્સ્ટેબલ ઈન્દ્રજીત સિસોદિયા સહિતના સ્ટાફ દ્વારા કામગીરી બચાવવામાં આવી હતીચેતનસિંહ ગોહિલ

# રવિ પ્રભાત ન્યુઝના માલિક રવિ પરસાણાને સહકારી કર્મચારીને બદનક્ષી કરવા બદલ અદાલતમાં હાજર થવા ફરમાન

## સંજયભાઈના બદનક્ષી લખાણ અને ફોટોગ્રાફ એડીટ કરી ડીજીટલ પ્રકાશીત કરી તેમના વકીલ પત્ની વિરૂધ્ધ ભ્રષ્ટાચારના મનઘડત આક્ષેપો કર્યા

**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લા આરોગ્ય પરીવાર કલ્યાણ વિભાગ અંતર્ગત પ્રોજેકટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ માં મદદનીશ વિધુત તરીકે ફરજ બજાવતા સંજયભાઈ સબાપરા સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કરી બદનક્ષી કરવા બદલ રવિ પ્રભાત ન્યુઝના ઓનર રવી પરસાણા તથા આર.ટી.આઈ. એકટીવીસ્ટ દીલીપ વાગડીયા સામે બદનક્ષીની ફરીયાદ તથા માનહાની બદલ સીવીલ કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવતા મીડીયા જગતમાં ખળભળાટ મચી ગયો છે.

વધુ વિગત મુજબ રાજકોટ જીલ્લા માં તત્કાલીન સમયે આરોગ્ય પરીવાર કલ્યાણ વિભાગ અંતર્ગત પ્રોજેકટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ માં મદદનીશ વિધુત તરીકે ફરજ બજાવતા સંજયભાઈ જગદીશભાઈ સબાપરા અને તેમના પત્ની વકીલાતનો વ્યવસાય કરતા હોય તેમના વિરૂધ્ધ રવી પ્રભાત ન્યુઝના સોશીયલ મીડીયા પ્લેટફોર્મ પર ડીજીટલ મીડીયામાં પ્રકાશીત થતા અંકોમાં બદનક્ષી લખાણ અને ખોટા ફોટોગ્રાફ એડીટ કરી રવિ પ્રભાત ન્યુઝના ડીજીટલ અંકોમાં પ્રકાશીત કરવામાં આવેલ તેમજ સંજયભાઈ સબાપરા ના પત્ની જેઓ વકીલાતનો વ્યવસાય કરતા હોય તેમના વિરૂધ્ધ ભ્રષ્ટાચારના મનઘડત આક્ષેપો કરવામાં આવેલા આથી સંજયભાઈ સબાપરાએ એડવોકેટ રઘુવીર બસીયા મારફત રવી પ્રભાત ન્યુઝના જવાબદાર રવી પરસાણા તથા આર.ટી.આઈ. એકટીવીસ્ટ દીલીપ વાગડીયાને લીગલ નોટીસ પાઠવેલી બાદ ફરીયાદી દ્વારા સીવીલ કોર્ટમા માનહાનીનો દાવો કરવામાં આવેલ અને ચીફ જયુડી.મેજી. કોર્ટમાં ફરીયાદીએ પોતાની બદનક્ષી કરવા બદલ ઉપરોકત બને વ્યકિત વિરૂધ્ધ બદનક્ષીની ફરીયાદ દાખલ કરેલી છે.અદાલત દ્વારા રવી પ્રભાત ન્યુઝના જવાબદાર રવી પરસાણા અને આર.ટી.આઈ.એકટીવીસ્ટને અદાલત સમક્ષ હાજર રહેવા ફરમાન કરવામાં આવેલ છે.આ કેસમાં ફરીયાદી સંજયભાઈ જગદીશભાઈ સબાપરા વતી એડવોકેટ રઘુવીર બસીયા રોકાયેલ હતા.

# આર.એમ.સી સ્પોર્ટસ સ્ટેડિયમના સિક્યુરિટી ગાર્ડનું હાર્ટએટેકથી મોત

## પિતા ફોન ઉપડતા ન હોય તો નોકરીના સ્થળે પહોંચેલા મૃતદેહ મળ્યો : કાચ તોડીને મૃતદેહ બહાર કાઢી પી.એમ અર્થે ખસેડાયો

**અબતક, રાજકોટ**

શહેરના મવડીમાં રામધણ આશ્રમ પાસે આર.એમ.સી સ્પોર્ટ સ્ટેડિયમમાં રાત્રિના ઓફિસ બંધ કરી સૂતેલા સિક્યુરિટી મેન ફોન રિસીવ ન કરતાં હોય તો રૂબરૂ સ્થળ પર પહોંચેલા પુત્રને બેભાન અવસ્થામાં પિતાનો મૃતદેહ મળી આવતા અરેરાટી મચી જવા પામી હતી. પ્રાપ્ત વિગતો મુજબ સ્વામીનારાયણ ચોક પાસે નવલનગરમાં રહેતા મવડીમાં રામધણ આશ્રમ પાસે આર.એમ.સી સ્પોર્ટ સ્ટેડિયમમાં સિક્યુરિટી ગાર્ડની નોકરી કરતાં કિશોરભાઈ નારણભાઈ ડાભી ઉ.વ ૫૯ એ રાત્રિના ફરજ દરમિયાન ઓફિસ બંધ કરી સૂઈ ગયા હતા. વહેલી સવારે પુત્ર મનીષે ફોન કરતાં પિતા ફોન ઉપડતાં ન હોય તો રૂબરૂ સ્થળ પર દોડી ગયા હતો.ત્યાં ઓફિસ ખખડાવવા છતાં પિતા જાગતા ન હોય અને કઈ અજુગતું બન્યાની શંકાએ અન્ય લોકોને જાણ કરી કાચના દરવાજા તોડીને પ્રોઢને બહાર કાઢ્યા હતા.સ્થળ પર પહોંચેલી ૧૦૮ ની ટીમે પ્રોઢનું હાર્ટએટેકથી મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું.મૃતક પ્રોઢને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે અને ૩ ભાઈમાં સૌથી નાના હતા.

# વડીલોએ વહેંચેલી મિલકતમાં તકરાર ઉભી કરવાની અરજી રદ કરતા નાયબ કલેકટર

## ડાળીયા ગામે મિલકતવર્ષ ખરીદ કર્યાના ૬૩ વર્ષ બાદ મિલકત વેચનાર હારિતસિંહજીના વારસ અનિરૂધ્ધસિંહ દ્વારા વાંધો લેવામાં

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના ડાળીયા ગામે વર્ષો પહેલા બાપદાદાએ વેંચી નાખેલી મિલ્કતો સંબંધે મૂળ વેચનારના વારસો દ્વારા વાંધા તકરારો ઉપસ્થિત કરી મિલ્કતના ટાઈટલને તકરારી બનાવી ગામના હક્કપત્રકે થયેલી નોંધ રદ કરવાની અરજી નાયબ કલેકટર દ્વારા નામંજુર કરવામાં આવી છે.

અંગેની હકીકત મુજબ, ગોંડલ તાલુકાના ડાળીયા ગામે આવેલી આ મિલકતવર્ષ ૧૯૬૩માં રવજી માવજી પટેલે ખરીદ કર્યાના ૬૩ વર્ષ બાદ મિલ્કત વેચનાર હારિતસિંહજીના વારસ અનિરૂધ્ધસિંહ દ્વારા વાંધો લેવામાં આવ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે તેમના પિતાશ્રીએ કયારેય પણ આ મિલ્કત વેચાણ આપેલ નથી અને આ મિલ્કત તેમના હિન્દુ સંયુક્ત કુટુંબની અને કબજા ભોગવટાની આવેલી છે તેમ જણાવી નોંધ રદ કરવા રજૂઆત કરી હતી.જે સામે આ મિલ્કતના માલીક કબજેદાર અને ખાતેદાર જેન્તીભાઈ રવજીભાઈ ધવા વિગેરે-૬ માલીકો વતી રાજકોટના ધારાશાસ્ત્રી અર્જુન પટેલ દ્વારા કાયદાના મુદા ઉપર એવી દલીલ કરવામાં આવી હતી કે, આ મિલ્કત વેચાણ થયાને અને તે નોંધ પ્રમાણીત થયાને ૬૩ વર્ષ બાદ આવા ખોટા વાંધા ઉપસ્થિત કરી શકાય નહીં. તેમજ અગાઉની નોંધોને ચેલેન્જ કરવામાં આવેલ ન હોય, પાછળની નોંધને ક્યારેય પણ ચેલેન્જ કરી શકાય નહીં. તેમજ આ નોંધ નં. ૪૧૦૭ કે જે સાત સંયુક્ત માલીકોના નામે ચાલી આવતી હતી તેની વહેંચણીની નોંધ છે.

જે ચેલેન્જ કરવા કે આ નોંધની સામે વાંધા લેવા વાંધેદાર અનિરૂદધસિંહ હારિતસિંહ જાડેજાને કોઈ અધિકાર કે સત્તા નથી કારણ કે આ નોંધના સંદર્ભમાં તેઓ ત્રાહિત પક્ષકાર છે અને તેમનું આ મિલ્કતમાં કોઈ હિત નથી.

જે બંને પક્ષની રજૂઆતો દલીલો બાદ ગોંડલ નાયબ કલેકટર રાહુલ ગમારાએ લંબાણ પુર્વકના ચુકાદામાં ટકોર કરતાં જણાવેલ છે કે રજૂ રાખેલ દસ્તાવેજ જોતાં તે વેચાણ દસ્તાવેજ છે અને તેમાં ખરીદનાર તરીકે રવજી માવજી તથા વેચનાર તરીકે જાડેજા હારિતસિંહ ગુજરાજસિંહ લખાયેલ છે. આમ આ નોંધ નં. ૧૯૮ જે દાખલ થયેલ છે તે નોંધ વેચાણ ફેરફાર અંગેની હોવાનું પ્રથમ દ્રષ્ટીએ ફલીત થાય છે. સઘળી હકીક્ત ધ્યાને લેતાં વાદગ્રસ્ત જમીન હાલના સામાવાળા જેન્તીભાઈ રવજીભાઈ ધવા વિગેરે ૭ સંયુક્ત રીતે ધરાવે છે અને આ નોંધ મુજબ જમીનની વહેંચણી કરવામાં આવેલ છે. હિત ધરાવતા પક્ષકારો તરફથી કોઈ વાંધો ઉપસ્થિત થયેલ નથી. ત્યારે ત્રાહિત પક્ષકાર અનિરૂદ્ધસિંહ જાડેજા દ્વારા જે વાંધા ઉપસ્થિત કરવામાં આવેલ છે તે ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતા નથી, તેમ ઠરાવી આ નોંધ નં. ૪૧૦૭ પ્રમાણીત કરવાનો હુકમ કરેલ છે. આ કેસમાં સામાવાળાઓ વતી એડવોકેટ તરીકે રાજકોટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા અને આકાંક્ષા એચ. રાજદેવ રોકાયા હતા.

# હોર્ન ઓકે હોટલ નજીક કારમાંથી દેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ

**અબતક, રાજકોટ**

રાજકોટ અમદાવાદ ધોરી માર્ગ પર આવેલ હોર્ન ઓકે હોટલ પાસે ચોટીલા તરફથી આવતી સ્કોડા કારમાંથી રૂપિયા ૩૦,૦૦૦ ની કિંમતની ૧૫૦ લીટર દેશી દારૂ સાથે કલ્પેશ સભાડ અને રણજીત ખાચર નામના શખ્સને પીસીબી એ ઝડપી લઈ કાર અને દેશી દારૂ મળી ૩.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.



વધુ વિગત મુજબ શહેરમાં વિદેશી -દેશી દારૂ ના દૂષણને દામી દેવા પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ આપેલી સૂચનાને પગલે પીસીબી નાઈન ચાર્જ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા કુવાડવા રોડ પર પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યો હતો ત્યારે ન્યુ થોરાળા મેન રોડ લાખાજી રાજ ઉદ્યોગ નગરમાં રહેતો કલ્પેશ રાજુ સભાડ અને નવાગામ પટેલ વિહાર ની પાછળ ગણેશ નગર મારે તો રણજીત સામતભાઈ ખાચર નામના શ્લોક્સ જીજે ૩ એફડી ૪૩ ૮૬ નંબરની કારમાં ચોટીલા તરફથી વિદેશી દારૂ ભરીને આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે હોર્ન ઓકે હોટલ નજીક વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબરની આવતી કારને અટકાવી તલાસી લેતા એમાંથી રૂપિયા ૩૦,૦૦૦ ની કિંમત ના ૧૫૦ લીટર દેશી દારૂ સાથે કલ્પેશ સભાડ અને રણજીત ખાચરની ધરપકડ કરી દારૂ અને કાર મળી ૩.૩૦ લાખના મુદ્દામાલ કબજે કરે ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે

# કેવલમ રેસીડેન્સી નજીક આવાસ ક્વાર્ટરમાં પરિણીતાનો સુસાઈડ નોટ લખી આપઘાત

## ૧૩ વર્ષ પૂર્વે નિકાહ કરનાર રફીક ભાણુંએ તરછોડી દેતા ૩૨ વર્ષીય રૂકસાનાબેને મોત વ્હાલું કર્યું

### પતિ વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણનો ગુનો નોંધાયોઃ યુનિવર્સીટી પોલીસે પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા

**અબતક, રાજકોટ**

શહેરના ગાયકવાડી વિસ્તારમાં રહેતી મહિલા એક દિવસ પૂર્વે ગુમ થયા બાદ યુનિવર્સિટી રોડ પર કેવલમ રેસિડેન્સી નજીક આવેલ આવાસ ક્વાર્ટરમાં પતિના ઘરે બે પાનાની સ્યુસાઈડ નોટ લખ્યા બાદ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા મુસ્લિમ પરિવારમાં શોક છવાયો છે.યુનિવર્સિટી પોલીસે ઘટના સ્થળે દોડી જઈને મૃતદેહને પી.એમ અર્થે ખસેડ્યો છે. જ્યારે મૃતકે આપઘાત પૂર્વે બનાવેલો વિડીયો અને સ્યુસાઈડ નોટમાં ૧૩ વર્ષ પૂર્વે નિકાહ કર્યા બાદ તરછોડીને નાસી ગયેલા રફીક ભાણુંનો ઉલ્લેખ કરતા યુનિવર્સીટી પોલીસે આપઘાતની દુષ્પ્રેરણનો ગુનો નોંધ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાયકવાડી શેરી નંબર ૦૨ માં રહેતા અને ડ્રાઈવિંગ શીખવાડવાનું કામ કરતાં રૂકસાનાબેન ઓસમભાઈ જુણેજા ઉ.વ ૩૨ ગઈકાલે ઘરેથી ગુમ થઈ જતાં પરિવારજનોએ પ્ર.નગર પોલીસમાં ગુમશુદા નોંધ કરાવી હતી. બાદમાં પરિવારે પણ મહિલાની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન યુનિવર્સિટી પોલીસ મારફતે જાણ થઈ હતી કે કેવલ રેસીડેન્સી નજીક આવેલ આવાસ યોજનામાં આવેલ રફીક ઉતરભાઈ ભાણુંના ક્વાર્ટરમાં રૂકશાનાબેને ગળાફાંસો ખાઈ આપઘાત કરેલો છે.

આપઘાત પૂર્વે ત્રાસ આપનાર રફીક ભાણું સામે એક વિડીયો અને બે પાનની સ્યુસાઈડ નોટ લખેલી હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. મૃતક રૂકશાના બેનના સગાએ જણાવ્યું હતું કે રૂકશાના ગાયકવાડીમાં પોતાના ઘરે એક પર્સ મૂકીને ગઈ છે તેમાં સ્યુસાઈડ નોટ મળી આવી હતી.જ્યારે આ સ્યુસાઈડ નોટ મારફતે અમને જાણ થઈ છે કે, રફીક ભાણું સાથે ૧૩ વર્ષ પૂર્વે નિકાહ કરેલા છે. બંને ૧૭ વર્ષથી પ્રેમ સબંધ ધરાવતા હતા.જ્યારે મૃતદેહ પાસેથી પણ બે પાનાની સ્યુસાઈડ નોટ મળી આવી છે અને આપઘાત પૂર્વે બનાવેલો વિડીયો મળી આવ્યો છે. રૂકસાના ત્રણ બહેન અને બે ભાઈમાં ચોથા નંબરની હતી.

૧૩ વર્ષ પૂર્વે જ નિકાહ કરી લીધા બાદ ત્રાસ આપી તરછોડી દેનાર રફીક ભાણું અંગે સુસાઈડ નોટ અને વિડીયોમાં પુરાવા મળી આવતા યુનિવર્સીટી પોલીસે આપઘાતની દુષ્પ્રેરણનો ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

# જિલ્લા ગાર્ડન નજીક વિદ્યાર્થી પર છરી અને સળિયા વડે હુમલો

## મિત્ર સાથે ઝગડો કરનારને સમજાવવા જતાં ચાર શખ્સો તૂટી પડ્યા

**અબતક, રાજકોટ**

શહેરના જિલ્લા ગાર્ડન પાસે વિદ્યાર્થીને ચાર શખસોએ છરી અને લોખંડના સળિયા વડે માર મારતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. યુવાનના મિત્ર સાથે આરોપી ઝઘડો કરતો હોય તે બાબતે સમજાવતા તેનો ખાર રાખી આ હુમલો કર્યો હતો. મામલામાં ભક્તિનગર પોલીસ મથકમાં કુલ ચાર શખ્સોં વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, કોઠારીયા રોડ પર નિલકંઠ સિનેમા પાછળ મેહુલનગર શેરી નં.૧૦ માં રહેતા અર્જુન જયેશભાઈ ભટ્ટ(ઉ.વ ૨૯) નામના યુવાને ભકિતનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાહુલ રાજપુત અને ભાવિન રાજપુતના નામ આપ્યા છે.યુવાને ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તે હાલ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે.

યુવાનના મિત્ર પાર્શ્વને અમદાવાદ જવાનું હોવાથી રાત્રીના યુવાન મિત્ર સાથે ગાયત્રીનગર મેઈન રોડ પર ગાત્રાળ હોટલે બેઠો હતો.ત્યારે તેના મિત્ર યશ ઠાકર સાથે રાહુલ રાજપુત બોલાચાલી કરતો હોય જેથી યુવાને તેને સમજાવતા તે ઉશ્કેરાઈ ગયો હતો. ત્યાર બાદ યુવાન ઘરે જતો હતો ત્યારે તેને રાહુલનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તું કયાં છો જેથી યુવાને કહ્યું હતું કે, હું જિલ્લા ગાર્ડન પાસે છું તેમ કહેતા રાહુલ અને ભાવિન અહીં પહોંચ્યા હતા અને યુવાન કંઈ કહે તે પહેલા રાહુલે તેને પડખાના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો.ભાવિને લોખંડના સળિયા વડે મારમાર્યો હતો.ત્યાર બાદ બે અજાણ્યા શખસોને આવી યુવાનને ઢીકાપાટુનો મારમાર્યો હતો.જે તે સમયે યુવાન ઘરે જઈ સુઈ ગયો હતો.સવારે તેને દુઃખાવો થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યાર બાદ યુવાને આ અંગે ભકિતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# જામનગરના સુવરડા ગામ નજીક વાયુસેનાનું પ્લેન ક્રેશ: પાયલોટ શહીદ

## ફાયટર પ્લેન અગન ગોળો બનતા ખેતરમાં આગ ભભુકી: પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર ફાઈટરો દોડી ગયા

## ઘટનાની જાણ થતાં જિલ્લા કલેક્ટર અને પોલીસ વડા પણ ઘટનાસ્થળે

## પ્લેનમાંથી કૂદકો મારતા એક પાયલોટ ઈજાગ્રસ્ત : સારવાર હેઠળ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર શહેરથી ફક્ત ૧૩ કિલોમીટર દૂર આવેલ સુવરડા ગામમાં બુધવારે રાત્રિના દસેક વાગ્યાના અરસામાં વાયુસેનાનું ફાઈટર પ્લેન ક્રેશ થયું હતુ. ક્રેશ થયેલું પ્લેન આગના ગોળામાં ફેરવાયું હતું અને ખેતરોમાં આગ ભભુકી ઉઠી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડનો કાફલો દોડી ગયો હતો. જયારે જિલ્લા કલેકટર અને



પોલીએ વડા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પ્લેન ક્રેશમાં એક પાયલોટ શહીદ થઈ ગયાનું જ્યારે એક ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર હેઠળ હોવાનું સામે આવ્યુ છે. સૂકા ઘાસમાં પ્લેનનો કાટમાળ પડવાના કારણે આગ લાગી હતી. જેના કારણે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, અને એરફોર્સના અધિકારીઓ તેમજ જામનગર જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ વગેરે દોડતા થયા હતા.

સમગ્ર ઘટનાની પ્રાપ્ત વિગત અનુસાર જામનગરમાં પ્લેન ક્રેશ થવાની ઘટના બુધવારે રાત્રે દસ વાગ્યાં આસપાસ સામે આવી હતી. જામનગરના સુવરડા ગામ પાસે ફાઈટર પ્લેન ક્રેશ થતાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે જવા માટે રવાના થઈ હતી અને જિલ્લા કલેક્ટર સહિતના અધિકારીઓ પણ પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા. સુવરડા ગામ પાસે ફાઈટર પ્લેન ક્રેશ થવાના કારણે દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. જિલ્લા કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ઘટના અંગેની જાણકારી મેળવી રહ્યા હતા. તમને જણાવી દઈએ કે આ પ્લેનમાં ૨ પાયલટ સવાર હતા અને જેમાં ૧ પાયલટનું મોત થયું છે અને અન્ય ૧ પાયલટ સારવાર હેઠળ છે. ત્યારે અનેક ટુકડામાં પ્લેનનો કાટમાળ જોવા મળ્યો હતો. વાયુસેનાના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પ્લેન ક્રેશ થયું હોવાના કારણોની તપાસ શરૂ કરી હતી.

પ્લેન ક્રેશ બાદ આગ લાગવાની ઘટના બનતાં ફાયર

(અનુ. આઠમા પાને)

### પ્લેન ક્રેશ પાછળનું કારણ અકબંધ

પ્લેન ક્રેશ થવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, જે મામલે એરફોર્સના ઉચ્ચ અધિકારીઓની ટીમ દ્વારા સ્થળ પર સમગ્ર મામલાની તપાસ ચલાવવામાં આવી રહી છે. જામનગર ના જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર એસપી પ્રેમસુખ ડેલુ સહિતના અધિકારીઓએ પણ સમગ્ર મામલે ચિંતા વ્યક્ત કરી દોડધામ શરૂ કરી દીધી હતી. તેઓ તુરતજ બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને સમગ્ર રેસ્ક્યુ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

# ગુજરાતના ૩૩ જિલ્લા ૧૦ શહેરોના કોંગ્રેસ પ્રમુખની દિલ્હીમાં હાઈકમાન્ડ સાથે બેઠક

## કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી માર્ગદર્શન આપશે

**અબતક, રાજકોટ**

આગામી ૮ અને ૯ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળવાનું છે. તે પૂર્વ આજથી ત્રણ દિવસ માટે દેશના ૭૦૦ જિલ્લાના પ્રમુખો સાથે હાઈકમાન્ડ સંગઠન લક્ષી મહત્વપૂર્ણ બેઠકો યોજાશે. આજે ગુજરાતના ૩૩ જિલ્લા અને ૧૦ શહેરોના પ્રમુખની દિલ્હીમાં બેઠક યોજાશે. જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે અને લોકસભાના વિરોધ પક્ષના નેતા



રાહુલ ગાંધી માર્ગદર્શન આપશે.

કોંગ્રેસ દ્વારા સંગઠનને વધુ મજબુત બનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. સંગઠનને તાકાતવર બનાવવાની શરુઆત ગુજરાતથી કરવામાં આવશે. ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી કોંગ્રેસ સત્તાથી વિમુખ છે. ૨૦૨૭ માં યોજનારી વિધાનસભાની ચુંટણીમાં ભાજપને હરાવવા માટે અત્યારથી જ કોંગ્રેસ દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આગામી

(અનુ. આઠમા પાને)

# માધવપુરના મેળામાં ૬થી ૧૦ એપ્રિલ જામશે બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનો રંગ

## રળિયામણા દરિયાકિનારે બીચ ફૂટબોલ, બીચ કબડ્ડી, અખાડા કુસ્તી, રસ્સાખેંચ જેવી રમતો રમાશે



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલી ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ની ભાવનાને સાકાર કરતો માધવપુર ઘેડ મેળો આ વર્ષે ૬થી ૧૦ એપ્રિલ દરમ્યાન યોજાશે. દર વર્ષે રામનવમીના પવિત્ર દિવસે શરૂ થતો માધવપુર મેળો અરૂણાચલ પ્રદેશના રૂકમિણીજી અને ગુજરાતના શ્રીકૃષ્ણ વચ્ચે થયેલા લગ્નની ઉજવણી કરે છે. આ વખતે પોરબંદર ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, સોમનાથ અને

(અનુ. આઠમા પાને)

### ૬ ગેમ્સ અને ૬૦૦થી વધુ ખેલાડીઓ રમતોત્સવમાં ભાગ લેશે

ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ તેમજ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે પોરબંદર ખાતે ભવ્ય માધવપુર ઘેડ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે માધવપુર ઘેડ મેળામાં વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના ૩૫૨ પુરુષો અને ૨૭૨ મહિલાઓ મળીને કુલ ૬૨૪ ખેલાડીઓ ભાગ લેશે. માધવપુરના રળિયામણા દરિયાકિનારે ૫ અ-સાઈડ બીચ ફૂટબોલ, બીચ કબડ્ડી, અખાડા કુસ્તી, રસ્સાખેંચ, ૮૦ અને ૬૦ મીટર બીચ રન, કોકોનટ થ્રો જેવી રમતોની રંગત જામશે.

# જામનગર, ભાવનગર અને મોરબી સહિત આઠ જિલ્લાની કોર્ટમાં વકીલો માટે અલાયદી બેઠક વ્યવસ્થા

## રાજ્ય સરકાર દ્વારા રૂ.૮૨ કરોડના ખર્ચને વહિવટી મંજૂરી આપી



**અબતક, રાજકોટ**

રાજ્યના ૮ જિલ્લાની કોર્ટ પરિસરમાં વકીલો માટે અલાયદી બેઠક વ્યવસ્થા બનાવાશે. જેમાં રૂ.૮૨ કરોડની વહીવટી મંજૂરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની કુલ ૮ જિલ્લાની કોર્ટ જ્યુડીસરીની કોર્ટ પરિસરમાં વકીલોને બેસવા માટે અલાયદી બેઠક વ્યવસ્થા બનાવવામાં આવશે. આ બિલ્ડીંગના બાંધકામ માટે કુલ રૂ.૮૨ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

મંત્રીએ કહ્યું કે, ગુજરાતમાં વકીલાત કરતા વકીલોની સતત ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે. તેમના હિત માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા વકીલ મિત્રો માટે કોર્ટ પરિષદમાં એક અલાયદી બેઠક વ્યવસ્થા કરવામાં આવશે. તેમના માટે કાર્ટ પરિષદમાં જ એક અલાયદા

(અનુ. આઠમા પાને)

# નાગરિકોના કામમાં વિલંબ કરનારા અધિકારીઓ સજા માટે તૈયાર રહે!

## સરકારી કચેરીએ આવતા લોકોને હાલાકી વેઠવી ન પડે અને અરજીઓને સમયસર નિકાલ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આદેશ

**અબતક, રાજકોટ**


કોઈપણ સરકારી કામ પુરૂં કરવું એટલે અભિમન્યુની માફક યુધ્ધના સાત કોઠા વિંધવા સમાન છે. અગત્યના કામ સિવાય લોકો સરકારી કચેરીઓના પગથિયા ચડવા પણ તૈયાર નથી. સામાન્ય કામ માટે પણ ચપ્પલ સાથે પગના તળીયા ઘસાઈ જવા છતાં કામ પુરૂં થતું નથી. સરકારી કચેરીઓએ કામ સબબ આવતા લોકોને રતિભારની પણ હાલાકી વેઠવી ન પડે તે પ્રકારની વ્યવસ્થા કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કડક તાકીદ કરવામાં આવી છે. લાંબા સમય સુધી અરજીઓનો નિકાલ ન કરનાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે આકરી કાર્યવાહી કરવા પણ આદેશ આપવામાં આવ્યો છે.

આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જનહિતલક્ષી મહત્વની સૂચના આપી છે. રાજ્યની તમામ સરકારી કચેરીઓ/ સંસ્થાઓમાં આવતા લોકો, અરજદારોને કોઈપણ પ્રકારની હાલાકી ભોગવવી ન પડે તે દિશામાં કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી.

અરજદારોની અરજીનો ઝડપી નિકાલ આવે અને લાંબા સમયથી પડતર રહેતી અરજીઓની પેન્ડેન્સી ઘટે તે માટેના પ્રયાસો હાથ ધરવાની સૂચના મુખ્યમંત્રીએ કેબિનેટ બેઠકમાં આપી હોવાનું મંત્રીએ કહ્યું હતુ.

રાજ્યના જન સંપર્ક કાર્યાલય, જિલ્લા તેમજ તાલુકા પંચાયત, આરોગ્ય કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં આવતા અરજદારો કે સર્વિસ મેળવવા માટે આવતા લોકોની સમસ્યા

(અનુ. આઠમા પાને)



### રાજકોટ મહાપાલિકાના વધુ એક ‘સાગઠીયા’નો પર્દાફાશ

# ઈજનેર અજય વેગડ પાસેથી રૂ. ૭૫.૨૧ લાખની અપ્રમાણસર મિલકત મળી

## બાંધકામ શાખાના કર્મચારી પાસેથી આવક કરતા વધુ સંપત્તિ મળી આવતા એસીબીમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના તત્કાલીન આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર અને હાલ બાંધકામ શાખામાં નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ શાખા) તરીકે ફરજ બજાવતા અજય મનસુખભાઈ વેગડ સામે એસીબીએ અપ્રમાણસર મિલ્કતો અંગે ગુનો દાખલ કર્યો છે. તેની પાસેથી રૂ. ૭૫.૨૧ લાખની અપ્રમાણસર મિલ્કતો મળી આવ્યાનું એસીબીએ જાહેર કર્યું છે. રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના આરોપી તત્કાલીન મનપાના ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયા પાસેથી પણ કરોડો રૂપિયાની અપ્રમાણસર મિલ્કતો મળી આવી હતી. આજ રીતે ફાયર બ્રિગેડના અધિકારી ભીખાભાઈ ઠેબા સામે પણ અપ્રમાણસર મિલ્કતો અંગે ગુનો દાખલ થયો હતો. હવે રાજકોટ મહાનગરપાલિકાના ત્રીજા અધિકારી સામે અપ્રમાણસર મિલ્કતો અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ સર્જાયો ત્યારે



અજય વેગડ આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર તરીકે ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયાની નીચે ફરજ બજાવતાં હતા. ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ તેની બદલી કરવામાં આવી હતી. એસીબી રાજકોટ એકમના ડીવાયએસપી કે.એચ. ગોહિલે તેની અપ્રમાણસર મિલ્કતો અંગે તપાસ શરૂ કરી હતી. જે દરમિયાન તેણે પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરી, ભ્રષ્ટ રીત-રસમો અપનાવી, ભ્રષ્ટાચારથી મેળવેલા નાણાનો પોતાના તથા પરિવારના સભ્યોના નામે સ્થાવર અને જંગમ મિલ્કતોમાં રોકાણમાં કર્યાનું પ્રાથમિક દ્રષ્ટિએ ખુલ્યું હતું.

જેથી પીઆઈ પી.એ. દેકાવાડીયાએ છેલ્લા ૬ મહિનાથી તેની અપ્રમાણસર મિલ્કતો અંગે તપાસ માટે બધી બેન્કો, સંબંધિત સરકારી કચેરીઓ, આરટીઓ, સેબી વગેરે પાસેથી માહિતી મેળવવાનું શરૂ કર્યું હતું. જે માહિતી મળી ગયા બાદ એકાદ મહિના સુધી તેનું ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસેથી એનાલિસીસ કરાવ્યું હતું. આ તમામ પ્રક્રિયાના અંતે આજે રૂ. ૭૫.૨૧ લાખની અપ્રમાણસર મિલ્કતો અંગે ગુનો દાખલ કરાવ્યો હતો. જે દેખીતી આવક કરતાં ૩૮.૭૬ ટકા વધુ છે.

એસીબીએ અજય વેગડના

(અનુ. આઠમા પાને)

# “અમુલ દૂધ પીતા હૈ ઈન્ડિયા” ફક્ત ભારતમાં નહીં વૈશ્વિક બોલબાલા

## સહકારથી સમૃધ્ધ બનેલા અમૂલે ૧૧% ના વધારા સાથે રૂ.૬૫૯૧૧ કરોડનો વેપલો કર્યો

**અબતક, રાજકોટ**

અમૂલ એ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા સંચાલિત એક સહકારી ડેરી બ્રાન્ડ છે.તેની સ્થાપના ૧૯૪૬ માં કરવામાં આવી હતી અને તેનું મુખ્ય મથક આણંદ, ગુજરાતમાં છે,અમૂલ ડેરી ઉત્પાદનોની વિશાળ શ્રેણીનું ઉત્પાદન અને વેચાણ કરે છે, જેમાં દૂધ, માખણ, ચીઝ, આઈસ્ક્રીમ અને અન્ય ડેરી ઉત્પાદનોનો સમાવેશ થાય છે. અમૂલને ‘‘ભારતનો સ્વાદ‘‘ તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે તે ભારતીય ડેરી ઉદ્યોગમાં એક મુખ્ય ખેલાડી છે,ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ), જે અમૂલ બ્રાન્ડ હેઠળ ડેરી ઉત્પાદનોનું વેચાણ કરે છે, તેણે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧૧% ની વૃદ્ધિ સાથે રૂ. ૬૫,૯૧૧ કરોડની આવક નોંધાવી છે. આ વૃદ્ધિ તમામ ઉત્પાદન શ્રેણીઓમાં વેચાણ વોલ્યુમમાં વધારાને કારણે થઈ છે.અમૂલ એ માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં અને

(અનુ. આઠમા પાને)

# સૌરાષ્ટ્રના ૭૮ સહિત રાજ્યના ૧૫૭ નાયબ મામલતદારોની બદલી

## મોટાભાગના કિસ્સામાં બદલીની માંગણી કરવામાં આવી હોવાના કારણે રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે બદલીનો ઘાણવો કાઢ્યો: સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં નાયબ મામલતદાર બદલાયા

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં ૧૫૭ નાયબ મામલતદારની બદલી કરવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્રના અલગ-અલગ જિલ્લાના ૭૮ નાયબ મામલતદારનો સમાવેશ થાય છે. મોટાભાગના અધિકારીઓએ સામેથી બદલી માંગી હોવાનું જાણવા મળી રહ્યું છે. જૂનાગઢના નાયબ મામલતદાર પાયલ કોઠારી ભાવનગરના આઈ.બી.રાઠોડ, જામનગરના દેવાંગકુમાર રામાવત, ભાવનગરના એચ.એચ. સંથાલીયા, મોરબીના જગદીશ મેણીયા, જામનગરના જ્યોતિબેન પરમાર, ભાવનગરના એ.કે. કણઝારિયા, જામનગરના બલભદ્રસિંહ વાણોલ, ભાવનગરના વી.સી. મોલદીયા, બોટાદના વી.એચ.શુક્લ, જામનગર જયદીપ ડાંગર, અનિરૂધ્ધસિંહ ગોહિલ, સંજયકુમાર ફેફર, જુનાગઢના એ.ડી. ચૌહાણ, મોરબીના એમ.બી.કણજારિયા, ભાવનગરના બી.ડી.નકુમ અને ગીતાબેન મકવાણા, રાજકોટના જયશ્રીબેન બાવળીયા, સુરેન્દ્રનગરના અરૂણકુમાર યાદવ, રાજકોટના ભારતીબેન ચાવડા, અમરેલીના ડી.એસ.રાઠોડ, ગીર સોમનાથના વી.એચ. પદસુમિબિયા, ભાવનગરના એમ.જે.પટેલ, ગીર સોમનાથના રિટાબેન કોકાણી, મોરબીના એ.બી.રાઠોડ, જુનાગઢના વી.જી.પટેલ, ગીર સોમનાથ જિલ્લાના રવિ જોશી, જામનગરના હિતેશ ગઢવી, હિરેનકુમાર વ્યાસ, યુવરાજસિંહ ડોડીયા, વિજયસિંહ ગોહિલ, સુરેન્દ્રનગરના એન.એલ. ડોડીયા, જામનગરના રોનકકુમાર પાધરિયા, સુરેન્દ્રનગરના ડી.કે.સોલંકી, જુનાગઢના જે.બી. બાવળીયા, જે.એન.ચાવડા, ગીર સોમનાથના વીરાંગ વ્યાસ, પાર્થકુમાર જોશી, ગીર સોમનાથના પ્રથિક પ્રજાપતિ, જામનગરના માધવીબેન પાટડિયા, જુનાગઢના લક્ષ્મણભાઈ ધામા, રાજકોટના જે.ડી. ભાદરકા, બોટાદના જે.એ.ગોહિલ, મોરબીના કે.એમ.રોય, અમરેલીના સી.ડી.ધારાણી, જામનગરના વિશાલ કાનાણી, રાજકોટના તેજસ પરમાર, જુનાગઢના ટી.બી.દવે, જુનાગઢના રિધ્ધી સોલંકી, ગીર સોમનાથના શિલ્પા રાઠવા, મોરબીના સી.આર.પરમાર, બોટાદના આર.જે. સરવૈયા, જુનાગઢના અંકિતકુમાર ઘરસંડિયા, એમ.એમ.રાઠવી, જામનગરના મિતેશકુમાર ઠકરાર, જુનાગઢના વી.એ. ઈંગારોડિયા, રાજકોટના અલ્પેશભાઈ પાવરા, અમરેલીના એચ.એમ. કચાડ, જુનાગઢના ચતુરભાઈ ગોહિલ, ગીર સોમનાથ એસ.એસ. સાંગડા, સુરેન્દ્રનગરના મીનાક્ષીબેન પટેલ, જુનાગઢના સી.એસ. મુનીયા, અમરેલીના એમ.એમ.જાડેજા, જામનગરના ક્રિપાલસિંહ પરમાર, બોટાદના બી.ડી. ચાવડા, રાજકોટના એન.એસ. સોમૈયા, જુનાગઢના એચ.કે. કોટક, જામનગરના રમેશભાઈ પદસરિયા, બોટાદના કે.એસ. રામાનુજ, સુરેન્દ્રનગરના હર્ષદભાઈ જાદવ, ગીર સોમનાથના સાગર કુમાકિયા, રાજકોટના હિતેન્દ્રકુમાર, જામનગરના ધર્મરાજસિંહ વાળા, ગીર સોમનાથના એચ.કે. પટેલ, જામનગરના અમિતકુમાર રાખી અને સુરેન્દ્રનગરના નાયબ મામલતદાર એચ.એન. પાટડિયાની બદલી કરવામાં આવી છે.

આ ઉપરાંત રાજકોટ જિલ્લાના ૭૭ તલાટી કમ મંત્રીઓની પણ બદલી નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.એચ. ગલચર દ્વારા કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## રાજકોટ જિલ્લાના ૭૭ તલાટી કમ મંત્રીઓની પણ બદલી કરતા નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.એચ.ગળચર